સુવિચાર

ઘા અને વાહ વચ્ચે થી
જે નીકળી જાય તે જ
આ પૃથ્વી પરના રંગમંચનો
શ્રેષ્ઠ કલાકાર.

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૫-૨-૨૦૨૬, બુધવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૨૯૭

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia







# કલ્પસરનું "સપનું" સાકાર થશે તો સૌરાષ્ટ્ર માટે "કલ્પવૃક્ષ"

## સૌરાષ્ટ્રના પાણી પ્રશ્નને કાયમી ભૂતકાળ બનાવવા 'કલ્પસર' યોજના ખુબ જ મહત્વપૂર્ણ અઢી દાયકાથી ફાઈલોમાં અટવાયેલો આ પ્રોજેકટ સાકાર કરવા રાજકીય ઈચ્છા શકિતની જરૂરિયાત

**અબતક, રાજકોટ**

રાજય સરકારે 'સૌની' યોજનદા અંતર્ગત નર્મદાના નીર સૌરાષ્ટ્ર સહિત રાજયના દરેક પૂણે પહોચાડી એક ભગીરથ કાર્ય કર્યું છે તેમા શંકાને રતિભાર પણ સ્થાન નથી. પરંતુ જો 'કલ્પસર' યોજનાનું સપનું અને કલ્પના સાકાર થાય તો સૌરાષ્ટ્ર માટે આ યોજના કલ્પવૃક્ષ સમાન બની શકે છે. ઉંધી રકાબી જેવો ભૌગોલિક વિસ્તાર ધરાવતા સૌરાષ્ટ્રના રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી અને જામનગર જિલ્લા માટે તો આ યોજના સોનાની ખાણ સાબિત થઈ શકે છે. દક્ષિણ ગુજરાતથી મુંબઈ વચ્ચેનું જોડાણ વધુ મજબુત બની શકે

## હાલ નર્મદાના નીર સૌરાષ્ટ્રના ગામડે ગામડે પહોચ્યા છે પરંતુ તેની કોસ્ટ ખૂબ જ ઉંચી આવે છેઃ ઉંધી રકાબી જેવા સૌરાષ્ટ્રના અનેક વિસ્તારો માટે 'કલ્પસર' યોજના આશિર્વાદરૂપ બનશે




તેમ છે. સાથો સાથ આ યોજનાથી પોર્ટનો વિકાસ વેગવાન બની શકે છે. આશરે અઢી દાયકાથી પણ વધુ સમયથી આ મહત્વકાંક્ષી યોજના ફાઈલોમાં અટકાવેલી છે. હવે કલ્પવૃક્ષ સમી યોજના સાકાર થાય તેવી 'આશા' એ જાણે આંખ ખોલી હોય તેવું લાગી રહ્યું છે.

કલ્પસર યોજના એટલે ભાવનગર પાસે ઘોઘા અને ખંભાતના અખાતની વચ્ચેના દરિયાઈ વિસ્તાર પર ૩૦ કી.મી. વિસ્તારમાં બંધ બાંધવાની આ યોજના છે જેમાં ૧૦ બિલિયન કયુબીક મીટર પાણીનો સંગ્રહ કરવાનો આ મહત્વપૂર્ણ યોજના છે. આ ડેમમાંથી વીજ ઉત્પાદન, જળ વિદ્યુત, સિંચાઈ માટે ઔદ્યોગિક વિસ્તારને અને અનેક જિલ્લાને પીવાનું પાણી પૂરૂ પાડવામાં આવનાર છે. આ યોજના સૌરાષ્ટ્ર માટે ખરેખર કલ્પવૃક્ષ સમી છે. પરંતુ રાજયનાં છ છ મુખ્યમંત્રીઓ

(અનુ. આઠમા પાને)

### રાજય-કેન્દ્રની મંજુરી મળ્યા બાદ આઠ વર્ષમાં પ્રોજેકટ પુરો કરવાનો નિર્ધાર

'કલ્પસર' યોજના અંગે વિધાનસભાના બજેટ સત્રમાં પૂછાયેલા સવાલના જવાબમાં રાજય સરકારના મંત્રીએ એવું કહું હતુ કે રાજય અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની મંજુરી મળ્યાબાદ આ યોજના આઠ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે જોકે સૌરાષ્ટ્ર માટે કલ્પવૃક્ષ સમી આ યોજના છેલ્લા બે દાયકાથી વધુ સમયથી ફાઈલોમાં અટવાયેલી છે. હાલ રાજય અને કેન્દ્રમાં ભાજપની સરકાર છે. સંકલ્પ થકી કલ્પસર યોજનાને મંજુરી આપવામાં આવે તો રાજયના કાયાપલ્ટ સમી આ યોજના ૧૦ વર્ષમાં સાકાર બની શકે છે.

# વિકાસમાં 'હરણફાળ' ભરતું ભારત કન્ટેનરમાં 'વામણું'!

## કન્ટેનર ક્ષેત્રે ૯૭ ટકા હિસ્સા સાથે ચીનનું એકહથ્થુ શાસનઃ ભારત કન્ટેનર ક્ષેત્રે આત્મનિર્ભર બનવા પ્રયત્નશીલ, પણ ચીનની સામે ટકવું હાલ અશક્ય જેવું

### કિંમતમાં તફાવત જ છે સૌથી મોટી અડચણ

ભારત અને ચીન વચ્ચે કન્ટેનરના ઉત્પાદન ખર્ચમાં જમીન-આસમાનનો તફાવત જોવા મળી રહ્યો છે. અહેવાલો મુજબ, હાલમાં ચીન એક સ્ટાન્ડર્ડ કન્ટેનર સરેરાશ ૧૬૦૦ ડોલર (લગભગ ૧.૩૪ લાખ રૂપિયા) ના ખર્ચે બનાવે છે. તેની સરખામણીમાં ભારતમાં સમાન કન્ટેનર બનાવવાનો ખર્ચ આશરે ૨૩૦૦ ડોલર (લગભગ ૧.૯૩ લાખ રૂપિયા) ની આસપાસ આવે છે. આ ૭૦૦ ડોલર (આશરે ૫૮,૦૦૦ રૂપિયા) નો ખર્ચ-તફાવત જ ભારત માટે સ્પર્ધામાં સૌથી મોટો અવરોધ છે.

### કિંમતમાં ચીન કેમ આગળ છે અને ભારતે શું કરવું પડશે?

ચીન આ ઉદ્યોગમાં પહેલેથી જ પ્રસ્થાપિત છે. તેમની પાસે કાચા માલની સરળ અને સસ્તી ઉપલબ્ધતા, માસ પ્રોડક્શન કરવાની ક્ષમતા, સસ્તી મજૂરી અને સરકારની મજબૂત સબસિડી નીતિઓ છે. બીજી તરફ, ભારતે જો વૈશ્વિક સ્તરે ચીનને માત આપવી હોય તો લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવો, કાચા માલ પરની નિર્ભરતા દૂર કરવી અને સરકારી સહાય થકી ઉત્પાદકોને પ્રોત્સાહિત કરવા પડશે.

### મુખ્ય પડકારઃ 'કોર્ટેન સ્ટીલ'ની અછત

શિપિંગ કન્ટેનર્સ સામાન્ય સ્ટીલમાંથી નથી બનતા, તેના માટે ખાસ પ્રકારના 'કોર્ટેન સ્ટીલ' (વેધરિંગ સ્ટીલ) ની જરૂર પડે છે, જે દરિયાની ખારાશ અને કાટ સામે રક્ષણ આપે છે. ચીનમાં આ સ્ટીલ વિપુલ પ્રમાણમાં અને સસ્તા દરે ઉપલબ્ધ છે. જયારે ભારતમાં તેનું ઉત્પાદન મર્યાદિત હોવાથી કાચા માલનો ખર્ચ વધી જાય છે, જે સીધી રીતે કન્ટેનરની કિંમત વધારે છે. સ્ટીલ કંપનીઓએ પણ આ ઉદ્યોગને ટેકો આપવા આગળ આવવું પડશે.

### ઉદ્યોગકારોની માંગઃ સરકાર પીએલઆઈ સ્કીમ લાગુ કરે

સ્થાનિક ઉત્પાદકોનું માનવું છે કે જ્યાં સુધી પ્રોડક્શન મોટા પાયે ન થાય ત્યાં સુધી ચીન સાથે કિંમતમાં સ્પર્ધા અશક્ય છે. આ પ્રારંભિક તબક્કામાં ટકી રહેવા માટે ઉદ્યોગ જગત સરકાર પાસે કન્ટેનર મેન્યુફેક્ચરિંગ માટે ખાસ 'પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ' સ્કીમની માંગ કરી રહ્યું છે. જો સરકાર સબસિડી કે ટેક્સમાં રાહત આપે, તો ભાવનો આ તફાવત ચોક્કસથી ઘટાડી શકાય તેમ છે.

**અબતક, નવી દિલ્હી**

આંતરરાષ્ટ્રીય સ્તરે સમુદ્રી માર્ગે થતા મોટાભાગના વ્યાપારમાં માલસામાનની હેરફેર સ્ટીલના શિપિંગ કન્ટેનર્સમાં થાય છે. છેલ્લા ઘણા દાયકાઓથી આ શાંત પરંતુ અત્યંત મહત્વપૂર્ણ ઉદ્યોગ પર ચીનનો દબદબો રહ્યો છે. કન્ટેનર ક્ષેત્રમાં ૯૭ ટકા હિસ્સો એકલા ચીનનો છે. જોકે, હવે ભારત પણ આ ક્ષેત્રે આત્મનિર્ભર બનવા માટે મજબૂત પ્રયાસો કરી રહ્યું છે, પરંતુ તેમાં ચીનની સ્પર્ધાત્મક કિંમતો રૂપી 'ધ ગ્રેટ વોલ' સૌથી મોટો પડકાર બનીને ઊભી છે.

(અનુ. આઠમા પાને)

## નિકાસ વધારવા અને નિકાસકારોને સરળતા રહે તે માટે કન્ટેનર ક્ષેત્રે ભારતે વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જ પડશે

'પીળું' એટલું સોનું નહિ!

# 30 ટકા ભાવ ઘટાડાને કારણે યુવાનોમાં હીરાનું "આકર્ષણ" વધ્યું!

## અગાઉ જે હીરા માત્ર ધનિકો પૂરતા સીમિત મનાતા હતા, તે યુવા પેઢી માટે સોનાની જગ્યાએ "આકર્ષણ" ઉભું કર્યું

**અબતક, નવી દિલ્હી**

ભારતના જ્વેલરી માર્કેટમાં એક નવો અને આકર્ષક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. સોલિટેર ડાયમંડ (સિંગલ મોટા હીરાવાળી જ્વેલરી) ની કિંમતોમાં અંદાજે ૩૦% જેટલો જંગી ઘટાડો નોંધાતા યુવા વર્ગમાં તેનું આકર્ષણ અને માંગ આસમાને પહોંચ્યા છે. અગાઉ જે સોલિટેર માત્ર ધનિકો પૂરતા સીમિત મનાતા હતા અથવા તો ખૂબ મોંઘા હોવાને કારણે સામાન્ય ખરીદદારોની પહોંચથી બહાર હતા, તે હવે યુવા પેઢી માટે આસાનીથી ઉપલબ્ધ અને આકર્ષક વિકલ્પ બની ગયા છે.

હીરા બજારના નિષ્ણાતોના મતે, આંતરરાષ્ટ્રીય સ્તરે માંગમાં થયેલો ફેરફાર અને સપ્લાય ચેઈનમાં આવેલા બદલાવને કારણે નેચરલ સોલિટેરના ભાવમાં આ મોટો ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને છેલ્લા કેટલાક સમયથી લેબગ્રોન ડાયમંડ ના વધતા ચલણ અને અમેરિકા-ચીન જેવા મોટા બજારોની વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓએ પણ નેચરલ હીરાના ભાવને નીચે લાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

આ ઐતિહાસિક ભાવ ઘટાડાનો સીધો ફાયદો મિલેનિયલ્સ અને જનરેશન-ઝેડ ઉઠાવી રહ્યા છે. યુવાનો હવે પરંપરાગત અને ભારે સોનાના દાગીનાઓ ખરીદવાને બદલે સિંગલ ડાયમંડ એટલે કે સોલિટેર રિંગ્સ, પેન્ડન્ટ અને ઈયરરિંગ્સ પર વધુ પસંદગી ઉતારી રહ્યા છે. લગ્ન અને સગાઈ જેવા પ્રસંગો માટે પણ હવે મોટાભાગના યુગલો સોલિટેર રિંગને જ પોતાની પહેલી પસંદ બનાવી રહ્યા છે.

ભારતના અગ્રણી ઝવેરીઓ અને રિટેલર્સ પણ આ ટ્રેન્ડને સમર્થન આપી રહ્યા છે. શોરૂમ્સમાં સોલિટેર ખરીદવા આવતા ગ્રાહકોની સંખ્યામાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. અગાઉના વર્ષોની સરખામણીમાં આ વર્ષે ૦.૫૦ કેરેટથી લઈને ૧ કેરેટ અને તેથી વધુ વજનના હીરાની માંગમાં અભૂતપૂર્વ વધારો થયો છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે યુવા ગ્રાહકોની જ્વેલરી ખરીદવાની માનસિકતા ઝડપથી બદલાઈ રહી છે.

આગામી સમયમાં પણ આ ટ્રેન્ડ યથાવત રહેવાની પૂરી સંભાવના છે. ખાસ કરીને

(અનુ. આઠમા પાને)

### સોલિટેરના ભાવ કેમ તૂટ્યા?

**વૈશ્વિક પરિબળોઃ** અમેરિકા અને ચીન જેવા ડાયમંડના સૌથી મોટા બજારોમાં આર્થિક ધીમાશના કારણે માંગમાં ઘટાડો નોંધાયો છે.

**લેબ-ગ્રોન ડાયમંડની સ્પર્ધાઃ** લેબમાં બનતા હીરાની કિંમત ઘણી ઓછી હોવાથી અને તે અસલ હીરા જેવા જ દેખાતા હોવાથી, તેની વધતી લોકપ્રિયતાએ નેચરલ હીરાની કિંમતો પર દબાણ વધાર્યું છે.

**સપ્લાય અને ડિમાન્ડઃ** માર્કેટમાં સપ્લાય વધુ અને આંતરરાષ્ટ્રીય ડિમાન્ડ ઓછી હોવાથી કિંમતો ૩૦% જેટલી નીચે આવી ગઈ છે.



### મિનિમલિસ્ટિક ડિઝાઈન યુવાનોની પહેલી પસંદ

**રોજિંદા ઉપયોગ માટે અનુકૂળઃ** આજના યુવાનોને ભારેખમ દાગીનાને બદલે રોજિંદા જીવનમાં અને ઓફિસમાં પહેરી શકાય તેવી 'મિનિમલ અને ક્લાસી' ડિઝાઈન વધુ પસંદ પડે છે.

**સ્ટેટસ અને લાઈફસ્ટાઈલઃ** સોલિટેર ડાયમંડ એક સ્ટેટમેન્ટ પીસ હોવાથી યુવાનો તેને માત્ર રોકાણ તરીકે જોવાને બદલે એક લાઈફસ્ટાઈલ સિમ્બોલ અને ફેશન સ્ટેટમેન્ટ તરીકે વધુ સ્વીકારી રહ્યા છે.

**બજેટ ફ્રેન્ડલીઃ** ભાવ ઘટવાને કારણે હવે સારી સાઈઝનો હીરો બજેટમાં આવી જતો હોવાથી યુવાનો સોના કરતા સોલિટેરને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે.

# દિલ્હીમાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના વકીલની કાર પર ચાર રાઉન્ડ ફાયરિંગઃ એક ઘાયલ

## રાત્રિના દસ વાગ્યાં આસપાસ કાશ્મીરી ગેટ નજીક ભડાકા ઘટના સીસીટીવીમાં કેદ, પોલિસ તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

દિલ્હીના કાશ્મીરી ગેટ વિસ્તારમાં એક સનસનીખેજ ઘટના સામે આવી છે. અહીં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના વકીલની કાર પર ફાયરિંગ થયું છે. પ્રાથમિક વિગતો અનુસાર કુલ ૪ રાઉન્ડ ફાયરિંગ થયું છે. દિલ્હી પોલીસને રાત્રે ૧૦ વાગ્યાના સુમારે ફાયરિંગની સૂચના મળી હતી. ઘટનાની જે તસવીર સામે આવી છે, તેમાં કાર પાછળનો કાચ તૂટી ગયેલો દેખાઈ રહ્યો છે.

ઘટના સ્થળે પહોંચેલી દિલ્હી પોલીસે જણાવ્યું છે કે, કાશ્મીરી ગેટ ક્ષેત્રમાં પાંચ લોકોને લઈને જઈ રહેલી કાર પર ફાયરિંગ થયું છે, જેમાંથી એક વ્યક્તિ ઘાયલ થયો છે. ગાડીમાં સવાર લોકોમાંથી એક વકીલ છે, જે લોરેન્સ બિશ્નોઈની કાયદાકીય ટીમનો હિસ્સો હોવાનો દાવો કરે છે.



ઘટના બાદ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી હુમલાખોરોને પકડવાની તજવીજ હાથધરી છે. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનું નામ જોડાતા મામલાની ગંભીરતાને ધ્યાને રાખી દિલ્હી પોલીસના વરિષ્ઠ અધિકારીઓ સહિત ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. તપાસ એજન્સીઓ એ એંગલ પણ ખંગાળી રહી છે કે ફાયરિંગ પાછળ લોરેન્સ બિશ્નોઈની વિરોધી ગેંગની ભૂમિકા છે કે પછી વકીલ કે સવાર લોકોના વ્યકિતગત દુશ્મનાવટનું પરિણામ છે.

કારમાં સવાર એક સાક્ષીએ જણાવ્યું કે, "જ્યારે પાછળની બારીનો કાચ તૂટ્યો ત્યારે અમને ખ્યાલ આવ્યો કે ગોળીબાર થઈ રહ્યો છે. મારા મિત્ર સંદીપને પીઠના ભાગે ગોળી વાગી છે. સંદીપને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. પીસીઆર વેન સમયસર પહોંચી જતા મોટી જાનહાનિ ટળી હતી.








# શેરબજારમાં ફેબ્રુઆરીમાં નાણાકીય સંસ્થાઓએ ખરીદી ઘટાડી!

**સ્થાનિક નાણાકીય સંસ્થાઓ પણ ધીમી પડી વિદેશી નાણાકીય સંસ્થાઓની આક્રમક વેચવાલી પણ અટકી | બજારમાં ગભરાહટ નો માહોલ યથાવત આઈ.ટી સેક્ટરના શેરોમાં ૩ થી ૬%નો ઘટાડોઆઈટી સેક્ટર પહોંચ્યું પર સપ્તાહના તળિયે**

**અબતક, રાજકોટ**

ફેબ્રુઆરી મહિનામાં અત્યાર સુધીની વાત કરીએ તો નાણાકીય સંસ્થાઓએ શેરોની ખરીદીમાં આક્રમકતા દેખાડી નથી. સામાન્ય રીતે વિદેશી નાણાકીય સંસ્થાઓ ભારતીય શેરબજારમાં શેરો વેચી રહી છે અને ઘણા મહિનાથી વેચી રહી છે, પરંતુ સ્થાનિક નાણાકીય સંસ્થાઓ ખૂબ મોટા પાયે અને ખૂબ જ આક્રમકતાથી ખરીદી કરી અને બજારને મોટો ટેકો આપી રહી છે. પરંતુ ફેબ્રુઆરીમાં સ્થિતિ જુદી છે. વિદેશી નાણાકીય સંસ્થાઓ એ વેચવાલીમાં જે અત્યાર સુધી આક્રમકતા દેખાડી હતી, તેના બદલે તેઓએ ફેબ્રુઆરીમાં ખાસ કોઈ મોટી રકમના શેરોનું વેચાણ કર્યું નથી. તો સ્થાનિક નાણાકીય સંસ્થાઓએ મોટાપાયે ખરીદી કરી નથી.આમ સરવાળે પરિસ્થિતિ શાંત જોવા મળી રહી છે અને ખરીદ વેચાણ ની પ્રક્રિયા ધીમી પડી છે અને ક્યાંય આક્રમકતા દેખાતી નથી. યુ.એસ-ભારતની ટ્રેડ ડીલ અટકેલી છે.ક્યાંય કોઈ પણ પ્રકારની નિશ્ચિતતા જોવા મળતી નથી. દરરોજ નવા-નવા ફતવા ટેરીફ ને લઈને જોવા મળી રહ્યા છે.સમગ્ર વિશ્વમાં ટેરીફનો ભય ખૂબ જોવા મળી રહ્યો છે. ત્યારે ભારતીય શેરબજારમાં પણ અનિશ્ચિતતાનો દોર ચાલી રહ્યો છે. રોકાણકારોમાં પણ ગભરાહટ જોવા મળી રહી છે. ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

વિશ્વભરમાં એઆઈને લઈને ઘણી બધી શક્યતાઓ,સંભાવનાઓ અને તેને લઈને પડનારી આર્થિક અસરોનો અભ્યાસ ચાલી રહ્યો છે. મોટી-મોટી કંપનીઓ પણ એ.આઈ ની શું અસર પડશે, તેને લઈને પણ જુદા જુદા અન્ય અભ્યાસ તજજ્ઞો દ્વારા કરવામા આવી રહ્યા છે.ઈન્ફોસિસ, વિપ્રો, ટી.સી.એસ, એચ.સી.એલ અને ટેક મહિન્દ્રા જેવી કંપનીના શેરો તેની પર સપ્તાહની ટોચ થી ૨૩ થી ૩૦% સુધી ઘસાયા છેખાસ કરીને ભારતીય આઈ.ટી કંપનીઓ અને તે પણ જાયન્ટ અને લીડિંગ આઈ.ટી કંપનીઓના પરિણામો પર શું અસર પડશે, તેને લઈને પણ બજારમાં સાવચેતી જોવા મળી રહી છે.હાલમાં તો આઈ.ટી શેરોમાં જોરદાર વેચવાલી જોવા મળી રહી છે. બીજી બાજુ મ્યુચ્યુઅલ ફંડ માં ખાસ કરીને એસઆઈપીના ઈન્ફ્લો મા ખાસ કોઈ મોટો વધારો જોવા મળે તેવું લાગતું નથી.



જીઓ પોલિટિકલ ટેન્શન ને કારણે પણ શેરબજારમાં ચિંતા નો માહોલ છે. આવનારા દિવસોમાં વોલ્યુમમાં પણ ઘટાડો જોવા મળશે.કેમકે એસ.ટી.ટીનો વધારો અમલી થશે.શેર બ્રોકરો ના પ્રોપ્રાઈટરી ટ્રેડ માં પણ તીવ્ર ઘટાડો જોવા મળશે. કારણ કે ફંડિંગ ને લઈને નિયમો વધુ આકરા થતાં વોલ્યુમ ને મોટી અસર કરશે અને વોલ્યુમમાં તીવ્ર ઘટાડો થશે.

સોના-ચાંદીના ભાવો ખૂબ જ વધી ગયા છે. કારણ કે યુદ્ધના ભણકારા, ટેરીફ ને લઈને વિશ્વભરમાં ચાલી રહેલી ટેરીફ વોર ઉપરાંત સોના ચાંદીમાં લાંબા ગાળે ખૂબ જ સારું વળતર મળતું હોય છે. તેમાટે લોકો સોના ચાંદી પર મોટું રોકાણ કરવા લાગ્યા છે. જોકે હવે ઉંચા ભાવે સાવચેતીનો દોર રહેશે અને આ ભાવે નવું રોકાણ આવે તેવી શક્યતા નહીં હોત છે.

શેરબજારની હાલત પણ ખરાબ છે કારણ કે પ્રાઈમરી માર્કેટની ગતિવિધિઓમાં પણ ઘટાડો આવ્યો છે.શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર હાલમાં ઘણા બધા કારણોથી શેરબજારમાં તેજી જોવા મળતી નથી.બલ્કે શેરોના ભાવમાં ૩૦% થી ૫૦% સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે. કારણ કે,અમેરિકા જેવા દેશના પ્રેસિડન્ટ દ્વારા થતા અવાર નવાર ટેરિફ ને લઈને નિવેદનોની પ્રતિકૂળ અસર પડી છે. જીઓ પોલિટિક્લ પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. સ્થાનિક કારણો પણ છે જ જેમ કે એસ.ટી.ટીનો વધારો, પ્રોપ્રાયટરી ફંડિંગ ને લઈને નિયમો કડક થતા આવનારા સમયમાં વોલ્યુમ અને ભાવ ઉપર અસર થવાની શક્યતા છે.

આઈએને લઈને આઈ.ટી કંપનીઓ પર પણ વધારે પ્રેશર જોવા મળી રહ્યું છે. આવા અનેક કારણોથી બજાર હાલ પ્રેશર હેઠળ છે અને ખાસ કોઈ તેજી થઈ રહી નથી. રોકાણકારોમાં સાવચેતીનો સૂર તો છે જ પરંતુ ગભરાહટનો માહોલ પણ જોવા મળી રહ્યો છે.પરિસ્થિતી સુધરતા કદાચ સમય લાગશે.

# અમરેલી ભાજપનો ઉગ્ર વિરોધ: રાહુલ ગાંધીના અશોભનીય વર્તન સામે યુવા અને મહિલા મોરચા દ્વારા પુતળા દહન

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

કેન્દ્ર સરકાર દ્વારા દિલ્હી ખાતે આયોજિત પ્રતિષ્ઠિત અઈ સમિટમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનના પડઘા હવે ગુજરાતમાં પણ જોવા મળી રહ્યા છે. આ ઘટનાને દેશ માટે હાસ્યાસ્પદ ગણાવી આજે અમરેલી જિલ્લા ભાજપ દ્વારા રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.





અમરેલીના મુખ્ય ડો. જીવરાજ મહેતા ચોક ખાતે જિલ્લા ભાજપ યુવા મોરચા અને મહિલા મોરચા દ્વારા વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યકરોએ કોંગ્રેસ વિરોધી સૂત્રોચ્ચાર કરી વાતાવરણ ગજવી મૂક્યું હતું અને રાહુલ ગાંધીના પુતળાનું દહન કરી પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો.

આ કાર્યક્રમ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

યુવા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણી, મહામંત્રીઓ રોમિત કોટાડિયા અને શિવાંગ ત્રિવેદી. મહિલા મોરચાના પ્રમુખ અલ્કાબેન ગોંડલિયા, મહામંત્રીઓ સરોજબેન દેવમુરારી અને નયનાબેન કાપડિયા સહિત ભાજપના હોદેદારો અને કાર્યકરો જોડાયા હતા. કાર્યક્રમ અંતર્ગત જિલ્લા ભાજપ પ્રમુખે જણાવ્યું હતું કે, વિદેશી મહેમાનોની હાજરીમાં આંતરરાષ્ટ્રીય સ્તરની એ.આઈ. સમિટમાં રાહુલ ગાંધીનું અર્ધનગ્ન હાલતમાં વિચિત્ર પ્રદર્શન દેશની છબી ખરડાવનારું છે. આ પ્રકારની માનસિકતા જ કોંગ્રેસના પતનનું કારણ છે. આ વિરોધ પ્રદર્શનમાં ભાજપના વિવિધ પાંખના અગ્રણીઓ પણ જોડાયા હતા.

# દ્વારકામાં શ્રીજીને ચાંદીની પિચકારીમાં કેસરજળનો છંટકાવ

## શ્વેત વાઘામાં અબીલ-ગુલાલની પોટલી ધારણ કરતા ઠાકોરજી

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા:** દ્વારકાધીશ જગતમંદિરમાં દોલોત્સવ સુધી ઠાકોરજીને સવારે શૃંગાર આરતી તેમજ સાંજે સંધ્યા આરતી દરમ્યાન સફેદ વસ્ત્રો સાથેના અલૌકિક શૃંગાર સાથે બંને આરતી સમયે ઠાકોરજી સંગ ચાંદીની પિચકારીમાં કેસરજળ તથા અબીલ ગુલાલની પોટલી સાથેના શૃંગાર યોજાશે. આજરોજ સવારે ૧૦:૪૫ કલાકે યોજવામાં આવતી શૃંગાર આરતી સમયેથી ભાવિકો ઠાકોરજીની પ્રસાદીરૂપ અબીલ-ગુલાલની પોટલીઓથી રંગે રંગાયા હતા. આજથી ફુલડોલ ઉત્સવ સુધી સવાર-સાંજ બન્ને સમયે જગતમંદિર પરિસરમાં પણ ભાવિકો રંગે રંગાતા જોવા મળશે.



# શ્રીશ્રી રવિશંકર મહારાજ આજથી ત્રણ દિવસ ગુજરાતના મહેમાન

## ગુજરાતમાં થશે જ્ઞાન, ભક્તિ અને ધ્યાનનો મહાસંગમ

**અબતક, રાજકોટ**

વિશ્વવિખ્યાત આધ્યાત્મિક ગુરુ અને માનવતાવાદી નેતા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી ૨૫ ફેબ્રુઆરીએ ગુજરાતની પાંચ દિવસીય મુલાકાતે આવી રહ્યા છે. વાસદ, સુરત અને અમદાવાદ ખાતે તેમના આગમનની આતુરતાથી લાખો ભક્તો રાહ જોઈ રહ્યા છે.



ગુરુદેવના પવિત્ર સાન્નિધ્યમાં આ ત્રણેય શહેરોમાં આનંદ, જ્ઞાન અને ભક્તિના અદ્વિતીય તરંગો અનુભવાશે. તેમની આ મુલાકાત દરમ્યાન ખાસ જ્ઞાન સત્રો, જાહેર સત્સંગ, દર્શન અને વિશેષ સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આજ ૨૫ ફેબ્રુઆરીએ ગુરુદેવ વાસદ સ્થિત આર્ટ ઓફ લિવિંગના ગુજરાત આશ્રમ ખાતે પધારશે. ૨૬ અને ૨૭ ફેબ્રુઆરી દરમિયાન વાસદ આશ્રમમાં ગુરુદેવના સાન્નિધ્યમાં સત્સંગ, ધ્યાન અને વિશેષ જ્ઞાન સત્રો યોજાશે, જેમાં રાજ્યભરના હજારો સાધકો ઉપસ્થિત રહી જ્ઞાન, શાંતિ અને ભક્તિનો અનુભવ કરશે.

૨૮ ફેબ્રુઆરીએ સુરત અને ૧ માર્ચે અમદાવાદ ખાતે "Soaking in Bliss' શીર્ષક હેઠળ વિશેષ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ઊંડું આધ્યાત્મિક જ્ઞાન, સંગીત, ધ્યાન અને ગુરુદેવ સાથે લાઈવ સંવાદનો સમાવેશ રહેશે.

અત્યાર સુધીમાં ગુરુદેવની વિશિષ્ટ તણાવમુક્તિ તકનીકોએ વિશ્વના ૧૮૦થી વધુ દેશોમાં ૮૦ કરોડથી વધુ લોકોના જીવનમાં આંતરિક શાંતિ, આરોગ્ય અને સુમેળ પ્રસરાવ્યો છે. આર્ટ ઓફ લિવિંગના સેવા પ્રકલ્પો આંતરિક શાંતિને વ્યવહારુ સેવા સાથે સુમેળમાં જોડે છે. સંસ્થાના સ્વયંસેવકો હજારો નિઃશુલ્ક શાળાઓ અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમો દ્વારા વંચિત બાળકો અને યુવાનોને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ પૂરૂં પાડે છે. આપત્તિના સમયમાં વિશાળ રાહત કામગીરી, આરોગ્ય શિબિરો અને ગ્રામ વિકાસ માટેની પહેલો નબળા વિસ્તારોને સશક્ત બનાવે છે. આ ઉપરાંત આર્ટ ઓફ લિવિંગ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અંતર્ગત નદી પુનર્જીવન, વૃક્ષારોપણ અને સંવર્ધન, પ્રાકૃતિક ખેતી તથા પાણી સંરક્ષણ જેવા મહત્વપૂર્ણ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. ગુરુદેવના દ્રષ્ટિકોણ મુજબ જેલ સુધારણા, મહિલા સશક્તિકરણ અને વૈશ્વિક શાંતિ સ્થાપનાના પ્રયાસો સંસ્થાની સેવા પ્રવૃત્તિઓના કેન્દ્રસ્થાને છે જેનો મુખ્ય ધ્યેય સુમેળભર્યું, તણાવમુક્ત અને હિંસામુક્ત વિશ્વ રચવાનો છે.

# ભાયાવદર: પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અને લો કોલેજનો સુવર્ણ પર્વોત્સવ ઉજવાશે

**સત્કાર, સન્માન, પારોતોષિક, વિદાય આશિવચન સહિત આખો દિવસ ભરચક કાર્યક્રમનું આયોજન**



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

તાલુકાના ભાયાવદર ગામે પટેલ સમાજના વડળાઓ દ્વારા શિક્ષણની સતત ચિતિત હતા આજથી ૫૦ વર્ષ પહેલા નાના એવા ભાયાવદર ગામો પ્રાથમીક થી કોલેજ સુધીનું શિક્ષણ ઘર આંગણે મળે તે માટે હિર દ્રદવના વાળા પાટીદાર સમાજ શ્રેષ્ઠીઓ અને ભામાશા દ્વારા શિક્ષણ માટે એક સંકુલની સ્થાપના કરી કોલેજ સુધીને શિક્ષણ સરળતાથી નજીવા ખર્ચે મળે તે વ્યવસ્થાને ૫૦ વર્ષ પુર્ણ થતાં આગામી ૧લી એ ભાયાવદર આંગણે પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તેમજ પી.ટી. માકડીયા લો કોલેજના કેમ્પસમાં સુવર્ણ પર્વોત્સવની રંગારંગ ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૧લી માર્ચ સવારે ૯.૩૦ કલાકે કોલેજ કેમ્પસમાં સૌરા. યુનિ.ના કુલપતિ ઉત્પલ એસ. જોષીના અધ્યક્ષ સ્થાને આ રંગારંગ યોજાશે સુવર્ણ પર્વોત્સવ કાર્યક્રમને ઉપલેટા-ધોરાજીના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાના હસ્તે દિપ પ્રાગટય કરી ખુલ્લો મુકવામાં આવશે તેમજ રાજકોટ સ્વામી નારાયણ ગુરુકુળના શાસ્ત્રી હરિપ્રિયદાસજી સ્વામી ખાસ ઉપસ્થિત રહે પ્રેરક ઉદબોધન અને આશીર્વાદ આપશે આ કાર્યક્રમો અતિથિ તરીકે રાજયના પૂર્વ મંત્રી જયંતિભાઈ કાલરીયા અને નિવૃત કલેકટર બાબુભાઈ ઘોડાસરા સહિતસમાજ શ્રેષ્ઠીઓ હાજરી આપશે.

સુવર્ણ પર્વોત્સવના ઉદઘાટન અને સ્વાગત બાદ સત્કાર અને સન્માન સમારોહ યોજાશે આ તકે પારિતોષિક વિતરણ ભવન થતા કર્મચારીઓન વિદાય સમારો આશીર્વચન બાદ બપોરે સમુહ ભોજન યોજાશે ત્યારબાદ બપોરે ૩ કલાકે રંગારગ સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ સમગ્ર કાર્યક્રમ એચ.એલ. પટેલ, આસિ એન્ડ કોમર્સ કોલેજ પી.ટી. માકડીયા લો કોલેજ તથા સર્વોદય કેળવણી મંડળ ભાયાવદરના યજમાન પદે યોજાઈ રહ્યો છે.

# ગુજરાતના વિકાસલક્ષી બજેટને જીલ્લા ભાજપ અનુ.જાતિ મોરચાના મહામંત્રી જયેશ સાગઠીયાએ વધાવ્યું

## ગુજરાતનું બજેટ રાજયને પ્રગતિના નવા શિખરો સુધી પહોંચાડશે

**અબતક, રાજકોટ**



ગુજરાતસરકાર દ્વારા રજૂ કરાયેલ આ વર્ષનું રાજ્ય બજેટ વિકાસ, રોજગાર અને સુશાસનની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. મુખ્યમંત્રી ના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ રજૂ થયેલું આ બજેટ રાજ્યના સર્વાંગી વિકાસને વધુ ગતિ આપશે.તેમ જણાવ્યું રાજકોટ જીલ્લા ભાજપ અનુ. જાતિ મહામંત્રી જયેશ સાગઠીયાએ આવકા આપ્યો છે.

આ બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર જોગવાઈઓ કરવામાં આવી છે. ખાસ કરીને ખજખઉ અને સ્ટાર્ટઅપ ક્ષેત્રને પ્રોત્સાહન આપતી નીતિઓ યુવાનોને આત્મનિર્ભર બનવામાં મદદરૂપ થશે.

કૃષિ ક્ષેત્ર માટે આધુનિક ટેકનોલોજી, સિંચાઈ યોજના અને ખેડૂતોને આર્થિક મજબૂતી આપતી યોજનાઓ રાજ્યના ગ્રામ્ય વિકાસને વધુ મજબૂત બનાવશે. મહિલાઓના સશક્તિકરણ, સ્વ-રોજગાર અને શિક્ષણ ક્ષેત્રે કરાયેલ જોગવાઈઓ સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવશે.

રાજકોટઅને સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં રોડ, પાણી, ઉદ્યોગ અને રોજગાર સંબંધિત યોજનાઓ વિકાસને નવી દિશા આપશે. આ બજેટ રાજ્યને વિકસિત ગુજરાત તરફ આગળ વધારનાર સાબિત થશે.

હું ગુજરાત સરકારને આ લોકકલ્યાણકારી અને દ્રષ્ટિવંત બજેટ માટે અભિનંદન પાઠવી જયેશ સાગઠીયાએ અને વિશ્વાસ વ્યક્ત કરેલ છું કે આ નિર્ણયો રાજ્યને પ્રગતિના નવા શિખરો સુધી પહોંચાડશે.



## જામનગર મહાનગરપાલિકા

### :: ટેન્ડર નિવિદા ::

જામનગર મહાનગરપાલિકાની સીવીલ શાખા દ્વારા **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની લોકભાગીદારીની સ્કીમ અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકના તથા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાંટ, આરોગ્ય વિભાગની ગ્રાંટ તથા મ.ન.પા.ને પ્રાપ્ત થયેલ જુદી - જુદી ગ્રાંટ અંતર્ગત તથા સ્વભંડાળ અન્વયે** નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે, જેની વધુ વિગત માટે જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ **https://jmc.nprocure.com** જોવા મળી શકશે. આ ટેન્ડર્સ તા.૨૬/૦૨/૨૦૨૬ થી ઓનલાઈન મુકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | SJMMSVY અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૧૦૦.૦૦ |
| ૨ | SJMMSVY અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૬) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૩ | SJMMSVY અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૭) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૪ | SJMMSVY અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૦) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૫૦.૦૦ |
| ૫ | SJMMSVY અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૧) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૫૦.૦૦ |
| ૬ | SJMMSVY અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૨) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૫૦.૦૦ |
| ૭ | SJMMSVY અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૫૦.૦૦ |
| ૮ | SJMMSVY અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૧૫) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૯ | SJMMSVY અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૧૬) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૫૦.૦૦ |
| ૧૦ | SJMMSVY અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૧૧ | SJMMSVY અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૩) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૧૨ | SJMMSVY અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૪) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૧૩ | SJMMSVY અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૧૪ | SJMMSVY અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૯) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૧૫૦.૦૦ |
| ૧૫ | SJMMSVY અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૧૩) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૧૫૦.૦૦ |
| ૧૬ | SJMMSVY અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૧૪) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોકનું કામ | ૨૦૦.૦૦ |
| ૧૭ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાંટ અંતર્ગત વોર્ડ નં. ૪, ભીમવાસના પુલીયાથી રંગમતી નદી સુધી આર.સી.સી. બોક્સ કેનાલ બનાવવાનું કામ | ૮૯૫.૪૦ |
| ૧૮ | આરોગ્ય વિભાગની ગ્રાંટ અંતર્ગત વોર્ડ નં. ૧૨, ઘાંચીવાડ વિસ્તારમાં શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે બિલ્ડીગ બનાવવાનું કામ | ૧૨૫.૦૦ |
| ૧૯ | આરોગ્ય વિભાગની ગ્રાંટ અંતર્ગત વોર્ડ નં. ૧૧, હાપા ટી.પી. સ્કીમ ન. ૨, પ્લોટ નં. ૭૧ ઉપર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે બિલ્ડીગ બનાવવાનું કામ | ૧૩૦.૦૦ |
| ૨૦ | આરોગ્ય વિભાગની ગ્રાંટ અંતર્ગત વોર્ડ નં. ૧૩, નિલકંઠનગર સીધી સ્કુલના બિલ્ડીગની જગ્યા ઉપર શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે બિલ્ડીગ બનાવવાનું કામ | ૧૩૦.૦૦ |
| ૨૧ | જામનગર મહાનગરપાલિકાને અલગ - અલગ યોજનાઓ હેઠળ ઉપલબ્ધ થતી ગ્રાંટ અંતર્ગત શહેરના વોર્ડ નં. ૧ થી ૧૬ માં જુદી - જુદી જગ્યાઓ ઉપર વોટર હાર્વેસ્ટીગ સીસ્ટમ ડેવલોપ કરવા માટે બોર ડ્રીલીંગ કરવાનું તથા તેને આનુસાંગીક અન્ય સીવીલ વર્કસનું કામ | ૩૦૦.૦૦ |
| ૨૨ | વોર્ડ નં. ૧૨, ઘાંચીવાડ વિસ્તારમા આવેલ શાળાના બિલ્ડીગને સંપુર્ણપણે ડીમોલીશન કરી તમામ મટીરીયલ્સ લઈ જવા સહિતની કામગીરી | - |
| ૨૩ | સ્વભંડોળ અન્વયે સીવીલ વેસ્ટ, ઈસ્ટ, સાઉથ, નોર્થ અને સેન્ટ્રલ ઝોનમાં જુદી -જુદી કંપનીઓ ધ્વારા ઓ.એફ.સી. કેબલ / ઈલેક્ટ્રીક કેબલ / ગેસ પાઈપ લાઈન / પાણીની પાઈપ લાઈન વિ. પ્રકારના લેઈગના કામ માટે ખોદવામાં આવેલ ટ્રેન્ચમાં આસ્ફાલ્ટ સ્ટ્રેન્ધનીગનું કામ (ચરેડા) (રી-ટેન્ડર) | ૧૦૦.૦૦ |

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/સીવીલ/૧૪૨ /૨૫-૨૬, તા. ૨૩/૦૨/૨૦૨૬

તંત્રી લેખ

# પવિત્ર બંધન "લગ્ન"ની પવિત્રતા જાળવી રાખવા ગુજરાત મક્કમ

પવિત્ર બંધન ''લગ્ન'' પવિત્રતા જાળવી રાખવા ગુજરાત મક્કમ છે.રાજ્ય સરકારનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે.

લગ્ન નોંધણી પ્રક્રિયાના સુધારા કરવામાં આવ્યા છે. હવે માતા-પિતાને લગ્ન નોંધણી પ્રક્રિયામાં સમાવવામાં આવ્યા છે.

લગ્નમાં 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે સખત પગલા લેવાશે. દરેક દીકરીના સન્માનએ સનાતન પરંપરા છે. ભારતની લગ્ન વ્યવસ્થાને બચાવવા માટે આ મોટું પગલું મનાય રહ્યું છે. કેટલાક ગામોમાં, જ્યાં એક પણ મુસ્લિમ પરિવાર કે મસ્જિદ નથી, ત્યાં સેંકડો 'નિકાહ' સર્ટિફિકેટ ઈશ્યૂ થયા છે.જે સમાજ માટે ખતરા સમાન છે.ઓળખ છુપાવીને થતા લગ્નો એ આપણી સંસ્કૃતિ પરનું આક્રમણ છે.ભવિષ્યમાં કોઈ દીકરી સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ નહીં કરે તેવો કડક કાયદો બનશે.લગ્નની નોંધણી વખતે હવે માતા-પિતાને જાણ કરવામાં આવશે અને તે માટે એક અલગથી પોર્ટલ પણ બનાવવામાં આવશે.રાજ્યમાં દીકરીઓની સુરક્ષા અને સામાજિક માળખાને જાળવી રાખવા માટે સરકાર 'ગુજરાત મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ ૨૦૦૬'ના નિયમોમાં રહેલી લગ્ન નોંધણી પ્રક્રિયામાં ધરખમ સુધારા કરવામાં આવશે.

રાજ્યમાં લગ્ન નોંધણી પ્રક્રિયામાં કેટલીક છટકબારીને કારણે ગેરઉપયોગ થઈ રહ્યો છે. અસામાજિક તત્વો પોતાની સાચી ઓળખ છુપાવી, લાલચ આપી કે છળકપટથી રાજ્યની દીકરીઓને પ્રેમની જાળમાં ફસાવે છે. ગુજરાત સરકાર દીકરીઓના સુરક્ષા કવચ સમાન જે ફેરફારો લાવી રહી છે.રાજ્યમાં લવ-મેરેજનો વિરોધ નથી, પણ 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે આ સરકાર ચોક્કસપણે સખત પગલા લેશે.

ભવિષ્યમાં કોઈ દીકરી સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ નહીં કરે.


# વેરાવળ સિવિલ હોસ્પિટલમાં ખાલી પડેલી ૪૪ જગ્યા ભરવા ધારાસભ્ય ચુડાસમાએ વિધાનસભા ગજવી

## વિધાનસભામાં પ્રશ્નોતરી કાળમાં આરોગ્ય મંત્રી સમક્ષ વિમલ ચુડાસમાએ આક્રોશ પૂર્વક કરી રજુઆત

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

રોગમુકત ગુજરાતની વાતો વચ્ચે ગીર સોમનાથ જીલ્લાની લાઈફ લાઈન વેરાવળ સિવીલ હોસ્પિટલમાં લાંબા સમયથી ૪૪ જગ્યાઓ ખાલી હોવા અંગે વિધાનસભા પ્રશ્નોતરી કાળમાં ધારાસભ્ય વિમલ ચુડાસમાએ આરોગ્ય મંત્રી સમક્ષ આક્રોશ પૂર્વક સિવીલની ખાલી જગ્યા ભરવાની રજુઆતથી વિધાનસભા ગજવી હતી.

આજે ગીર સોમનાથ જિલ્લાની મુખ્ય સિવિલ હોસ્પિટલ (વેરાવળ) માં લાંબા સમયથી ખાલી પડેલી વર્ગ-૧ થી ૪ ની જગ્યાઓ અંગે સરકારને આડે હાથ લીધી હતી. તેમણે આરોગ્ય મંત્રી સમક્ષ આક્રોશ સાથે રજૂઆત કરી હતી કે એક તરફ સરકાર 'રોગમુક્ત ગુજરાત'ની વાતો કરે છે, તો બીજી તરફ ગીર સોમનાથ જેવા મહત્વના જિલ્લામાં વર્ષોથી તબીબો અને કર્મચારીઓની અછત છે.



ધારાસભ્યએ ગૃહમાં આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૯થી સરકારને લાયક ઉમેદવારો નથી મળી રહ્યા, જે વહીવટી નિષ્ફળતા સૂચવે છે. હોસ્પિટલની સ્થિતિ અંગે વિગતો આપતા જણાવ્યું કેઃ

વેરાવળ સિવિલના મુખ્ય અધિક્ષકની જગ્યા ૧/૦૩/૨૦૧૯ થી ખાલી છે.

ઓર્થોપેડિક સર્જન જગ્યા છેલ્લા ૧૫ વર્ષથી એટલે કે ૨૦/૦૭/૨૦૧૦ થી ખાલી પડેલી છે.

સ્ત્રી રોગ નિષ્ણાંત ૨૫/૦૭/૨૦૨૪ થી બે જગ્યાઓ ખાલી છે.

જનરલ સર્જનઃ ૧૭/૦૫/૨૦૨૫ થી બે જગ્યાઓ ખાલી છે. રેડિયોલોજીઃ ૧ જગ્યા ફોરેન્સીક એક્સપર્ટ ખાલી જગ્યા ૧

ક્લિનિક સાયકોલોજિસ્ટ ૧ વહીવટી અધિકારી ૧ સહિત ૧૨ જગ્યાઓ છેલ્લા ૧૫ વર્ષ કરતા વધુ સમય થી ખાલી છે જેમાં જુનિયર ક્લાર્ક ની એક જગ્યા છેલ્લા ૨૫ વર્ષ થી ખાલી પડેલ છે

આમ વિવિધ વિભાગો ની કુલ મળીને વર્ગ-૧ થી ૪ ના કર્મચારીઓની અંદાજે ૪૪ જેટલી જગ્યાઓ ખાલી હોવાથી દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાએ લાગણીસભર રજૂઆત કરતા કહ્યું કે, ''જ્યાં દેશનું પ્રથમ જ્યોતિર્લિંગ અને કરોડો હિન્દુઓની આસ્થાનું પ્રતીક શ્રી સોમનાથ મહાદેવ બિરાજમાન છે, જ્યાં વિશ્વભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ આવે છે, ત્યાંની મુખ્ય સરકારી હોસ્પિટલમાં આરોગ્ય કર્મચારીઓની આટલી મોટી અછત હોય એ ગંભીર બાબત છે.''

તેમણે વધુમાં ઉમેર્યું કે જો સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે લાયકાત ધરાવતા તબીબો અને સ્ટાફની ભરતી કરવામાં નહીં આવે, તો ગીર સોમનાથ જિલ્લાના લોકો માટે આરોગ્ય સેવાઓ માત્ર કાગળ પર રહી જશે. ધારાસભ્યની આ ધારદાર રજૂઆત બાદ હવે જોવાનું એ રહે છે કે આ ખાલી જગ્યાઓ ભરવા માટે કેટલા ઝડપી પગલાં લે છે.

ક્રાઈમ ડીટેકશન માટે ઉપયોગી

# નેત્રમના અસરકારક ઉપયોગમાં પૂર્વ કચ્છ-ગાંધીધામ પોલીસ રાજયમાં અવ્વલ

## ગાંધીધામ પોલીસે ચોથીવાર પ્રથમ ક્રમ મેળવી રેકોર્ડ સર્જયો

**અબતક,ભારતી માખીજાણી, ગાંધીધામ**

બોર્ડર રેન્જ આઈ.જી.પી ચિરાગ કોરડીયા તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા નાયબ પોલીસ અધિક્ષક એ.વી. રાજગોરના માર્ગદર્શન તથા પીએસઆઈ જે.જી.રાજની દેખરેખ હેઠળ* નેત્રમ* (કમાન્ડ કંટ્રોલ સેન્ટર) કાર્યરત છે.

ગાંધીધામ શહેરના માર્ગો ઉપર અકસ્માત તેમજ ગુનાખોરીના ગ્રાફને નીચો લાવવા માટે રાજય સરકારના સેફ એન્ડ સિકયોર ગુજરાત પ્રોજેકટને ધ્યાનમાં રાખી વિડીયો ઈન્ટીગ્રેશન એન્ડ સ્ટેટ વાઈડ એડવાન્સ સિકયુરીટી (વિશ્વાસ) પ્રોજેકટ સ્થાપિત કરવામાં આવેલ છે. જે અન્વયે શહેરોના માર્ગો પર સી.સી.ટી.વી. કેમેરા લગાવી શહેરની સુરક્ષા વધારવાનું અને આ કેમેરા દ્વારા શહેરના માર્ગો પર દેખરેખ રાખી ટ્રાફીક નિયમન અને કાયદો અને વ્યવસ્થાનું પાલન સુચારુ રૂપે કરવાનું છે. ક્રાઈમ ડિટેકશન માટેની



શોધ કેટેગરીમાં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી નેત્રમ, પૂર્વ, કચ્છ-ગાંધીધામને પ્રથમ નંબરનો એવોર્ડ મળેલ છે. જે એવોર્ડ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય, ગાંધીનગર ડો. કે.એલ.એન. રાઓ ના હસ્તે તારીખ ૨૪/૦૨/૨૦૨૬ ના રોજ પોલીસ ભવન, ગાંધીનગર ખાતે મળેલ છે. નેત્રમ ગાંધીધામે સતત ચોથી વખત આ ઈનામ મેળવેલ છે.

નેત્રમ ગાંધીધામ ખાતેથી અલગ અલગ પ્રકારના ૬૪૨ ગંભીર ગુનાઓની સીસીટીવી મારફતે ક્રાઈમ ડિટેકશનની ખૂબ જ સુંદર કામગીરી કરવા બદલ આ એવોર્ડ આપવામાં આવેલ છે.

પોલીસ દ્વારા જાહેર કરાયેલી વિગતો પ્રમાણે *નેત્રમ'' ના સી.સી.ટી.વી. કેમેરાઓની મદદથી પુર્વ, કચ્છ- ગાંધીધામ જીલ્લા પોલીસે અપહરણ અને ગુમ થયેલના ૮૮ કેસ, ચોરીના ૧૭ કેસ, ચીલઝડપના ૦૨ કેસ, હીટ એન્ડ રનના ૧૨ કેસ, ડેન્જરસ ડ્રાઈવીગના ૧૭૩ કેસ, ટ્રાફીક વાયોલેન્સના ૨૬૮ કેસ, રોડ એકસીડન્ટના ૮૨ એમ કુલ ૬૪૨ જેટલા ગંભીર ગુના ઉકેલવામાં મદદ કરી છે અને આ કેસો ઉકેલી કુલ્લ ૫૯૯ આરોપીઓની અટક કરવામાં આવેલ છે. તેમજ ચોરી અને ચીલઝડપના કેસમાં ૨૬,૩૦,૮૦૦/- રૂપીયા (અંકે રૂપીયા છવીસ લાખ ત્રીસ હજાર આઠસો) જેટલી રકમ રીકવર કરવામાં આવી છે.

# મોઢ વણિક સમાજ દ્વારા રવિવારે જ્ઞાતિજનો માટે મેડિકલ નિદાન કેમ્પ

## નિષ્ણાંત તબીબો દ્વારા સેવા અપાશે

**અબતક,રાજકોટ**

મોઢ વણિક સમાજ-રાજકોટ દ્વારા તા. ૦૧ માર્ચ ના રોજ નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ સવારે ૯:૩૦ થી બપોરે ૧ વાગ્યા સુધી શ્રી મોઢ વણિક મહિલા છાત્રાલય, નૂતન નગર, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ સામે યોજાશે, આ કેમ્પમાં શહેરના અનુભવી અને પ્રતિષ્ઠિત તબીબોની ટીમ દ્વારા વિવિધ રોગોના નિદાન, પ્રાથમિક તપાસ, માર્ગદર્શન તથા જરૂરી સલાહ સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવશે. કેમ્પમાં ઉપલબ્ધ તબીબી સેવાઓ : સ્ત્રીરોગ નિદાન અને માર્ગદર્શન, કેન્સર સંબંધિત પ્રાથમિક તપાસ, હૃદયરોગ નિદાન અને સલાહ, દંતરોગ તપાસ , કાન-નાક-ગળા નિદાન, ચામડીના રોગોની તપાસ, હાડકાં અને ઓર્થોપેડિક નિદાન, માનસિક રોગ તથા વ્યસનમુક્તિ સલાહ, કિડની અને જનરલ ફિઝિશિયન તપાસ બાળકોના રોગોની તપાસ, જરૂર મુજબ ફેફસાંની ક્ષમતા તપાસ, સેવા , આપનાર તબીબોમા સમાવેશ : ડો. દીપા મણીયાર, ડો. નિરજ મહેતા, ડો. નિમિષ પરીખ ડો. હિરલ પરીખ, ડો. હેતલભાઈ બખાઈ, ડો. ધર્મેશ મણીયાર, ડો. નિરવ મહેતા, ડો. જુહી મણીયાર, ડો. હીરવિતા મણીયાર તલસાણીયા, ડો. તપન પારેખ, ડો. ધુમિત ઘોડસારા, ડો. મિહિર તેજુરા, ડો. પ્રીત સિદ્ધપુરા ૐ પારેખ. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ સમયસર રોગનું નિદાન કરી યોગ્ય માર્ગદર્શન આપવાનો છે જેથી. ગંભીર બીમારીઓને પ્રારંભિક તબક્કે જ નિયંત્રિત કરી શકાય.

સમાજજનો તથા શહેરવાસીઓને આરોગ્ય જાગૃતિ તરફ પ્રેરિત કરવાનો આ એક પ્રયાસ છે. , ધર્મેશભાઈ શેઠ, મહામંત્રી ડો. અતુલભાઈ '' વોરા તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ નિતિનભાઈ ડી. , શ્રેયાંસભાઈ એમ. મહેતા, યોગેશભાઈ સી. પારેખ, કેતનભાઈ વી. વોરા, ધીરેન્દ્રભાઈ એમ. મહેતા, આશીષભાઈ જી. મહેતા, અમિતભાઈ આર. પટેલ, ચંદ્રકાંત - (કાકુભાઈ) એ. મહેતા, જયેશભાઈ એલ. ગાંધી, દિપકભાઈ ટી. મહેતા, રસિકભાઈ પી. વોરા, દિપેશભાઈ આર. પારેખ, જયેન્દ્રભાઈ જે. પારેખ, રોહીતભાઈ જે. શાહ, દોલતભાઈ એસ. દોશી, હિતભાઈ ડી. શેઠ દ્વારા તમામ જ્ઞાતીજનોને લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

# ચોટીલા ડુંગર પર સોમવારે સંધ્યા આરતી બાદ હોળી પ્રગટાવાશે

## હોળીના દિવસે પગથીયાના દ્વાર સવારે ૫ વાગ્યે ખુલશેઃ ૫:૩૦ કલાકે થશે મંગળા આરતી

**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**

ચોટીલા ડુંગર ઉપર શ્રી ચામુંડા માતાજીના મંદિરે દસનામ ગોસ્વામી મહંત પરિવાર દ્વારા દર વર્ષે પરંપરાગત રીતે હોળી પ્રગટાવવામાં આવે છે.દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૦૨/૦૩/૨૦૨૬ અને સોમવારના રોજ ડુંગર ઉપર સંધ્યા આરતી બાદ હોળી પ્રગટાવવામાં આવશે. હોળીના દિવસે પગથીયાનો દ્વાર સવારે ૦૫:૦૦ વાગ્યે ખુલશે અને ૦૫:૩૦ કલાકે મંગળા આરતી થશે.

તારીખ ૦૩/૦૩/૨૦૨૬ ના રોજ પૂનમના દિવસે નીચે પગથીયાનો દ્વાર રાત્રે ૦૨:૩૦ કલાકે ખુલશે અને ૦૩:૦૦ કલાકે મંગળા આરતી થશે. ૦૩/૦૩/૨૦૨૬ના રોજ ચંદ્રગ્રહણના દિવસે પણ દર્શનાર્થીઓ માટે મંદિર રાબેતા મુજબ આખો દિવસ ખુલ્લુ જ રહેશે. દરરોજ સાંજની આરતીનો સમય રાબેતા મુજબ સૂર્યાસ્તના સમયનો રહેશે.મંદિરના ભોજનાલયમાં ભોજન-પ્રસાદનો સમય બપોરે ૧૧:૦૦ થી ૦૨:૦૦ વાગ્યાનો રહેશે. તેમ ચામુંડા માતાજી ડુંગર ટ્રસ્ટ ચોટીલાની યાદીમાં જણાવાયું છે.

# ધોરાજી લેઉવા પટેલ જાગૃતિ આયોજીત સમુહલગ્નમાં ૪૧ દીકરીઓને સાસરે વળાવાશે

## સંતાનોના લગ્નમાં ખોટા ખર્ચ ન કરી સમાજના શૈક્ષણિક વિકાસમાં યોગદાન આપવા અપીલ

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી લેઉવા પટેલ જાગૃતિ મંડળ દ્વારા ૨૬માં સમુહ લગ્નના આયોજન માટે મળેલી બેઠકમાં ૧૦ મે રવિવારે યોજાનારા લગ્નોત્સવના આયોજન અંગે ચર્ચા વિચારણા કરી હતી.આ સમૂહ લગ્નોત્સવમાં કુલ ૪૧ દીકરા-દીકરી ના લગ્ન કરાવામાં આવશે. અને જે દીકરીના મા-બાપની છત્રછાયાં ગુમાવેલ હશે તેનો રજીસ્ટેશન ચાર્જ લેવામાં આવશે નહી. લેઉઆ પટેલ જાગૃતી મંડળ ની સ્થાપના વર્ષ ૧૯૯૯ થી આજ સુધીમાં ૭૩૫ દીકરીઓના લગ્ન લગ્નના કરાવી આપેલ છે.

જે આજના મોંઘવારીના જમાનામાં લગ્ન પાછળ લખલુટ ખર્ચા તથા ખોટા રીત રીવાજ પાછળ સોનાના દાગીના તથા ફટાકડા, ડી.જે., જેવા અન્ય બીનજરૂરી ખર્ચા બચાવી શૈક્ષણીક તથા આર્થીક વિકાસ માટે ઉપયોગ કરવા સમાજને અપીલ કરવામાં આવી છે.

આ સમૂહ લગ્ન માં જોડાવા ઈચ્છતા દીકરી-દીકરાના વડીલો મો. ૯૪૨૮૪ ૬૬૪૪૭,મો. ૯૮૨૫૩ ૭૫૦૯૩ પર વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટેશન કરવામાં અનુરોધ કરાયો છે.

# બાબરાઃ ઝેડ મેતરે પૂર્ણ કર્યુ છઠ્ઠૂં રોજુ

**અબતક, અપ્પુ જોશી, બાબરા**



બાબરા ગામમાં આજે આનંદ અને ગર્વનો માહોલ જોવા મળ્યો હતો, જ્યારે નાનકડા ઝેડ મુરાદભાઈ મેતરે તેનું છઠ્ઠું રોજું સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. નાની ઉંમરે જ ધાર્મિક ભાવના અને સંસ્કાર પ્રત્યેની લાગણી દર્શાવતા ''ઝેડ એ આખો દિવસ હિંમત અને ધીરજ સાથે રોજું રાખ્યું.

# જામનગર જિલ્લા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ ગણેશભાઈ મુંગરાનો આજે જન્મદિવસ



જામનગર જિલ્લાના રાજકીય ફલક પર જેમનું નામ આદરપૂર્વક લેવાય છે અને જેમના હૃદયમાં ગૌમાતા માટે અતૂટ શ્રદ્ધા વસે છે, તેવા ધ્રોલ તાલુકાના લતીપુર ગામના વતની અને જામનગર જિલ્લાના રાજકીય તથા સામાજિક ક્ષેત્રના જાણીતા અગ્રણી ગણેશભાઈ મુંગરાનો આજે જન્મદિવસ છે. સેવા, સંગઠન અને ગૌસેવાને વરેલા ગણેશભાઈના જીવનનો મોટો હિસ્સો જનસેવામાં પસાર થયો છે,

ગણેશભાઈ મુંગરાની ઓળખ માત્ર એક રાજકીય નેતા તરીકે જ નહીં, પણ એક સાચા 'ગૌસેવક' તરીકેની છે. વર્ષ ૨૦૦૦ની સાલથી તેઓ 'શ્રી જીવદયા ગૌસેવા સમાજ ટ્રસ્ટ - લતીપર' સાથે જોડાયેલા છે. ભારતીય જનતા પાર્ટીના પાયાના અને નિષ્ઠાવાન કાર્યકર તરીકે ગણેશભાઈએ વર્ષો સુધી પક્ષને મજબૂત કરવાનું કામ કર્યું છે. વર્ષ ૧૯૯૬માં તેમણે ધ્રોલ તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે યુવા સંગઠનનું નેતૃત્વ કર્યું હતું. ત્યારબાદ લતીપુર જિલ્લા પંચાયત બેઠક પરથી ભવ્ય વિજય મેળવી લોકપ્રતિનિધિ તરીકે ઉભરી આવ્યા હતા. તેમણે જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન તરીકે જિલ્લાના વિકાસ કાર્યોમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

આજે તેમના જન્મદિવસ નિમિત્તે જામનગર જિલ્લાના રાજકીય માંધાતાઓ, સામાજિક અગ્રણીઓ, ગૌસેવકો અને સ્નેહીજનો દ્વારા તેમના મોબાઈલ નંબર ૯૮૯૮૨ ૯૭૦૯૭ પર શુભેચ્છાઓનો વરસાદ વરસી રહ્યો છે.

# અમરેલી ટ્રાફિકને અડચણરૂપ વાહન ચાલકો સામે પોલીસની લાલ આંખ

## ૧૩ વાહનચાલકો સામે કાર્યવાહી

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

શહેરના મુખ્ય માર્ગો અને ભરચક વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા અને રાહદારીઓને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે અમરેલી પોલીસ એક્શન મોડમાં આવી છે. તાજેતરમાં અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક ડ્રાઈવ યોજી, જાહેર માર્ગો પર અડચણ ઉભી કરતા ૧૩ જેટલા વાહન ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

શહેરના રાજમાર્ગો, બજાર અને ચોક વિસ્તારોમાં કેટલાક વાહન ચાલકો દ્વારા પોતાના વાહનો ગમે ત્યાં પાર્ક કરીને ટ્રાફિક વ્યવસ્થા ખોરવવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ બાબતે ગંભીરતા દાખવી અમરેલી પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. જેમાં ટ્રાફિક નિયમોનું ઉલંઘન કરતા ૧૩ જેટલા વાહન ચાલકો વિરૂધ્ધ બીએનએસની કલમ ૨૮૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. શહેરના મુખ્ય બજાર, બસ સ્ટેન્ડ રોડ નાગનાથ બેસ સ્ટેશન અને ટ્રાફિકથી ધમધમતા અન્ય વિસ્તારોમાં આ કામગીરી કરવામાં આવી હતી.

સાથે સાથે અમરેલી પોલીસ દ્વારા વાહન ચાલકોને કડક સૂચના આપવામાં આવી છે કે, જાહેર માર્ગો પર અન્ય વાહનો કે રાહદારીઓને અડચણ થાય તે રીતે વાહન પાર્ક ન કરવા.

ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા અન્યથા આગામી દિવસોમાં હજુ વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે.

# વિસાવદરના પૂર્વ ધારાસભ્ય હર્ષદ રિબડીયાની મહેનત ફળીઃ ૫૪.૧૦ લાખની ગ્રાન્ટ મંજૂર

## લીલીયાના બંધુકીયા નદી પર ચેકડેમ કમ કોઝવે બનશે

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**



વિસાવદર ના પૂર્વે ધારાસભ્ય હર્ષદભાઈ રિબડીયા દ્વારા સતત ખેડૂતોના પ્રશ્ને તથા લોકપ્રશ્ને સતત જાગૃત રહી સરકારમાં અવારનવાર રજૂઆતો કરી પોતાની આવડત થી વિવિધ કામો મંજૂર કરાવતા રહે છે ત્યારે વધુ એક કામ વિસાવદર તાલુકાના લીલીયા ગામે ઘણા વર્ષોથી ખેડૂતોને બંધુકિયો નદીપર થી પસાર થવું ખુબ મુશ્કેલ હતું ત્યારે ગામલોકો દ્વારા રજુવાત કરતા હર્ષદભાઈએ સિંચાઈ વિભાગને સતત રજુવાત કરી ને આ ચેકડેમ કમ કોઝવે ગાંધીનગર રૂબરૂ જઈને ૫૪.૧૦. લાખ અંકે રૂપિયા ચોપણ લાખ દસ હજાર મંજુર કરાવ્યા છે વર્ષો જૂનો ખેડૂતો નો પ્રશ્ન હલ કરવા બદલ મુખ્ય મંત્રી તથા સિંચાઈ મંત્રી નો ખેડૂતો વતી હૃદયથી આભાર વ્યક્ત કરેલ છે.

# ઉપલેટાના વોર્ડ નં.૧માં ૧૦૮ જેવી સેવા કરતા નગરસેવક અજય જાગાણીનો જન્મદિવસ



ઉપલેટા વોર્ડ નં.૧માં સતત ભારતીય જનતાપાર્ટીની ટીકીટ ઉપરથી બીજી વખત ચૂંટાઈને નગર સેવક બનેલા અજય જાગાણક્ષનો આજે જન્મ દિવસ છે.

અજય જાગાણી ભગવાન કાળીયાઠાકરમાં અતુટ શ્રધ્ધાને કારણે આજે તેમના જન્મ દિવસે અજયભાઈ આજે દ્વારકામાં ભગવાન દ્વારકાધીશના દર્શન કરી જીવનને ધન્ય બનાવશે વોર્ડ નં.૧માં સતત ૧૦૮ જેવી ઝડપી કામગીરી કરવાને કારણે મતદારોએ બીજી ટર્મમાં શહેરમાં સૌથી વધુ મતની લીડ આપી વિજયની વરમાળા પહેરાવી છે. સ્વભાવે શાંત અને ધીર ગંભીર જણાતા અજય જાગાણી સ્થાનીક અને જિલ્લા ભાજપ સંગઠનમાં સારૂ નામ ધરાવે છે. ત્યારે આજના જન્મદિવસ નિમિતે આજ સવારથી જ તેમના સંપર્ક સુત્ર ૯૪૨૮૬ ૯૯૦૭૭ ઉપર શુભેચ્છાનો ધોધ વરસી રહ્યો છે.

# વિસાવદરના મોટી મોણપરીના હિન્દુ સંમેલનમાં સેવાભાવિ પર્યાવરણ પ્રેમીઓનું કરાયું સન્માન

## હિન્દુ જીવન પધ્ધતી પરિવર્તન વિષયે અપાયા વકતવ્ય

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર તાલુકાના મોટી મોણપરી ગામ ની જીપીએસ હાઈસ્કુલ ખાતે હિન્દુ સંમેલન યોજાયું હતું,

આ વિરાટ હિન્દુ સંમેલનમાં ગામના તમામ લોકો સામાજિક સદ્ભાવ સાથે ઉપસ્થિત રહ્યા હતા,

સંમેલનમાં સામાજિક સદ્ભાવ,જાગૃતિ,તથા સંગઠિત હિન્દુ સમાજના વિવિધ વિચારોના આદાન પ્રદાન સમાજ જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ તકે મુખ્ય વક્તા તરીકે જયદેવભાઈ શીશંગીયા અને ડો.પાનસુરીયા. દ્વારા પ્રસંગોચિત - હિન્દુ જીવન પદ્ધતિ તેમજ પંચ પરિવર્તનનો વિષય પર વિસ્તૃત



વકતવ્ય આપવામાં આવ્યું હતું.

આ સંમેલનમાં મોટી મોણપરી મંડળ અંતર્ગત ૭ ગામો ના સેવાભાવી, પર્યાવરણ પ્રેમી અને સેવાનું કામ કરતા લોકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ હિન્દુ સંમેલન ને સફળ બનાવવા માટે મોટી મોણપરી મંડળ ઉત્સાહી યુવાનો તેમજ વિનુભાઈ ડોબરીયા અને વિપુલભાઈ વોરા રાજુભાઈ દોંગા મોટી મોણપરી મંડળ ના સંયોજક હર્ષદ ભાઈ મુંગલપરા દ્વારા મહેનત કરવામાં આપી હતી.

# દ્વારકાધીશ નગરીમાં ફુલડોલ ઉત્સવની તૈયારીઓનો ધમધમાટ

## પ્રાંત અધિકારીની અધ્યક્ષતામા સમીક્ષા બેઠક યોજાઈ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરે આગામી ફાગણ પૂર્ણિમા તેમજ ફુલડોલ ઉત્સવની ઊજવણીની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા પ્રાંત અધિકારી અમોલ આવતેના અધ્યક્ષસ્થાને વહીવટદાર કચેરી ખાતે તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. ફુલડોલ ઉત્સવમાં લાખો ભાવિકો પદયાત્રા કરી તેમજ રેલ રોડ માર્ગે આવનાર હોય શ્રધ્ધાળુઓની ભીડને અનુલક્ષીને પદયાત્રીઓની સલામતી, માર્ગો પર સાઈન બોર્ડ, પીવાના શુદ્ધ પાણીની સુવિધા તેમજ જગતમંદિર પરિસર અને દ્વારકા નગરીમાં સ્વચ્છતાની જાળવણી અંગે વિસ્તૃત ચર્ચા સાથે થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. પ્રાંત અધિકારી દ્વારા ઉત્સવ દરમ્યાન યાત્રીકલક્ષી સુવિધા માટે પૂરતી આરોગ્ય સેવાઓ, વાહન પાર્કિંગ વ્યવસ્થા, લાઈટ પાણી સ્વચ્છતા માટે વિવિધ વિભાગોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ બેઠકમાં મંદિર વહીવટદાર, પૂજારી પ્રતિનિધિ તેમજ સંલગ્ન વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. તમામ વિભાગો વચ્ચે સંકલન સાધી ભકિતમય અને સુરક્ષિત વાતાવરણમાં ઉત્સવ સંપન્ન થાય તે માટે તંત્ર દ્વારા એકશન પ્લાન તૈયાર કરાયો છે.

# ગોંડલના ભગવતપરા સોસાયટીમાં જીગીશા પટેલ ઉપર હુમલો, કારમાં તોડફોડ

## માથામા અને આંખ પર ઈજા, ચાર મહીલા સહિત છ શખ્સોએ હુમલો કર્યો: ફરિયાદ

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલને કાર્યક્ષેત્ર બનાવી સક્રીય બનેલા આપનાં મહીલા નેતા જીગીશાબેન પટેલ ઉપર ભગવતપરા નાં ઘોઘાવદર રોડ પર આવેલી સંગમ પાર્ક સોસાયટી માં હુમલો થયો હતો. હુમલા સમયે તેમની સ્વિફ્ટ કાર પર પથ્થરમારો કરી કાચ તોડાયા હતાં.ઈજાગ્રસ્ત જીગીશાબેન તુરંત સરકારી હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા.બનાવ નાં પગલે જીગીશાબેન નાં ટેકેદારો તથા આપનાં કાર્યકરો હોસ્પિટલ દોડી ગયા હતા.શહેર ની એ,બી ડિવિઝન પોલીસ ઉપરાંત રુરલ ક્રાઈમ બ્રાંચ પોલીસનો કાફલો પણ હોસ્પિટલ દોડી ગયો હતો.બનાવને લઈને ગોંડલમાં ચકચાર મચી જવા પામી છે.પ્રાપ્ત વિગત મુજબ સવારે સાડા અગીયારનાં સુમારે સંગમ પાર્ક સોસાયટીમાં થી પાણી,કચરા અને ગટર અંગે રજુઆત આવી હોય જીગીશાબેન પટેલ, કાર્યકરો દિપક વઘાશિયા,જયસુખ વઘાશિયા તથા ધ્રુવીન રાદડિયા સાથે કાર માં સંગમ સોસાયટી માં પંહોચ્યા હતા.ત્યાં મહીલાઓએ નગર પાલીકા દ્વારા અપાતુ પાણી લીલુ આવતુ હોય ઉપરાંત કચરા નાં ઢગલા ખડકાયા હોય કોઈ સફાઈ માટે આવતુ નહી હોવાની ફરિયાદ કરી હતી.જીગીશાબેને આ વિસ્તારનાં સ્થાનિક સુધરાઈ સભ્ય રુષિરાજસિંહને ફોન કરી રુબરુ આવવા ફોન કરી જણાવ્યું હતું. બાદ માં સભ્ય ની રાહ માં કાર માં બેઠા હતા.દરમિયાન અચાનક ધસી



આવેલી ત્રણ થી ચાર મહીલાઓ તથા બે પુરુષો એ કારમાં બેઠેલા જીગીશાબેન ઉપર હુમલો કરી દિધો હતો. પત્થરથી હુમલો થતા જીગીશાબેનને માથામાં તથા આંખ પર ઈજા પંહોચી હતી હુમલા સમયે કાર ઉપર પત્થર મારો થતા કાચ ફુટ્યા હતા.પરિસ્થિતિ વણસતા જીગીશાબેન ત્યાંથી રવાના થઈ સારવાર માટે સરકારી હોસ્પિટલ પંહોચ્યા હતા. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતાં

હુમલાને કારણે તેઓ અસ્વસ્થ હોય પોલીસ નિવેદન લઈ શકી નથી. સ્વસ્થ બાદ પોલીસ ફરિયાદ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.દરમિયાન જીગીશાબેન સાથે રહેલા ધ્રુવિન રાદડિયાએ જણાવ્યું કે મહીલાઓની રજુઆત ને લઈ ને જીગીશાબેને નગરપાલિકાનાં આ વિસ્તાર નાં ચુંટાયેલા સભ્ય રુષિરાજસિંહ જાડેજાને મોબાઈલ કરતા તેમણે કહેલું કે હું બહાર છુ.તેવો જવાબ આપતા જીગીશાબેને તમારી સાથે ચુંટાયેલા અન્ય સભ્યોને મોકલો એવુ કહેતા રુષિરાજસિંહને મોકલુ છુ.તેવું જણાવ્યું હતું. દરમિયાન સભ્યો તો ના આવ્યા પણ ચાર મહીલા અને બે પુરુષો આવી અમારે પણ સમસ્યાઓ છે.તેવુ કહેતા જીગીશાબેને તેમને વિસ્તાર પુછતા આશાપુરા રોડ તથા ગુંદાળારોડ પર થી આવતા હોવાનું જણાવ્યું હતું.ત્યારે જીગીશાબેને હું ત્યાં રુબરુ આવીશ તેવુ કહેતા આ લોકો અચાનક ઉશ્કેરાયા હતા.અને ઝગડો કરી કાર ઉપર પત્થરમારો કરી જીગીશાબેનને પત્થર માર્યા હતા.જેને કારણે જીગીશાબેન ને ઈજા થતા લોહી નિકળ્યું હતું.આ લોકોને રુષિરાજસિંહે મોકલ્યાનો આક્ષેપ ધ્રુવિન રાદડિયાએ કર્યો હતો.

# ગોંડલના મોવિયામાં સગી બહેન પર ભાઈનો હુમલો : ખૂનની ધમકી

## બહેને ગામમાં રહેતા યુવક સાથે પ્રેમલગ્ન કરી લીધાનો ખાર રાખી ભાઈ તૂટી પડ્યો

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના મોવિયા ગામે રહેતી પરિણીતાને તેના સગા ભાઈએ ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. યુવતીએ પ્રેમલગ્ન કર્યા હોય જે બાબતનો ખાર રાખી તેના ભાઈએ તેના પર આ હુમલો કર્યો હતો. બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે. બનાવની જાણવા મળતી વિગતો મુજબ, મોવિયા ગામે સંતોષી માતાના મંદિરવાળી શેરી બંધીયા રોડ પર રહેતા ભૂમિબેન હાર્દિકભાઈ સાંડપા(ઉ.વ. ૨૦) નામની પરિણીતાએ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે મોવિયા ગામમાં જ રહેતા તેના સગા ભાઈ ધવલ રવજીભાઈ દાફડા (ઉ.વ. ૨૨) નું નામ આપ્યું છે. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણે મોવિયા ગામના હાર્દિક સાંડપા પાસે પ્રેમલગ્ન કર્યા હોય અને તે તેની સાથે અહીં મોવિયા ગામે જ રહેતી હોય જે વાત તેના ભાઈ ધવલ દાફડાને પસંદ ન હોય બેહેને કરેલા પ્રેમલગ્નનો ખાર રાખી તેણે ગઈકાલે સાંજે બહેના ઘરે આવી તેની સાથે ઝઘડો કરી ઢીકાપાટુનો માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે પરિણીતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ધ્રાંગધ્રામાં મકાનમાંથી ૨.૪૬૬ કિલો ગાંજા સાથે મહિલા પકડાઈ

## એસ.ઓ.જી.એ દરોડો પાડી રૂ.૧.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, સલીમ ઘાંચી, ધાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં ગાજાનુ વેચાણ થતુ હોવાની બાતમીના આધારે એસઓજી દ્વારા તપાસ કરી શહેરના માનમેહલા પાસે રેણાક મકાનમા રેડ પાડી ૨.૪૪૬ કીલો સુકા ગાજો કીમત ૧.૨૩,૩૦૦ લાખ રૂપિયા સાથે મહીલાને ઝડપી પાડવામા આવી સીટી પોલીસમાં ગુનો નોધવામાં આવ્યો હતો.

ધ્રાંગધ્રા શહેરમાં લાબા સમયથી યુવાનો કેફી પદાર્થ અને ગાજા ડ્રગ જેવા દુષણમા જોવા મળે છે અને કેફી દ્રવ્ય વેચતી ગેંગ સક્રીય છે ત્યારે આ અંગેની ફરીયાદ ને લઈને જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુની સુચનાને લઈને એસઓજીના પીઆઈ અને ટીમ દ્વારા ધ્રાંગધ્રા વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી ત્યારે ચોકસ બાતમી અને ખરાઈ કરી ધ્રાંગધ્રા ની મધ્યમા આવેલા માનમેહલા સામે રેહતા નાજમીનબેન ના રેણાક મકાન મા રેડ પાડી મહીલા ના કબ્જા માથી સુકો ગાજો



૨.૪૬૬ કીલો કીમત ૧.૨૩,૩૦૦ લાખનો જડપી પાડવામા આવ્યો અને મહીલા નાજમીનબેન પર ગુનો નોંધી ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન હવાલે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# પાટણવાવમાં કાંતિ સોજીત્રાના ખેતરમાંથી ગાંજાનુ વાવેતર ઝડપાયું

## સાધુ સંતો પાસેથી બીજ મેળવી વાવેતર કર્યું'તું અને સપ્લાય પણ તેમને જ કરવાનો હતો: રૂ.૮.૬૪ લાખની કિંમતનો ૧૭.૨૯૭ કિલોગ્રામ ગાંજો કબ્જે



## રૂરલ એસઓજી પીઆઈ એફ.એ. પારગી અને પીએસઆઈ જી જે ઝાલા ટીમનો દરોડો

**અબતક, રાજકોટ**

ધોરાજીના પાટણવાવ ગામની સીમમાંથી કાંતિ સોજીત્રા નામના ખેડૂતના ખેતરમાંથી ગાંજાનું વાવેતર રૂરલ એસઓજીની ટીમે પકડી પાડી વૃદ્ધ ખેડૂતની ધરપકડ કરી હતી. સાત મહિનાથી ખેડૂત ઉછેર કરતાં ખેડૂતે સાધુ-સંત પાસેથી બી મેળવી વાવેતર કર્યું હતું. રૂ.૮.૬૪ લાખનો ૧૭.૨૯૭ કિલોગ્રામ ગાંજો જપ્ત કરી આગળની કાર્યવાહી પોલીસે આદરી હતી.

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થ ગાંજાનું વેચાણ તથા ગાંજાનું વાવેતર કરતા શખ્સો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી રૂરલ એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઈ જી. જે.ઝાલા ટીમ સાથે પાટણવાવ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં ત્યારે એએસઆઈ પરબતભાઈ શામળા, કોન્સ્ટેબલ ચીરાગભાઈ કોઠીવારને પાટણવાવમાં રહેતાં કાન્તીલાલ નાનજી સોજીત્રા નામના ખેડૂતે સીમ વિસ્તારમાં પોતાની માલીકીની વાડી(ખેતર) માં ગેરકાયદેસર રીતે વનસ્પતિજન્ય (ગાંજા) ના છોડનુ વાવેતર કરેલ છે, તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે પીઆઈ એફ. એ.પારગી સહિતની ટીમે દરોડો પાડી ખેતરમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ લીલા ગાંજાની ખેતી પકડી પાડી હતી. એસઓજીની ટીમે ૨ છોડ જેનું કુલ વજન ૧૭.૨૯૭ કિલોગ્રામ રૂ.૮,૬૪,૮૫૦ નો મુદ્દામાલ સાથે ઝડપી લઈ આરોપી કાન્તીલાલ ઉર્ફે રૂગા નાનજી સોજીત્રા (ઉ.વ.૬૫, રહે. પાટણવાવ ગામ, ચોરા પાસે, ધોરાજી) ની ધરપકડ કરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલા આરોપીએ છેલ્લા સાતેક માસથી આ ગાંજાના છોડનું વાવેતર કર્યું હતું, પોતે ગાંજાના બી સાધુ-સંતો પાસેથી મેળવ્યા હતા અને આ ગાંજો તે જ સાધુ સંતોને પીવા માટે રાખવાનો હોવાની પ્રાથમિક કબૂલાત આપી હતી. હાલ પોલીસે તેના રિમાન્ડ મેળવવા તજવીજ આદરી છે.

# પડધરીમાં કપાતર પુત્રનો કાકા સાથે મળી માતા પર હુમલો

## રોડ તારા બાપનો નથી, બાવળની ડાળ ત્યાથી લઈ લે કહી દિયરે ગાળો ભાંડી, પુત્રએ માર મારી ઘરમાંથી કાઢી મૂકી

**અબતક, રાજકોટ**

પડધરીમાં કપાતર પુત્રએ કાકા સાથે મળી માતાને માર માર્યો હતો. રોડ પરથી બાવળની ડાળ લઈ લેવાનું કહી પુત્રએ આધેડ માતાને માર માર્યો હતો. બાદ તું હવે મારા ઘરે આવતી નહિ તેમ કહી માતાને ઘરમાંથી કાઢી મૂકી હતી. મામલામાં પડધરી પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો. જ્યારે બીજી બાજુ આરોપી દિયરે પોલિસ મથકમાં જ ફિનાઈલ ગટગટાવી લીધું હતું.



બનાવ અંગે પડધરીના મેટોડા ગામે રહેતા ૫૦ વર્ષીય આધેડ મહિલા શારદાબેન લક્ષ્મણભાઈ વાઘેલાએ આરોપી તરીકે પુત્ર વિશાલ લક્ષમણભાઈ વાઘેલા અને દિયર રાજુ ડાયાભાઈ વાઘેલાનું નામ આપતાં પડધરી પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૨૪-૦૨ ના રોજ સવારના નવ વાગ્યે હુ તથા મારી દિકરી સોનલ, પુત્રવધુ લીલાબેન અમારા ઘરે હતા. અમારા ગામની મેઈન બજારમા બ્લોકનું કામ ચાલતુ હોય જેથી મારા ઘર તરફનો રસ્તો વાહનો માટે ડાઈવર્ઝન જાહેર કરેલ હતો. મારા દિકરા તથા દિકરીના બાળકો રસ્તામા રમતા હોય જેથી રસ્તા પર ચાલતા વાહનોની સ્પીડ વધારે હોય જેથી મે બાવળની ઝાડની ડાળી રસ્તા પર મુકેલ હતી. હુ રોડ ઉપર ઉભી હતી. ત્યારે દિયર રાજુભાઈ ડાયાભાઈ વાઘેલા અને મારો પુત્ર વિશાલ બન્ને મારી પાસે આવેલ અને કહેવા લાગેલ કે, આ બાવળના ઝાડની ડાળી હટાવી લ્યો. બાદ રાજુભાઈ મને ગાળો આપવા લાગેલ હતા. બાદ દિયરે મને કહેલ કે, આ રસ્તો તારા બાપનો નથી. પુત્ર વિશાલે મને બાવળના ઝાડની ડાળી લેવાનુ કહી ઢીકાપાટુનો માર મારેલ હતો. બાદ જો બાવળની ડાળી નહી લે તો તને મારી નાખીશ તેવી ધમકી બંનેએ મને આપેલ હતી. ત્યારબાર મે રાડારાડી કરા પુત્રી અને પુત્રવધુ બંને દોડી આવ્યા હતા અને મને બચાવી હતી. ત્યારે પુત્ર વિશાલે મને કહેલ કે, તુ મારા ઘરે આવતી નહિ. મામલામાં આધેડ મહિલાએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૨૨/૦૨/૨૦૨૬ ના રોજ અમારા ગામના હેમતભાઈ હરીભાઈ દાફડા સાથે મારે બોલાચાલી થયેલ હોય જેથી તેમના વિરૂધ્ધ પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા આવતી હતી. ત્યારે દિયર રાજુભાઈએ મને કહેલ કે બ્લાઉઝ ફાડી હેમતભાઈ વિરૂધ્ધ ફરીયાદ કરી આવો પણ મેં તેની વાત નહિ માનતા મારી સાથે દિયર અને પુત્રએ મારકૂટ કરી હતી.

જ્યારે સામા પક્ષે આરોપી રાજુ વાઘેલાએ પણ ગઈકાલે બપોરના સમયે પડધરી પોલીસ મથકની બાજુમાં જ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમને તુરંત જ પોલીસ સ્ટાફે ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થ ખસેડાયો હતો. જે અંગે પીઆઈ એસ.એન.પરમારે જણાવ્યું હતું કે દારૂ પી રાજુ વાઘેલાએ હાલના ફરિયાદી મહિલાની ફરિયાદ લેવાતી હોય અને પોતે આરોપી બનશે તેવા ભયથી પોલીસ પર ખોટા આક્ષેપ કરી ફીનાઈલ પી લીધું હતું. હાલ પોલીસે તેનું નિવેદન નોંધવા પણ તજવીજ આદરી છે.

## ફરીયાદ થવાના ડરથી પોલીસ પર આક્ષેપ કરી આરોપી રાજુએ પોલીસ મથકે જ ફીનાઈલ ગટગટાવ્યું : સારવાર હેઠળ

# બાબરા: ચાંદીની લકી મૂળ માલિકને પરત કરતી પોલીસ

**અબતક અપ્પુ જોશી બાબરા**

બાબરામાં રહેતા મિજાન ભાઈ ઈમરાન ભાઈ ગોદદાની ચાંદીની લક્કી ગત ૨૦/૨/૨૬ના રોજ ભાવનગર-રાજકોટ હાઈવે પર પડી ગઈ હતી. જેને લઈને બાબરા પોલીસની ટીમ હ્યુમન સોર્સ અને ટેકનિકલ સોર્સની મદદથી ચાંદીની લક્કી શોધીને મૂળ માલિક મિજાનભાઈ ગોદદાને શોપી,''તેરા તુજકો અર્પણ '' અંતર્ગત પોલીસ પ્રજાની મિત્ર છે તેવું પોલીસે સાર્થક કર્યું છે.




# વીડિયો અપલોડ કરવાનું બંધ કરો નહીંતર ઉપાડી લઈશ: જેતપુરના ઈન્ફલુએન્સરને ધમકી

## ઘરેથી ઉઠાવી જાનથી મારી નાખવાની ધમકી આપનાર શખ્સ વિરૂદ્ધ જેતપુર તાલુકા પોલિસ મથકમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જેતપુરના સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરને ફોન કરી ઈન્સ્ટાગ્રામમાં ખોટા વિડીયો અપલોડ કરવાનું બંધ કરી દો નહીંતર ઘરેથી ઉપાડી જાનથી મારી નાખીશ તેવી ધમકી આપવામાં આવી હતી. બાદમાં યુવકની પત્નીએ ફોનમાં વાત કરતા તેણીને પણ ગાળો ભાંડી ધમકી આપવામાં આવી હતી. જે મામલે જેતપુર તાલુકા પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો. બનાવ અંગે જેતપુરના થાણા ગાલોલ ગામે રહેતા ૨૬ વર્ષીય સોશિયલ મીડિયા ઈફલુએન્સર રાજભાઈ પ્રવિણભાઈ ઉંધાડે જેતપુર તાલુકા પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અશ્વિન લાલજીભાઈ રૈયાણીનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું જેતપુર ખાતે શુભ ફેશન હબ નામની કપડાની દુકાન ધરાવું છું અને શોસીયલ મીડીયા મારફતે પ્રમોશનના વીડીયો બનાવું છું. ગઈ તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના બારેક વાગ્યાની આસપાસ મારા મોબાઈલ નંબર પર મને ૮૨૦૦૩૭૭૦૮૪ નંબર પરથી ફોન આવેલ કે, તમે તમારા ઈન્સ્ટાગ્રામમાં આઈડી shubh-fashion-hub-jetpur માં વીડીયો અપલોડ કરવાનું બંધ કરી દો અને ગ્રાહકોને છેતરવાનું બંધ કરો. જેથી મે કહેલ કે, અમે કોઈ ખોટા વીડીયો અપલોડ કરતા નથી, તમે આવુ ક્યા આધારે કહો છો. જે બાદ સામાવાળા શખ્સે એકદમ ઉશ્કેરાઈ જઈને મને બેફામ ગાળો આપી હતી. દરમિયાન મારી બાજુમાં મારી પત્નિ તૃષાલી હાજર હોય તેણે સામાવાળા સાથે વાત કરતા મારી પત્નીને પણ ગાળો આપી જણાવેલ કે, તુ તથા તારી સાથે વીડીયો બનાવતી ભાવીશા પટોળીયા બન્ને વીડીયો બનાવવાનુ બંધ કરી દેજો નહિતર તમે જ્યા રહો છો ત્યાથી ઉપાડી લઈશ. હવે પછી જો ખોટા વીડીયો બનાવ્યા છે જો જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી હતી.

યુવકે જણાવ્યું હતું કે, મારી પત્નીએ સામાવાળાની ઓળખ પૂછતાં તેણે પોતાનું નામ અશ્વીનભાઈ લાલજીભાઈ રૈયાણી (રહે.રાજકોટ) જણાવ્યું હતું. વધુમાં સામેવાળાએ જણાવ્યું હતુ કે, તમારે જ્યા જવુ હોય ત્યાં જાવ અને પોલીસ ફરીયાદ કરવી હોય તો કરી દો મને કોઈનો ડર નથી. બાદ મે આ વાત મારી સાથે કામ કરતા વિશાલભાઈ પટોળીયાને કરી હતી. જેથી વિશાલભાઈએ અશ્વીન રૈયાણીને ફોન કરી વાત કરેલ કે, તમે મારી પત્નિ ભાવીશાબેન વિશે જે વાત રાજભાઈને કરતા હતા તે સાચી હોય તો એના પ્રુફ મને આપો. જેથી અશ્વીન રૈયાણીએ વિશાલભાઈ સાથે પણ ગાળાગાળી કરી હતી. ત્યારબાદ અશ્વિન રૈયાણીએ વિશાલભાઈને તમે ક્યાં રહો છો તેમ પૂછતાં વિશાલભાઈએ સરદાર ચોક,જેતપુરનું જણાવતા અશ્વીનએ કહેલ કે, તમે ચારેય જો એક પણ વીડીઓ અપલોડ કર્યો છે તો સરદાર ચોકથી ઉપાડી જાનથી મારી નાખીશ.

જેથી ફોન કરી ગાળો ભાંડી ખૂનની ધમકી આપતાં શખ્સ વિરુદ્ધ સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેતપુર તાલુકા પોલિસે હાલ મોબાઈલ નંબર પરથી તપાસ આદરી છે.

# જેતપુરમાં કુખ્યાત પાયલ બુટાણીએ ફરી લખણ ઝળકાવ્યા: દંપતીને માર માર્યો

## સફાઈ કામ કરવા આવતી પરિણીતા પર ચોરીનો આક્ષેપ કરી ત્રણ મહિલાઓ તૂટી પડી: ઘરે ધસી જઈ હુમલો કર્યો

**અબતક, રાજકોટ**

નામચીન પાયલ બુટાણીએ ફરી લખણ ઝળકાવ્યા છે. જેતપુરમાં પાયલના મકાને સફાઈ કરવા આવતી મહિલા પર ચોરીનો આળ મૂકી પરિણીતાને માર માર્યો હતો. બાદમાં ફરીવાર ઘરે ધસી જઈ પરિણીતા અને તેના પતિ પર હુમલો કરતા પાયલ બુટાણી, તેની માતા સહીત ત્રણ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જેતપુર અમરનગર રોડ પર આકાશ રેસીડેન્સી બ્લોક નં.-૪૦૧ માં રહેતી ૩૬ વર્ષીય પરિણીતા હીનાબેન પ્રવીણભાઈ જેઠવાએ આરોપી તરીકે કુખ્યાત પાયલ ભાવેશભાઈ બુટાણી, ભાવના ભાવેશભાઈ બુટાણી (બંને રહે.અમરનગર રોડ, જેતપુર) અને પાયલનું નામ આપતાં જેતપુર સીટી પોલિસણી ટીમે બીએનએસની કલમ ૨૯૬(બી), ૧૧૫(૨) અને ૫૪ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આરંભી હતી. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષથી મારા ઘરની પાછળની શેરી માં રહેતા પાયલબેન બુટાણીના ઘરે હું કચરા-પોતા સહીતની સફાઈ કામ કરવા માટે જાવ છુ. અમારે એકાદ મહીના પહેલા નક્કી થયેલુ હતુ કે, હવે મારે તેમના ઘરે કચરા પોતા કરવા જવાનુ નથી. જેથી ગઈ તા. ૨૨/૦૨/૨૦૨૬ ના રોજ પાયલબેનના માતા ભાવનાબેને મને ફોન કરીને કહેલ કે, તમે તમારો હિસાબ કરી જાવ. જેથી મારા પતિ અને હું પાયલબેનના ઘરે સવારના આશરે સાડા નવેક વાગ્યે ગયેલા હતા. જ્યાં હિસાબ કરતા મારે પાયલ બેનને રૂ. ૯૧૦ આપવાના નિકળતા હતા. જેથી પૈસા આપી અમે ઘરે પરત આવી ગયેલ હતા. થોડીવાર પછી પાયલબેન તથા તેના માતા ભાવનાબેને ફરી ફોન કરી અમને તેમના ઘરે બોલાવેલ હતા. જેથી હું અને મારા પતિ પાયલબેનના ઘરે ગયેલ હતા. જ્યાં પાયલ બુટાણી, તેની માતા ભાવનાબેન તથા મારી પાડોશમાં રહેતા પાયલબેન (કોળી) ત્યાં હાજર હતા. ત્રણેય પૈસાના હિસાબ બાબતે અમારી સાથે ઝગડો કરવા લાગેલ હતા. ત્રણેયએ મને ઢીકાપાટુનો માર મારેલ હતો. મારા પતિ વચ્ચે પડતા તેને પણ ઢીકાપાટુનો માર મારેલ હતો.

મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, બાદ અમે ઘરે આવતા રહેલ હતા. બાદ અમે દવાખાને ગયેલ હતા ત્યારે મારા પતિના ફોનમાં પાયલબેન કોળીએ ફોન કરી કહેલ કે, તમારી પાસેથી લાઈટ બીલના પૈસા લેવાના છે, જેથી હું તમારા ઘરે આવી છું, તમે ઘરે આવો. જેથી હુ અને મારા પતિ ઘરે પરત ફર્યા હતા. જ્યા ઘરની બહાર એપાર્ટમેન્ટના ખુણામાં પાયલ કોળી, પાયલ બુટાણી, ભાવના બુટાણી ઉભા હતા. બાદ અમે બધા ઘરની અંદર જતાં પાયલ બુટાણી કહેવા લાગેલ કે, તુ મારા ઘરમાં કામ કરવા આવતી હતી ત્યારે મારી સોનાની વીટી ખોવાઈ ગઈ હતી જે તે લઈ લીધી છે. તેવો ખોટો આક્ષેપ કરી મારી સાથે ઝગડો કરવા લાગેલ હતી. જેથી એપાર્ટમેન્ટમાં આજુબાજુમાં રહેતા લોકો પણ ત્યાં ભેગા થઈ ગયેલ હતા. બાદ ઘર બહારગામ ચોકમાં લઈ જઈ ત્રણેયએ મને ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાન પાયલ કોળીએ મને ડાબા હાથથી વચ્ચેની આંગળીમાં વેલણ મારી દીધેલ હતું. મારા પતિ વચ્ચે પડતા ત્રણેય તેને પણ ઢીકાપાટુનો માર મારવાં લાગેલ હતા. દરમિયાન પાયલ કોળી બેફામ ગાળો બોલવા લાગી હતી. દરમિયાન સ્થાનિકો એકત્રિત થઈ જતાં અમને બચાવેલ હતા. હુમલાની ઘટનાને પગલે પરિણીતાને સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સમાં જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. બનાવને પગલે પરિણીતાની હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવતા જેતપુર સીટી પોલિસની ટીમે પાયલ બુટાણી, તેની માતા ભાવનાબેન અને પાયલ કોળીની શોધખોળ આદરી હતી.

## પાયલ બુટાણી, તેની માતા ભાવનાબેન અને પાયલ કોળી વિરૂદ્ધ ગુનો નોંધાયો: શોધખોળ

# ધ્રાંગધ્રા: ચોરાઉ રિક્ષા સાથે અજીત મેવાડા ઝડપાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરી વિસ્તારમાં ટીમ બનાવીને પ્રોહીબીશન, જુગાર, સહીત ચોરીના ગુન્હા માટે ખાસ પેટ્રોલિંગ ટિમ થકી બાજ નજર રાખવાના સ્પષ્ટ આદેશ કરેલા હોય ત્યારે એસઓજી ટીમ ના કોસ્ટેબલ સાહિલભાઈ સેલત બાતમી મળેલ હતી કે રોકડિયા સર્કલ પાસે અજીતભાઈ દેવાભાઈ મેવાડા રહે ખારીશેરી વાળા પાસે એક રીક્ષા રજીસ્ટર નંબર GJ, 01,TJ,5541 નંબરની રીક્ષા ચોરી કે છળકપટથી મેળવી હોવાની બાતમીના આધારે રોકડિયા સર્કલ પાસેથી શખ્સને રીક્ષા સાથે એક લાખ રૂપિયા નો મુદ્દામાલ ઝડપીને સિટી પોલીસ સ્ટેશનના હવાલે કરવામાં આવ્યો હતો.



# ઝેરનું મારણ ઝેર: સર્પ દંશથી મૃત્યુ નાથવા એન્ટીવેનમ ઉપલબ્ધ થશે

## ભારત સર્પદંશથી માનવ મૃત્યુ અટકાવવા માટે રાષ્ટ્રીય કાર્ય યોજના જાહેર કરનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો

### સર્પ સંશોધન કેન્દ્ર દ્વારા થઈ ઝેરની ઈ-હરાજી

આ સર્પ સંશોધન કેન્દ્રએ તાજેતરમાં ગુજરાતમાં જોવા મળતી ચાર મુખ્ય ઝેરી સાપની પ્રજાતિઓ જેમાં ઈન્ડિયન કોબ્રા, કોમન ક્રેટ, રસેલ્સ વાયપર અને સો-સ્કેલ્ડ વાયપરના લાયોફિલાઈઝ્ડ (પાવડર સ્વરૂપમાં) ઝેરની ઈ-હરાજી કરી હતી. આ હરાજીમાં લાયસન્સ ધરાવતા એન્ટિવેનમ બનાવતા ઉત્પાદકોએ ભાગ લીધો હતો. આ સંસ્થામાં રાખવામાં અને સાચવવામાં આવેલા ઝેરી સાપોમાંથી કાઢેલા ઝેરની ગુણવત્તા એટલી સારી હતી કે, આ ઝેર માટે ધાર્યા કરતા પણ ઉંચી કિંમત મળી હતી.

અહીં રાખવામાં આવેલા સાપોમાંથી મેળવવામાં આવતું ઝેર ઉચ્ચ ગુણવત્તાનું છે કારણ કે સંસ્થા ઠઈંધની માર્ગદર્શિકા અનુસરે છે. સંસ્થા દ્વારા પૂરા પાડેલા ઝેર પરથી તૈયાર કરાયેલ એન્ટિવેનમ ઉપલબ્ધ થતાં રાજ્યમાં સર્પદંશ સંબંધિત મૃત્યુઓમાં ઘટાડો થવાની આશા છે.





**અબતક, ઋષિ મહેતા, મોરબી**

ગુજરાત રાજ્યમાં સર્પદંશથી થતા માનવ મૃત્યુને ઘટાડવા માટે ગુજરાત સરકાર પાસે ટૂંક સમયમાં રાજ્યમાં જોવા મળતા ઝેરી સાપોમાંથી જ બનાવેલું એન્ટિવેનમ ઉપલબ્ધ થશે. સર્પદંશથી થતા માનવ મૃત્યુઓને ઘટાડવા માટે આ પગલું અસરકારક સાબિત થશે.

દક્ષિણ ગુજરાતમાં આવેલા વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે ગુજરાત સરકારે સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ નામની સંસ્થા સ્થાપી છે. ધરમપુર સ્થિત આ સંસ્થામાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જોવા મળતા ઝેરી સાપોને લાવવામાં આવે છે. હાલમાં, અંદાજે ૪૬૦ ઝેરી સાપો અહીં રાખવામાં આવ્યા છે. સાપોની સંભાળ અને ઝેર કાઢવાની પ્રક્રિયામાં વિશ્વ આરોગ્ય સંસ્થાની માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવે છે. આધુનિક ટેક્નોલોજી દ્વારા સાપમાંથી કાઢવામાં આવેલા ઝેરની પ્રક્રિયા કરીને પાવડર સ્વરૂપમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ પાવડરની હરાજી કરી લાયસન્સ ધરાવતા એન્ટિવેનમ બનાવતા ઉત્પાદકોને આપવામાં આવશે. આ ઉત્પાદકો તેમાંથી જે એન્ટિવેનમ બનાવશે તેને ગુજરાત સરકાર ખરીદી લેશે અને ગુજરાતની વિવિધ હોસ્પિટલોને સર્પદંશની સારવાર માટે એન્ટિવેનમ પુરું પાડશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સર્પદંશથી થતા માનવ મૃત્યુને અટકાવવા સઘન પગલા લેવામાં આવી રહ્યા છે અને આ માટે ગુજરાતમાં જોવા મળતા ઝેરી સાપોમાંથી જ મેળવેલા ઝેરમાંથી એન્ટીવેનમ બનાવવાનું મહત્વનું કામ પ્રગતિમાં છે. ભારત સર્પદંશ એન્વેનોમિંગ માટે રાષ્ટ્રીય કાર્યયોજના ધરાવતો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે માર્ચ ૨૦૨૪માં 'નેશનલ એક્શન પ્લાન ફોર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ સ્નેકબાઈટ એન્વેનોમિંગ (એનએપી-એસઈ)' નો કાર્યક્રમ લોન્ચ કર્યો હતો. આ વ્યાપક માળખું રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને પોતાની કાર્યયોજનાઓ બનાવવા માર્ગદર્શન આપે છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એ છે કે, વર્ષ ૨૦૩૦ સુધીમાં સર્પદંશથી થતા માનવ મૃત્યુ અને અપંગતા ૫૦ ટકા સુધી ઘટાડો કરવાનો છે., ગુજરાતની સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (એસઆરઆઇ) આ લક્ષ્ય હાંસલ કરવા તરફનું મહત્વપૂર્ણ પગલું છે.

### સર્પ સંશોધન કેન્દ્ર આગામી સમયમાં વિશ્વ કક્ષાની સંસ્થા બનશે

સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ગાંધીનગર સ્થિત ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશનનાં તાબા હેઠળ કાર્ય કરે છે. જીએફઆરએફ ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ હેઠળની સ્વાયત્ત સંસ્થા છે. રાજ્યમાં સાપદંશ સંબંધિત મૃત્યુઓ ઘટાડવા માટે સંશોધન, તાલીમ અને જનજાગૃતિ ક્ષેત્રે સર્પ સંશોધન કેન્દ્ર મહત્વપૂર્ણ કામ કરે છે.

સર્પ સંશોધન કેન્દ્રને આગામી સમયમાં વિશ્વ કક્ષાનું બનાવવા માટેની યોજના ઘડાઈ ચૂકી છે. વલસાડ કલેક્ટર દ્વારા આ સંસ્થાનું કાયમી કેમ્પસ બનાવવા અને તેને સંબધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવા માટે ૨.૨૫ હેક્ટર જમીન ફાળવવામાં આવી છે. આ સંસ્થાને વર્લ્ડ-ક્લાસ કેન્દ્ર તરીકે વિકસાવવા માટે રૂ.૧૧.૬૮ કરોડનો પ્રસ્તાવ ગુજરાત સરકાર સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે.

દેશમાં એન્ટિવેનમ બનાવવા માટે સાપમાંથી ઝેર કાઢવાની પ્રવૃતિ હાલ તમિલનાડુ સ્થિત ઈરુળા સ્નેક કેચર્સ ઈન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ સોસાયટી લિ. કરે છે. ધરમપુર સ્થિત સર્પ સંશોધન કેન્દ્ર હવે આ કામ કરતી દેશની બીજી સંસ્થા બની છે.

# વાંકાનેરના હસનપર ગામે ટ્રેક્ટર હડફેટે મોટરસાયકલ ચાલકનું મોત

## પત્નીની ફરિયાદ આધારે ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના હસનપર ગામની સીમમાં ટ્રેક્ટરની અડફેટે મોટરસાયકલ ચાલકનું મોત નિપજ્યું છે. ત્યારે સમગ્ર અકસ્માત મામલે મૃતકના પત્નીની ફરિયાદને આધારે પોલીસે ટ્રેક્ટર ચાલક સામે ભારતીય ન્યાય સંહિતા તથા મોટર વાહન અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે.વાંકાનેર તાલુકાના હસનપર ગામની સીમમાં શ્રીજી કારખાના પાસે કાચા રસ્તા પર તા.૧૯/૦૨/૨૦૨૬ના રોજ માર્ગ અકસ્માતનો ગંભીર બનાવ બન્યો હતો. જેમાં ફરિયાદી ચંપાબેન કાંતિલાલ પ્રેમજીભાઈ બાબરીયા ઉવ.૪૫ રહે. શક્તિપરા હસનપર તા.વાંકાનેર મૂળ રહે.ટોળ ગામ તા. ટંકારા વાળા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ તેમના પતિ કાંતિલાલ પ્રેમજીભાઈ બાબરીયા ઉવ.૪૭ વાળા મોટરસાયકલ નં. જીજે-૦૩-બીએસ-૯૦૭૯ લઈ ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન આગળ જતા ટ્રેક્ટર રજી.નં. જીજે-૦૩-ઈએ-૪૩૬૩ની સાઈડ કાપી આગળ નીકળવા જતા હોય ત્યારે ટ્રેક્ટર ચાલકે પુરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન ચલાવી મોટરસાયકલને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કાંતિલાલભાઈને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું સ્થળ પર જ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પત્નીની ફરિયાદના આધારે વાંકાનેર સીટી પોલીસ દ્વારા આરોપી ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી જનકલ્યાણકારી યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા સાંસદ વિનોદ ચાવડાની તાકીદ

## દિશા સમિતિની બેઠકમાં તંત્રને યોજના અમલીકરણની કરાય ચર્ચા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી જીલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે 'ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટી' (દિશા)ની બેઠક કચ્છ-મોરબી વિસ્તારના સાંસદ વિનોદભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જીલ્લામાં ચાલી રહેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને માળખાગત સુવિધાઓના કામોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.



અધ્યક્ષ દ્વારા ડિસેમ્બર-૨૦૨૫ના અંત સુધીમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલી ભૌતિક અને નાણાકીય કામગીરીની ઝીણવટભરી સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. સાંસદે આ તકે VB -GRAM G, NRLM - 2, પ્રધાનમંત્રી આવાસ યોજના, સાંસદ આદર્શ ગ્રામ યોજના, સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અને સોઈલ હેલ્થ કાર્ડ, મહિલા અને બાળ સુરક્ષા, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને માતૃ વંદના યોજના, પીએમ પોષણ અને પીએમ કૌશલ્ય યોજના, પીએમ રોજગાર નિર્માણ કાર્યક્રમ સરકારી યોજનાઓની સમીક્ષા કરી હતી. ઉપરાંત આ યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી સમયસર અને પારદર્શક રીતે પહોંચે તે સુનિશ્ચિત કરવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘી, મોરબી તાલુકા પંચાયત પ્રમુખ અશોકભાઈ દેસાઈ, જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, ઈન્ચાર્જ જીલ્લા વિકાસ અધિકરી અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એન.એસ. ગઢવી, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, મોરબી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશ્નર સંજય સોની, પ્રાંત અધિકારીઓ, નગરપાલિકાના ચીફ ઓફિસરો તથા વહીવટી તંત્રના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુરૂદેવ રાકેશજી મહારાજ હસ્તે

# સુરેન્દ્રનગર: આંબેડકર ચોકથી એમ.પી. શાહ આર્ટસ કોલેજ હવે શ્રીમદ રાજચંદ્ર માર્ગ બન્યો

## શ્રીમદ રાજચંદ્ર મિશનના સંસ્થાપક ગુરુદેવ રાકેશજી સુરેન્દ્રનગરમાં પધારમણી થતા ભાવિકોમાં આનંદની લહેર

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

કબીરજી કહી ગયા કે જ્યાં સંત વસે ત્યાં વસંત વસે, હાલમાં એવું જ સુરેન્દ્રનગરમાં બન્યું. ભારતના મહાન સંત અને અધ્યાત્મમૂર્તિ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશજી સુરેન્દ્રનગર મુકામે પધાર્યા ત્યારે શહેર ભવ્ય અને દિવ્ય ઉજવણીઓનું સાક્ષી બન્યું હતું.



આનંદભુવન ખાતે ગુરુદેવ રાકેશજીના કલ્યાણકારી પ્રવચનમાં ભાગ લેવા હજારો ભાવિકો એકત્રિત થયા હતા. આ પ્રસંગે દુધરેજ સ્થિત વડવાળા મંદિરના મહંત કનીરામજી બાપુ, મોટા મંદિર લીંબડી નિમ્બાર્કપીઠના ગાદીપતિ લલિત કિશોરદાસજી બાપુ અને ગણપતિ ફાટસરના રામાશ્રયદાસ મહારાજે પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીનું બહુમાન કર્યું હતું. સાથે સાથે ધારાસભ્ય જગદીશભાઈ મકવાણા, બીજેપી જિલ્લા પ્રમુખ હાર્દિકભાઈ ટમાલિયા તેમજ સમસ્ત જૈન સંઘનું પ્રતિનિધિત્વ કરનાર મહાનુભાવો અને જાણીતી સામાજિક સંસ્થાઓના આગેવાનોએ પણ ગુરુદેવના નિષ્કામ માર્ગદર્શન અને નિઃસ્વાર્થ ભાવથી થતી અનેકવિધ સેવાઓ બદલ બહુમાન વ્યક્ત કર્યું હતું. આ ઉપરાંત આ પ્રસંગે પદ્મભૂષણ જગદીશભાઈ ત્રિવેદી અને શાહબુદ્દીન રાઠોડ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ ધનજીભાઈ પટેલ જેવા મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા, જે ગુરુદેવ રાકેશજીના બોધ પ્રત્યેની વ્યાપક શ્રદ્ધાને પ્રતિબિંબિત કરે છે. ખાસ હૃદયસ્પર્શી બાબત અહીં યુવાઓની ઉત્સાહસભર હાજરી હતી, જે યુવા પેઢીમાં આધ્યાત્મિકતાની વધતી પ્રાસંગિકતાનો પુરાવો હતો.

ગુરુદેવશ્રીના પ્રેરણાથી કાર્યરત અને આરોગ્ય ક્ષેત્રે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી લોકોનો અતૂટ વિશ્વાસ સંપાદન કરનાર ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલે સુરેન્દ્રનગરની સી.યુ. શાહ હોસ્પિટલનું સુકાન પોતાના સફળ અને અનુભવી હાથોમાં સંભાળ્યું છે અને હવે તેનું શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલ નામકરણ કરવામાં આવ્યું છે. પ્રસ્તુત પ્રવચનના કાર્યક્રમમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના ટ્રસ્ટીઓ દ્વારા હોસ્પિટલના ભૂતપૂર્વ ટ્રસ્ટીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.આ ધર્મયાત્રા દરમિયાન ગુરુદેવ રાકેશજીના પાવન હસ્તે આંબેડકર ચોકથી એમ. પી. શાહ આર્ટ્સ કોલેજના પાછળના માર્ગનું 'શ્રીમદ્ રાજચંદ્ર માર્ગ' નામકરણ કરવામાં આવ્યું હતું. જેને સર્વેએ ખૂબ ઉત્સાહપૂર્વક વધાવી લીધું હતું.

ત્યારબાદ કોઠારીયા સ્થિત સી. યુ. શાહ યુનિવર્સિટીના ૧૨માં પદવીદાન સમારોહમાં પણ ગુરુદેવએ ચીફ ગેસ્ટ તરીકે હાજરી આપી વિધાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા.

# હળવદના મેરૂપર ગામે નવજાત શિશુ મૃત હાલતમાં મળ્યું

## નિષ્ઠુર માતા-પિતા વિરૂદ્ધ પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ તાલુકાના મેરૂપર ગામે ઉકેરડામાં નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. નવજાત બાળકના મૃતદેહને શ્વાનો દ્વારા ખાધેલા હોવાનું પણ સામે આવ્યું છે.

હળવદ તાલુકાના મેરૂપર ગામે માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. મેરૂપર ગામના સરપંચ રાજુભાઈ વશરામભાઈ ખેર ઉવ.૫૦ રહે. મેરૂપર તા.હળવદ વાળા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ ગઈકાલ તા.૨૪/૦૨ના રોજ બપોરે આશરે ૧૨ વાગ્યાના અરસામાં તેઓ ગામમાં નીકળ્યા હતા. તે દરમિયાન ભવાની હાર્ડવેર પાસે આવેલ ઉકેરડા નજીક કોઈ અજાણ્યા માતા-પિતાએ તાજા જન્મેલા શિશુને જીવિત હાલતમાં અથવા તો જન્મ છુપાવવા માટે મૃતદેહનો નિકાલ કરવા ત્યજી દીધું હતું.

નવજાત બાળકના મૃતદેહના અમુક ભાગોને શ્વાનો દ્વારા ખાઈ ગયેલ હાલતમાં મળી આવેલ હતું. બનાવ અંગે તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા મૃતદેહ કબજે લઈ આરોપી અજાણ્યા માતા-પિતા વિરુદ્ધ ગુનો નોંધી, હળવદ પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

# માળીયાના વવાણીયા ગામે આખલાએ વૃદ્ધાને ઢીક મારતા ઈજાગ્રસ્ત

## ગંગાબેનને ઈજાઓ થતા રાજકોટ સિવિલમાં ખસેડાયા

**અબતક રાજકોટ**

માળીયા તાલુકાના વવાણીયા ગામમાં રખડતા ઢોરનો ત્રાસ વધતો જાય છે. ગઈકાલે સાંજે ગામમાં દૂધ લેવા જઈ રહેલા વૃદ્ધા પર ખુંટીયાએ જીવલેણ હુમલો કરતા તેઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. હાલ વૃદ્ધા રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વવાણીયા ગામમાં રહેતા ગંગાબેન શંકરભાઈ પારઘી (ઉં.વ. ૭૦) ગઈકાલે સાંજે ૪ વાગ્યાની આસપાસ પોતાના ઘર પાસે દૂધ લેવા જઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક એક રખડતો ખુંટીયો દોડી આવ્યો હતો અને ગંગાબેનને જોરદાર ઢીક મારી હડફેટે લીધા હતા. આ હુમલામાં ગંગાબેનને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ગંગાબેનને તાત્કાલિક સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ગંગાબેનને સંતાનમાં ત્રણ દીકરા અને એક દીકરી છે, જ્યારે તેમના પતિ નિવૃત્ત જીવન જીવી રહ્યા છે.

# વાંકાનેર નવાપરામાં પાલિકા તંત્ર દ્વારા સફાઈ કામગીરી શરૂ

## ગંદકી મુદ્દે નગરસેવકની રજૂઆતના પગલે તંત્ર એક્શન મોડમાં

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર શહેરના નવાપરા વિસ્તારમાં લાંબા સમયથી ગંદકી અને ઉભરાતી ગટરોની સમસ્યા મામલે સ્થાનિક કોર્પોરેટર દ્વારા પાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને રજૂઆતના પગલે નગરપાલિકા તંત્ર દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે.

વાંકાનેરના નવાપરા વિસ્તારમાં પંચાસર રોડ પર આવેલી સસ્તા અનાજની દુકાન પાસે છેલ્લા ઘણા સમયથી ગટરના ગંદા પાણી ઉભરાઈ રહ્યા હોય તેમજ માર્ગો પર ગંદકીના ગંજ ખડકાયા હતા. જેના કારણે સ્થાનિક રહીશો અને ત્યાંથી પસાર થતા રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હોય, જે મામલે સ્થાનિક કોર્પોરેટર અને શહેર મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જાગૃતિબેન ચૌહાણ દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરવામાં આવતા પાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે નવાપરા વિસ્તારમાં ગટરની સફાઈ અને જમા થયેલો કચરો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

# મોરબી સોની યુવાનની હત્યાના પડઘા લીંબડીમાં પડયા: સોની સમાજે બંધ પાળી આપ્યું આવેદન

## સોની યુવાનના હત્યારા સામે આકરી કાર્યવાહીની માંગ



**અબતક, અશ્વીનસિંહ રાણા, લીંબડી**

મોરબી પાસે તાજેતરમાં થોડા દિવસો પહેલા સોની યુવક જતિનભાઈ આદેસરા (સોની) પર નજીવી બાબતે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો જેમાં સોની યુવકનું મોત નીપજ્યુ હતુ. જે બનાવને પગલે સમગ્ર રાજ્યમાં સોની સમાજ સહિત અન્ય સમાજોમાં રોષ જોવા મળી રહ્યો છે લીંબડી ખાતે મંગળવારે સમસ્ત સોની સમાજે બપોર બાદ પોતાના રોજગાર ધંધા બંધ રાખીને સફેદ વસ્ત્રો ધારણ કરી આઝાદ ચોક થી મૌન બાઈક રેલી કાઢી અને સેવા સદન કચેરી ખાતે મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું હતુ. આ તકે સોની યુવકની હત્યા નિપજાવનાર શખ્સો સામે કડક કાર્યવાહી અને સજા કરવામાં આવે તેમજ મૃતક સોની યુવકને તંત્ર દ્વારા ન્યાય અપાવવાની માંગ સાથે રજૂઆત કરવામાં આવી હતી. આ રજુઆત દરમિયાન સોની સમાજના આગેવાનો, હોદ્દેદારો ઉપરાંત નવનાત વણિક સંગઠનના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# હળવદના જુના દેવળીયા ગામે ૩૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળેલ કે, જુના દેવળીયા ગામે રહેતો રસિક ભીખાભાઈ કોળી વોકળામાં તળાવની પાળ પાસે દેશી દારૂની ભઠ્ઠી ચલાવે છે, જેથી તુરંત હળવદ પોલીસ ટીમે ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા જ્યાંથી દેશી દારૂ બનાવવામાં ઉપયોગમાં આવતો ઠંડો આથો લીટર ૩૦૦ કિ.રૂ.૭,૫૦૦/- મળી આવ્યો હતો. રેઈડ દરમીયાન આરોપી રસિક ભીખાભાઈ કોળી રહે.જુના દેવળીયા તા.હળવદ વાળો હાજર નહીં મળી આવતા પોલીસે તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# મોરબી જિલ્લામાં યમરાજાનો પડાવ, અપમૃત્યુના પાંચ બનાવો

## મોરબીમાં કારખાનેદાર અને યુવકનું અકસ્માતમાં મોત: વાંકાનેરમાં પ્રૌઢના ફાંસો ખાઈ અને યુવકનો એસિડ પી આપઘાત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં અલગ-અલગ પોલીસ મથકોમાં અપમૃત્યુના પાંચ બનાવ નોંધાયા છે. મોરબી તાલુકાના મોડપર ગામના પાટીયા નજીક અકસ્માતના બનાવમાં વિકાસ મુનેશભાઈ દિક્ષીત ઉવ.૨૬ રહે. વાંકાનેર ગુ.હા. બોર્ડ વાળા વાહન અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેઓને સારવાર માટે સરકારી હોસ્પિટલ લાવવામાં આવ્યા બાદ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

રૂપલબેન અવધભાઈ સરૈયા ઉવ.૨૫ રહે. ભરવાડપરા વાંકાનેર વાળાએ કોઈ અજાણ્યા કારણસર એસિડ પી ગયા હતા. જેથી તેણીને ઝાડા-ઉલ્ટી થતા તેમની તબિયત બગડી હતી. ત્યારે પ્રથમ વાંકાનેર અને બાદમાં રાજકોટ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેણીનું મોત નિપજ્યું હતું.

વાંકાનેર સિટી પોલીસ મથકમાં નોંધાયો છે, જેમાં મૃતક શૈલેષભાઈ દિનેશભાઈ કાપડિયા ઉવ.૫૦ રહે. દિવાનપરા પતાળીયા રોડ વાંકાનેર વાળા માનસિક ટેંશનમાં હોવાથી તેઓએ પોતાના ભાઈની મંડપ સર્વિસની દુકાનમાં પંખા સાથે કાપડની દોરી બાંધી ગળેફાંસો ખાઈ લેતા પરિવારજનો દ્વારા તેમને હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા છે.

વિજયભાઈ ભાનુશંકર શીલુ ઉવ.૫૧ રહે. પટેલ કોલોની પીજી ક્લોકની પાછળ મોરબી વાળા મોરબીના રાજકોટ મોરબી હાઈવે ઉપર શ્રીજી એસ્ટેટમાં આવેલ 'શિવશંકર પેકેજિંગ' નામના કારખાનામાં ભાગીદાર હતા. ત્યારે ગઈકાલ તા.૨૪/૦૨ના રોજ તેઓ કારખાનામાં સ્લોટર મશીન રિપેર અથવા સાફ સફાઈ દરમિયાન દોરડાથી મશીન ઊંચું કરતાં હતા, ત્યારે કોઈ કારણસર મશીનની અંદર આવી જતા બ્લેડ ગળાના ભાગે વાગતાં ગંભીર ઈજા પહોંચી અને ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.

વાંકાનેરના ગારીડા ગામ હાઈવે રોડ પર તીર્થ હોટલ સામે ખોડિયાર માતાની ભેખડ પાસે આશરે ૪૦ થી ૪૫ વર્ષના અજાણ્યા પુરૂષનો મૃતદેહ લીમડાના ઝાડ સાથે ચાદર વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. સ્થાનિક ખેડૂત દ્વારા જાણ થતાં પોલીસ પહોંચી કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલ યાર્ડ મરચાની ૨૫૦૦૦ ભારીથી ઉભરાયું: આવક સ્વીકારવાનું બંધ

## સિઝનની પ્રથમ આવકમાં ભારીના રૂ.૧૫૦૦થી ૮૦૦૦ ભાવ બોલાયા ખેડૂતો રાજી રાજી

**અબતક જીતેન્દ્ર આચાર્ય ગોંડલ**

લાલ લાલ મરચું,, તીખું તીખું મરચું... સૌરાષ્ટ્ર ગુજરાતને દેશભરની રસોડાની રાણીઓ માટે સ્વાદિષ્ટ રસોઈ બનાવવા લાલ મરચા નું ખૂબ જ મહત્વ છે ત્યારે સૌરાષ્ટ્ર ગુજરાત જ નહીં સમગ્ર દેશમાં ગોંડલના લાલ મરચા ખૂબ વખણાય છે ગઈકાલે ગોંડલ યાર્ડમાં સીઝનની પ્રથમ લાલ મરચા ની આવક શરૂ થઈ હતી અને થોડા સમયમાં જ ૨૫,૦૦૦, ભારીની આવકથી યાર્ડ ઉભરાયું હતું અને યાડના સંચાલોકો નેમરચાની ભારીઓ આવક હાલ પૂરતી




અટકાવી દેવાની ફરજ પડી હતી. યાર્ડના સંચાલકોએ ખેડૂતોને બીજી જાહેરાત ન થાય ત્યાં સુધી મરચું ગોંડલ યાર્ડમાં લઈને ન આવવા અપીલ કરી છે. ગોંડલ યાર્ડમાં નવા મરચા ની આવક માં ભારી નો ભાવ પ્રથમ દિવસે ૧૫૦૦,થી ૮૦૦૦ બોલાવ્યા હતા. લાલ મરચા ની સીઝન શરૂ થતા જ ખેડૂતોને સારા ભાવ મળતા જગતનો તાત ખુશખુશાલ નજરે પડ્યો હતો. ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મરચાની સિઝન શરૂ થતા સાથે સૌથી વધુ રેશમ પટ્ટો, ઘોલર સાથે હાઇબ્રીડ સાનિયા ની આવક થઈ રહી છે, ગોંડલમાં વેચાવવા માટે આવેલી મરચાની ભારીઓમાં ઘોલર અને રેશમ પટ્ટા થી હાઇબ્રીડ સાનિયા મરચા એ સાઈડ કાપી છે અને વધુ આવક સાનિયા નોંધાઈ છે યાર્ડના સંચા લોકોએ હરાજી ચાલુ રાખી, મરચાની ભારીઓ ને અટકાવી દેવામાં આવી છે અને ખેડૂતોને અપીલ કરી છે કે યાર્ડમાં મરચાનો માલનો ભરાવો ઓછો થાય પછી નવી જાહેરાત બાદ ખેડૂતોએ માલ લઈને આવવું. ગોંડલ યાર્ડ માં મરચાની સીઝન શરૂ થતા ની સાથે જ બમ્પર આવક સાથે યાદ ૨૫,૦૦૦ ભારથી ઉભરાઈ ગયું હતું પરંતુ ખેડૂતોને સારો ભાવ મળતા જગતનો તાત રાજી રાજી થતો દેખાયો છે.

# વંથલી પંથકમાં પ્રેમલગ્ન બાદ છુટાછેડા કરનાર આધેડ પર હુમલો

## નાગપુર સ્થિત પ્રૌઢ જમીન વેચવા માંગતા હોય જેનો ખાર રાખી પૂર્વ સાળા સહિત ચાર શખ્સોએ મારમાર્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

વંથલી પંથકમાં ૨૫ વર્ષ અગાઉ ભાગીને કોર્ટ મેરેજ કર્યા બાદ સાતેક મહીના બાદ છુટાછુડા થઈ ગયાના તથા જમીન વેચવાના મનદુઃખે ૪ શખ્સોએ હથિયારો ધારણ કરી, હુમલો કરી, આધેડ અને મહિલાને ઈજાઓ કરી, મારી નાખવાની ધમકી આપતા આ મામલે પોલીસમાં ફરિયાદ દાખલ થવા પામી છે.મુળ વંથલીના કણજા ગામના અને હાલ મહારાષ્ટ્રના નાગપુર ગામે રહેતા ફરિયાદી હરેશકુમાર દેવશીભાઈ વાછાણી (ઉ.વ.૫૩) ને સને ૨૦૦૧ ના વર્ષમા કણજા ગામના સુદાભાઈ ચનાભાઈ ગરચરની બહેન સાથે પ્રેમસંબધ હોય અને ભાગીને કોર્ટ મેરેજ કર્યા બાદમા સાતેક મહીના બાદ છુટાછુડા થઈ જતા, તે વાતનુ તેમજ ફરીયાદી હરેશકુમાર તેની ખેતીની જમીન પોતાના કુટુબી ભાઇને વેચાતી આપવા માગતા હોય, જે બાબતનુ મનદુખ રાખી, સુદાભાઇ ગરચર સહિતના ૪ આરોપીઓએ જીવલેણ હથીયારો ધારણ કરી, ફરીયાદીના ઘરમાં ઘૂસી, સુદાભાઇ ગરચર, રાજનભાઇ કમલેષભાઇ ગરચર અને લુંભો નામના શખ્સોએ લાકડીઓ વડે તથા આરોપી ભાવેશભાઈ કાનાભાઈ એ કુહાડી વડે ફરીયાદી હરેશકુમાર તેમજ સાહેદ ગીતાબેનને જાનથી મારી નાખવાના ઈરાદે જીવલેણ હુમલો કરી, લોહીયાળ તથા મુંઢ ઈજાઓ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની વંથલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઈ છે.

પોલીસે ફરિયાદીની ફરિયાદના આધારે સુદાભાઈ ચનાભાઈ ગરચર, રાજનભાઈ કમલેષભાઈ ગરચર, ભાવેશભાઈ કાનાભાઈ અને લુંભો નામના શખ્સો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં ચકલી-પોપટનો જુગાર રમતા ૧૬ ઝડપાયા : ૧૪ વોન્ટેડ

## એસએમસીએ ચિત્તાખાના ચોકમાં ચાલતા જુગારધામ પર ત્રાટકી, ૨.૭૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

સ્ટેટ મોનિટરિંગ સેલએ ગઈકાલે જૂનાગઢ શહેરના ચિત્તાખાના ચોક વિસ્તારમા ખુલ્લા મેદાનમાં ચાલતા 'ચકલી-પોપટ'ના જુગારધામ પર ત્રાટકી, ૧૬ જુગારીઓને.પકડી લીધા હતા. જ્યારે દરોડા દરમિયાન નાશી છૂટેલા ૧૪ જેટલા આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે, સ્ટેટ મોનિટરિંગ સેલ એ આ દરોડા દરમિયાન રોકડ સહિત કુલ ૨.૭૪ લાખનો મુદામાલ કબજે કર્યો છે.

જૂનાગઢના ચિતાખાના ચોક વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલના પીએસઆઈ. જે.એચ. સિસોદિયા અને તેમની ટીમે જુગાર અંગે દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન ૧૬ આરોપીઓ મળી આવતા તમામને પકડી પાડવામાં આવ્યા હતા જ્યારે દરોડા દરમિયાન નાશી છૂટેલા અને હાજર નહિ મળી આવેલા ૧૪ શખસોને વોન્ટેડ જાહેર કરી, કુલ ૩૦ આરોપીઓ સામે જુનાગઢ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ગુન્હો.દાખલ કરાવવામાં આવ્યો હતો.

સ્ટેટ મોનિટરિંગ સેલના આ દરોડા દરમિયાન રોકડા રૂ.૫૮,૭૬૦ તેમજ ૧૭ નંગ મોબાઈલ, ૩ વાહનો સહિત કુલ રૂ.૨,૭૪,૨૬૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# અમરેલી: પિતાએ બાળકી સાથે કુવામાં મોતની છલાંગ લગાવી

## રિસામણે રહેલી પત્નીએ ફરિયાદ કરતા લાગી આવતા પુત્રી સાથે ભર્યું અંતિમ પગલું

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલીના બાયપાસ પાસે આવેલી વાડીમાં રવિવારની રાત્રે પિતા-પુત્રીના ડૂબી જવાથી કરૂણ મોત નિપજ્યા હોવાની ઘટના સામે આવી છે. પત્ની સાથેના વિવાદ અને પોલીસ ફરિયાદથી વ્યથિત થઈને પિતાએ માસૂમ દીકરી સાથે અંતિમ પગલું ભરતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે અમરેલીની બ્રાહ્મણ સોસાયટી પાછળ રામાણીનગરમાં રહેતા દિપકભાઈ બાબુભાઈ રામાણી ઉં.વ. ૪૦ અને તેમની ૧૨ વર્ષીય પુત્રી રિવાબેન ગત તા.૨૨/૦૨/૨૦૨૬ ના રોજ રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં અમરેલી બાયપાસ પાસે આવેલી પોતાની વાડીએ ગયા હતા. ત્યાં પિતા પુત્રીએ એકસાથે વાડીના કૂવામાં ઝંપલાવ્યું હતું, જેમાં પાણીમાં ડૂબી જવાથી બંનેના કમકમાટીભર્યા મોત થયા હતા.

બનાવ અંગે મૃતકના ભાઈ હિતેષભાઈ રામાણી ઉં.વ. ૩૯ દ્વારા પોલીસ સમક્ષ જાહેર કરવામાં આવેલી વિગત પ્રમાણે મૃતક દિપકભાઈના પત્ની છેલ્લા ત્રણ મહિનાથી સુરત મુકામે પિયરમાં રીસામણે હતા.પત્નીએ સુરતના કતારગામ મહિલા પોલીસ સ્ટેશનમાં દિપકભાઈ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી.


કૌટુંબિક કલેશ અને પોલીસ કાર્યવાહીના કારણે દિપકભાઈ સતત માનસિક તણાવમાં હતા અને આ બાબત તેમને મનમાં લાગી આવતા તેમણે દીકરી સાથે આત્મઘાતી પગલું ભર્યું હતું. આ બનાવ અંગેની જાણ થતા જ સ્થાનિક તંત્ર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. કૂવામાંથી બંનેના મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. રામાણી પરિવારના બે સભ્યોના એકસાથે મોતના સમાચારથી બ્રાહ્મણ સોસાયટી અને રામાણીનગર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# બહુચર્ચિત કીર્તિ પટેલ બે ગુન્હામાં ભવનાથ પોલીસ સ્ટેશનમાં હાજર

## મૃગી કુંડમાં સ્નાન બાદ વિવાદ વકરતા ફરિયાદ નોંધાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

સોશિયલ મીડિયામાં બહુચર્ચિત અને લાખો ફોલોઅર્સ ધરાવતી સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલ ગઈકાલે ભવનાથ પોલીસ સ્ટેશનમાં તેમની વિરુદ્ધ નોંધાયેલા બે ગુન્હામાં વકીલને સાથે રાખી પોલીસ સમક્ષ હાજર થઈ હતી. જૂનાગઢના મહાશિવરાત્રી મેળાના અંતીમ દિવસે શિવરાત્રીની રાત્રિના સમયે સોશિયલ મીડિયાની લોકપ્રિય એવી કીર્તિ પટેલે ભગવા વસ્ત્રો ધારણ કરી, સાધુઓ સાથે મૃગી કુંડમાં સ્નાન કરતા ભારે વિવાદ વકર્યો હતો. આ બાબતે જુનાગઢ રેન્જ પોલીસ સ્ટેશનના મહિલા પીઆઇ દ્વારા કીર્તિ પટેલ સામે ફરજમાં રૂકાવટ, પોલીસ સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન અને મારી નાખવાની ધમકી સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેમાં પ્રભાસ પાટણના



નિરાલી ખોડીયાર ગામના મહંત મહામંડલેશ્વર બજરંગદાસ બાપુ દ્વારા કીર્તિ પટેલે સાધુ સંતો સાથે મૃગી કુંડમાં સ્નાન કરતા લાગણી દુબઈ હોવાની ફરિયાદ ભવનાથ પોલીસ સ્ટેશનમાં દાખલ થવા પામી હતી.

કીર્તિ પટેલ ભવનાથ કોર્ટમાં પોતાના વકીલ સાથે હાજર થઈ હતી અને ભવનાથ પી.આઈ.એ કીર્તિ પટેલનું નિવેદન લીધું હતું.

ગત ૨૧ તારીખે જુનાગઢના યુવક દ્વારા કીર્તિ પટેલ સહિતના પાંચ લોકોએ રૂ.૨૦ લાખ માંગી, ધાક ધમકી આપી હોવાની જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થવા પામી હતી. આ ગુન્હાઓના કામે જૂનાગઢ પોલીસ કીર્તિ પટેલને ઉદેપુરમાંથી પકડી લાવી હતી. અને રૂ.૨૦ લાખ માંગવાના કેસમાં જુનાગઢ તાલુકા પોલીસે કિર્તિ પટેલના કોર્ટમાંથી રિમાન્ડ મેળવ્યા બાદ, રિમાન્ડ પુરા થતા, રૂ.૨૦ લાખ માંગવાના કેસમાંથી કીર્તિ પટેલને જામીન મુક્ત કરી હતી.

# જૂનાગઢમાં બસે સ્કૂટરને અડફેટે લેતા માતા અને પુત્રનું મોત

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં માતેલા સાંઢની જેમ ચલાવાતી મીની બસના ચાલકે સ્કૂટરને હડફેટે લઈ અકસ્માત સર્જી દેતા, ૩૯ વર્ષીય મહિલા અને તેના ૬ વર્ષીય દીકરાનું કરૂણ મોત નિપજ્યું હતું, આ અકસ્માત અંગે પોલીસે બસ ચાલક સામે ગુન્હો નોંધ્યો છે, તો બીજી બાજુ મરણ જનારના પરિવારજનોમાં આક્રંદ છવાયો છે.જુનાગઢના વંથલી રોડ પર આવેલ સનસીટી ડુપ્લેક્ષ-૧માં રહેતા નિરપલબેન જીગ્નેશભાઈ જોટાણીયા (ઉ.વ.૩૯) પોતાની એવીયર સ્કૂટર પર તેમના નાના દિકરા બ્રિઅન (ઉ.વ.૬) ને લઈને જતા હતા. દરમ્યાન મોતીબાગ સામે આવેલ તનિષ્ક શો રૂમ સામેના ભાગે પહોચતા આઈસર મીની બસ ન. જીજે ૦૫ એવી ૦૨૬૩ ના ચાલકએ પોતાની મીની બસ પુરઝડપે બેફીકરાયથી ચલાવી, સ્કૂટર સાથે અકસ્માત સર્જી દેતા, નિરપલબેન તથા તેણીના દીકરા બ્રિઅન ગભીર ઈજાઓ થતા મા દીકરાનું મોત નિપજયા હતા, જ્યારે અકસ્માત સર્જી મીની બસ ચાલક પોતાનું વાહન મુકી નાશી ગયો હતો.

આ અકસ્માત અંગે મરણ જનાર મહિલાના પતિ જીગ્નેશભાઈ વલ્લભભાઈ જોટાણીયાએ આઈસર મીની બસ નં.જીજે ૦૫ એવી ૦૨૬૩ના ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે બસ ચાલક સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીધામ: કિડાણામાં ઈન્સ્ટાગ્રામ પર મર્ડરની ધમકી આપનાર આરોપીનું રિકન્સ્ટ્રક્શન



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામના કિડાણા વિસ્તારના શબ્બીર સુલેમાન કાનગડાએ ઈન્સ્ટાગ્રામ પર વીડિયો વાયરલ કરી ગણેશનગરના ફરિયાદીને ૨૪ કલાકમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીએ જાહેર ચોકમાં મર્ડર કરવાની ચેલેન્જ ફેંકી જાતિ વિષયક અપમાનજનક શબ્દો અને બિભત્સ ગાળોનો પ્રયોગ કર્યો હતો.આ ગંભીર મામલે તપાસ કરનાર અધિકારી ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડા અને બી-ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી હતી. તારીખ ૨૪/૨/૨૦૨૬ ના પોલીસ દ્વારા આરોપીને ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શનની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ગાંધીધામ: મકાનમાંથી રૂ. ૭.૫૫ લાખના દારૂ સાથે બોદુ પ્રજાપતિ ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ ''એ'' ડિવિઝન પોલીસના પી.આઈ. એમ.ડી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે પ્રોહિબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ગાંધીધામના અપનાનગર વિસ્તારમાં મકાન નંબર ૪૩/બી પર દરોડો પાડવામાં આવ્યો હતો. આ



સ્થળેથી પોલીસને ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩૭૨ મોટી બોટલો અને ૧૧૯ ક્વાર્ટર મળી આવ્યા હતા. પોલીસે કુલ ₹૭,૫૫,૭૨૫ ની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કરી આરોપી બોદુરામ કિષ્નારામ પ્રજાપતી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ સફળ કામગીરી ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એમ.ડી.ચૌધરી,પોલીસ સબ ઈન્સપેક્ટર વી.એચ.ઝાલા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

# ઉના નજીક ટ્રકના ટાયરમાં બાઈક ઘુસી જતા ચાલકનું મોત

**અબતક, ઉના**

ઊના તાલુકાના તડ ગામે થી પાલડી ગામ તરફ એક ટ્રક નંબર GJ 32 T 3092 જઈ રહ્યો હતો ત્યારે પાછળ પાલડી ગામ ના યુવાન ભરત ભાઈ રૂપા ભાઈ બાબરીયા ઉ. વી. ૪૦ જે ફર્નિચર બનાવવા નું કામ કરે છે તે તડ ગામે થી કામ કરી પોતાના કબજા વાળી મોટર સાયકલ નંબર GJ 11 AP 2920 ઉપર પાલડી જતો હતો ત્યારે અકસ્માતે આગળ જતા ટ્રકની પાછળ ના જોટા ઘૂસી ગયો હતો. ટ્રકના પાછલા જોટામાં આવી જતા વ્હીલ માથા ઉપર અને પેટ ઉપર ફરી વળ્યા હતા. કમકમાટી ભર્યું મોત થયું હતું. શરીરના ટુકડા



થઈ રોડ ઉપર પડી ગયા હતા. ટ્રક ચાલક ટ્રક મુકી નાસી ગયો હતો. લોકો ભેગા થઈ જતા નવા બંદર મરીન પોલીસને જાણ કરી હતી અને ભરત ના શરીર ના ટુકડા પાવડા થી અને હાથ થી ભેગા કરી થેલીમાં ભરી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. મરણ જનારને ત્રણ દીકરી અને એક દીકરો છે. તેમના મૃત્યુ થી ચાર સંતાનો અને પત્ની એ છત્ર છાયા ગુમાવી હોય પરિવાર માં શોક છવાઈ ગયો છે. ઊના તાલુકાના એહમદ પુર માંડવી થી કોબ તરફ જતો રોડ પહોળો કરવા કામ ચાલુ છે અને કામ વખતે કોઈ ડાઈવર્ઝન કાઢવામાં આવેલ નથી કે કોઈ બોર્ડ મૂકવા માં આવેલ ના હોય તેમજ રોડ નું કામ ચાલુ હોય વાહન પસાર થાય ત્યારે ધૂળ ની ડમરી ખુબ ઊડતી હોય પાછળ ના વાહન ચાલકો ને ચોખ્ખું દેખાતું નથી તેથી વાહન અકસ્માત થાય છે. પોલીસએ ટ્રક ચાલક સામે અકસ્માત કરી મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાવા તજવીજ શરૂ કરી છે.

# પડધરીના ખજૂરડી ગામે ઓરડીમાંથી ત્રણ કિલો ચાંદી સહિત રૂ. ૧.૭૦ લાખની ચોરી

## રાતે અઢી વાગ્યે શ્રમિક જાગી જતાં તસ્કરો ભાગ્યાં : રેતીના ઢગલામાં છુપાવેલ ચાંદી કાઢી લીધી, થેલીમાં રાખેલ રોકડ પણ ઉસેડતા ગયાં

**અબતક, રાજકોટ**

પડધરીના ખજૂરડી ગામની સીમમાં મોડી રાતે તસ્કરો ત્રાટક્યા હતાં અને શ્રમિક પરીવારની ઓરડીમાંથી ત્રણ કિલો ચાંદી અને રોકડ મળી કુલ રૂ.૧.૭૦ લાખની ચોરી કરી નાસી છૂટતાં પોલીસે તસ્કરોની શોધખોળ આદરી હતી. તસ્કરો રેતીના ઢગલામાં છુપાવેલ ચાંદી કાઢી થેલીમાં રાખેલ રોકડ પણ ઉસેડતા ગયાં હતાં.

બનાવ અંગે મૂળ દાહોદના વતની અને હાલ પડધરીના ખજૂરડી ગામે સીમ વિસ્તારમાં મનસુખભાઈ તરાવીયાની વાડીમાં રહેતાં મુકેશભાઈ નંગરીયાભાઈ સંગોળ (ઉ.વ.૩૯) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તે પત્નિ તથા બાળકો સાથે રહે છે. તેઓને સંતાનમાં ચાર દીકરીઓ અને એક પુત્ર છે.ગઈ તા. ૨૦ ના રાત્રીના દસેક વાગ્યે તેઓ અને તેમના પરિવારજન જમીને રાત્રીના સાડા દશેક વાગ્યે સુઇ ગયેલ હતાં. તેઓ દંપતી ઓરડીની બહાર અને સંતાનો ઓરડીમાં સુતા હતા. રાત્રીના આશરે અઢી વાગ્યા આસપાસ તેઓ જાગેલ અને જોયેલ તો ઓરડીનો દરવાજો ખુલ્લો હતો, જેથી જાગી જતા કોણ છે તેવી બુમ પાડતા અમુક અજાણ્યા શખ્સોને ભાગતા જોતા તેઓના ખાટલે રહેલ ટોર્ચની લાઈટ કરીને જોયેલ અમુક શખ્સો મોઢે રુમાલ બાંધેલ હોય અને તે ભાગી ગયેલ હતા.

બાદમાં તેઓએ ઓરડીમાં જોતા ઓરડીમાં નીચે કાચુ ભોય તળીયુ હોય જેમાં ત્યાં કોદાળી તથા કૌંસ પડેલ હોય જેના વડે ઓરડીમાં ભોયતળીયે તથા રેતીના ઢગલામાં ખાડા ખોદેલા હતા. ઓરડીનો બધો સામાન અસ્ત વ્યસ્ત હોય તેમજ છોકરા જે બાજુની ઓરડીમાં સુતા હતા ત્યા જોયેલ તો ત્યા પણ નિચે ભોયતળીયે ખાડા ખોદેલ હતા. પરંતુ તે ઓરડીમાં કશુ ચોરાયેલ ન હોય પરંતુ તેઓની ઓરડીમાં જઈને જોયેલ તો ઓરડીની દિવાલે ટીંગાડેલ થેલામાં રાખેલ રોકડ રૂ.૨૦ હજાર જે થેલામાં જોવામાં આવેલ નહી, રૂમમાં ખુણામાં પડેલ રેતીનો ઢગલો પણ ખોદેલ હતો, જેમા એક પ્લાસ્ટીકના ડબલામાં સંતાડીને ચાંદીના ઘરેણા ભરીને રાખેલ હતા, જેની ખરાઈ કરતા ખાલી પ્લાસ્ટીકનુ ડબલુ પડેલ હતુ, જેમા ચાંદીના સાંકળા (ડોકના) નંગ-૦૩ (જેમાં બે સાંકળા ૫૦૦-૫૦૦ તથા એક ૨૫૦ ગ્રામ), ચાંદીના કળા નંગ-૦૩ (જે ત્રણેય ૨૫૦ ગ્રામ), હાથમાં પહેરવાની પૌંચી નંગ-૦૧ ( ૧૫૦ ગ્રામ) તેમજ રેતીના ઢગલા પાસે કાળા કલરના પાઉચ (પાકીટ) રાખેલ હતુ, જેમાથી ચાંદીનો કંદોરો નંગ-૦૧ (૦૧ કિલો ગ્રામ) રાખેલ હોય જે તમામ મળીને અંદાજે ૦૩ કિલોથી વધું ચાંદી હતુ જે બધુ જ જોવામાં આવેલ નહી.

આ ચાંદીના દાગીના એકાદ વર્ષ પહેલા પત્નિ માટે બનાવડાવેલ હતા. તેમજ તેઓના ચાંદીના કળા નંગ -૦૩ જે પણ જોવામાં આવેલ નહી. જેથી કોઈ અજાણ્યા શખ્સો મોડી રાતે દોઢ વાગ્યાથી અઢી વાગ્યાની વચ્ચે ઓરડીમાં ત્રાટકી રોકડ અને ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧.૭૦ લાખની મતા ચોરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પડધરી પોલીસે ગુનો નોંધી પીઆઈ એસ.એન.પરમાર અને ટીમે તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ધ્રાંગધ્રાની ધૂમઠ ચોકડી નજીક ટ્રકમાં આગ ભભૂકી: બે લોકો દાઝયા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

કચ્છ અમદાવાદ હાઈવે ફોરલેન રોડ બન્યા પછી નાના મોટા અકસ્માતના બનાવ અનેક વખત સામે આવી રહયા છે. ત્યારે ધાંગધ્રા માલવણ હાઈવે પર ધૂમઠ ચોકડી નજીક હાઈવે પર દાડમ ના બોક્સ ભરીને ગાડી અહમદાવાદ તરફ જઈ રહી હતી તે સમયે એકાએક આગ લાગતા અફડાતફડી મચી જવા પામી હતી જેમાં સદ્દભાગ્યે ગાડીના ડ્રાઈવર, કેલેન્ડરનો આબાદ બચાવ થવા પામ્યો હતો.જેમાં ટ્રક ગાડીના ડ્રાઈવરએ સમય સૂચકતા દાખવી ગાડીમાંથી બહાર નીકળી ગયો હતો જયારે ટ્રક ના કેબિનમાં જોતજોતામાં આગ વધતા ત્યાંથી પસાર થતા વાહનચાલકો અને



હાઈવે પર પેટ્રોલિંગ કરતી કંપનીના ગાડીના ડ્રાઈવર વિજયસિંહ જાડેજા રોડ સેફટી ની ટીમ ની ગાડી એ ધાંગધ્રા નગરપાલિકા ફાયર ટીમને જાણ કરાતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગને બુઝવાનો પ્રયાસ હાથ ધર્યો હતો.જયારે ભારે પ્રયાસ બાદ આગને કાબૂમાં લીધી હતી.જે ઘટનાની જાણ પોલીસને થતા તાલુકા પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈને હાઈવે ઉપર થયેલ ટ્રાફિક હળવો કરી આગળની કામગીરી હાથ ધરી હતી.

# સુરતમાં શેરબજારના ધંધાર્થીનો પરિવાર સાથે સામુહિક આપઘાત: પુત્રી સહિત ત્રણના મોત

## વેસુમાં હેપી એલીગન્સ બિલ્ડીંગનો બનાવ : પરિવારે સુસાઈડ નોટ લખી ઝેરી દવા ગટગટાવી લેતા અરેરાટી : એક પુત્રી સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

સુરતના વેસુ વિસ્તારમાં આવેલી 'હેપી એલિગન્સ' બિલ્ડિંગમાં એક જ પરિવારના ચાર સભ્યોએ ઝેરી દવા પીને સામૂહિક આપઘાતનો પ્રયાસ કરતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. બાલમુકુન્દ રુંગટા નામના વ્યક્તિએ પોતાની પત્ની અને બે માસૂમ દીકરીઓ (ઉંમર આશરે ૫ થી ૭ વર્ષ) સાથે જીવન ટૂંકાવવાનું પગલું ભર્યું હતું. આ કરુણ ઘટનામાં પતિ, પત્ની અને એક દીકરી સહિત કુલ ત્રણ સભ્યોના સારવાર દરમિયાન મોત નીપજ્યા છે, જ્યારે અન્ય એક દીકરીનો આબાદ બચાવ થયો છે, જે હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઘટનાની જાણ થતા જ વેસુ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો, જ્યાં તપાસ દરમિયાન એક સુસાઈડ નોટ મળી આવી છે. આ સુસાઈડ નોટમાં વૈભવ રુંગટા નામના વ્યક્તિ દ્વારા રૂપિયાની લેતીદેતી મામલે આપવામાં આવતા શારીરિક અને માનસિક ત્રાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

વેસુ પોલીસે સુસાઈડ નોટના આધારે તપાસ શરૂ કરી હાલ પોલીસે સુસાઈડ નોટ કબજે કરી ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે અને આ સામૂહિક આત્મહત્યા પાછળના જવાબદાર કારણોની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

### વૈભવ રૂંગટાએ ગાડી-ક્રેડિટ કાર્ડ પડાવી લીધાનો સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ

સુસાઈડ નોટમાં જણાવ્યા અનુસાર, વૈભવ રૂંગટા નામના શખ્સે મૃતકની ગાડી અને ક્રેડિટ કાર્ડ પડાવી લીધા હતા અને તે કાર્ડથી બિનજરૂરી શોપિંગ પણ કરી હતી. આ માનસિક અને આર્થિક ત્રાસને કારણે પરિવારે આત્મઘાતી પગલું ભર્યું હોવાનું મનાય છે. હાલમાં વેસુ પોલીસે આરોપી વૈભવ રૂંગટા વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર: દંપતી વચ્ચે થયેલા ઝઘડાના સમાધાનમાં વેવાઈ વચ્ચે બઘડાટી

## બંને પક્ષના ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડ્યા: સામ-સામો નોંધાતો ગુનો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં અમન, ચમન સોસાયટીમાં રહેતા પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડામાં સમાધાન માટે ગયેલા વેવાઈ વેલા વચ્ચે માથાકૂટ થયાનો કિસ્સો સામે આવ્યો છે. બંને પક્ષે એક બીજા ઉપર હુમલા મામલે સિટી એ ડિવિઝન પોલીસ મથકમાં સામસામે ફરિયાદ નોંધાઈ છે.

રાજકોટના રૈયા રોડ હનુમાન મઢી, હીરામન સોસાયટીમાં રહેતા અયાનભાઈ ઈકબાલભાઈ ગઢકાઈએ કાલાવડ નાકા બહાર અમન, ચમન સોસાયટીમાં રહેતા અવેશ યાસીન જેમલાણી, અનીશ યાસીન જેમલાણી, યાસીન જેમલાણી અને અબ્બાસ જેમલાણી સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ ફરિયાદીના બહેન નમીરાબેન અને તેના પતિ અવેશભાઈ વચ્ચે ઝઘડો થયો હતો. આ બાબતનું સમાધાન કરાવવા ફરિયાદી તથા તેઓના માતા-પિતા અને મામા ફરિયાદીના બેનના ઘરે ગયા હતા.

તા.૨૨ની રાત્રેબાર વાગ્યા આસપાસ ફરિયાદીના પરિવારના સભ્ય અને બેનના સાસરીયા પક્ષના સભ્યો વચ્ચે સમાધાનની વાતો ચાલતી હતી. તેવામાં ફરિયાદીની બેનના સસરા યાસીનભાઈએ ફરિયાદીની બેનને ભૂંડી ગાળો આપી ફડકો મારી લીધો હતો. બાદમાં બનેવી અવેશે લોખંડના પાઈપ વડે ફરિયાદીના માતા ઉપર હુમલો કર્યો હતો.ફરિયાદી અયાનભાઈ વચ્ચે પડતા અવેશના ભાઈએ છરીનો હાથો માથાના મારી લીધો હતો. અબ્બાસભાઈએ પણ હુમલો કર્યો હતો. બનેવી અવેશે ફરિયાદીને કહ્યું કે, આજ પછી અમારા ઘરે આવતા નહીં નહિતર બધાને જાનથી પતાવી દઈશ. હાલ ફરિયાદી યુવાન અને તેના માતા-પિતા તથા બેન અને મામાની જી.જી. હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી છે.

સામાપક્ષે અવેશ યાસીન જેમલાણીએ સાળા અયાન અને અયાનના મામા નવસાદ સામે ફરિયાદ નોંધાવી જણાવ્યું કે ફરીયાદીને પત્ની સાથે ઘર કંકાસ વધતા સસરા ઈકબાલભાઈ, સાળો અયાન તથા સાસુ નૂરજાબેન અને પત્ની નમીરા, તેના મામા નવસાદભાઈ ઘરે આવ્યા હતા. ઝઘડા વિષે વાત કરતા બધા વચ્ચે મારામારી થઈ હતી. જેમાં આરોપીઓએ હુમલો અને મારી નાખવાની ધમકી આપી હોવાની પોલીસ સમક્ષ ફરિયાદ કરાઈ છે.

# કેશોદ નજીક અકસ્માતમાં ઘવાયેલા આધેડનું મોત, મૃત્યુ આંક બે થયો

## જામખંભાળિયાથી પરત ફરતી વખતે રીક્ષાને કારે અડફેટે લેતા પ્રૌઢે સારવારમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

કેશોદ તાલુકાના કોયલાણા ગામ પાસે ગત ૨૩ ફેબ્રુઆરીએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં આજે વધુ એકનું મોત થયું છે. અજાણ્યા ફોરવીલ ચાલકે રીક્ષાને અડફેટે લેતા થયેલી આ દુર્ઘટનામાં અગાઉ એક આધેડનું મોત નીપજ્યું હતું, જ્યારે આજે વધુ એક વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં માતમ છવાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૨૩ ફેબ્રુઆરીના રોજ અમદાવાદથી પોતાના સાળાના સગપણ માટે આવેલા તરુણભાઈ પરમાર અને અન્ય બે લોકો જામખંભાળિયા ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે બાલગામના પાટિયા પાસે અજાણ્યા ફોરવીલ ચાલકે તેઓની રીક્ષાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે અમદાવાદના તરુણભાઈ સવાભાઈ પરમાર (ઉં.વ. ૪૮) નું અગાઉ મોત નીપજ્યું હતું. જ્યારે આજે કેશોદના રહેવાસી કરણસિંહ રાણાજી રાયજાદા (ઉં.વ. ૬૫) એ સારવાર દરમિયાન દમ તોડ્યો છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક કરણસિંહ ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને તેમને સંતાનમાં બે દીકરા તથા એક દીકરી છે.અકસ્માતમાં અન્ય ઈજાગ્રસ્તો હીનાબેન તરુણભાઈ પરમાર (ઉં.વ. ૪૨), શૌર્ય તરુણભાઈ પરમાર (ઉં.વ. ૧૭), જનકસિંહ રાણાજી રાયજાદા (ઉં.વ. ૪૬) હરપાલસિંહ પ્રવિણસિંહ રાયજાદા (ઉં.વ. ૪૦) આ તમામ ઈજાગ્રસ્તો હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. બાલગામ પાટિયા પાસે અકસ્માત સર્જીને નાસી છૂટેલા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે ફરાર ચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરમાં કોર્પોરેટરના પિતરાઈ પર હુમલો કરનાર સાત શખ્સોની ધરપકડ

## જૂની અદાવતનો ખાર રાખી પાંચ દિવસ પૂર્વે ધોકા અને પાઈપ વડે આઠ તૂટી પડ્યા'તા

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરના પાંચહાટડી ચોક ખાતે કોર્પોરેટરના પિતરાઈ ભાઈ ઉપર થયેલા હુમલા પ્રકરણમાં સંડોવાયેલા ૭ શખ્સોને ઝડપી લેવામાં સિટી એ ડિવિઝન પોલીસની ટીમ સફળ થઈ છે. જેથી આ દિશામાં વધુ તપાસ હાથ ધરાઈ છે. શહેરના પાંચહાટડી ચોક ખાતે ગત શુક્રવારની રાત્રે હુમલો કરાયો હતો. જૂની અદાવતનો ખાર રાખી શહેરના હર્ષદમીલની ચાલી વિસ્તારમાં રહેતા અને હર્ષદમીલની ચાલી વિસ્તારમાં રહેતા ઓશમાણ મુસાભાઈ ખફી અને તેના મિત્ર મોસીન રૂમી ઉપર ૮ શખ્સો પાઈપ વડે તૂટી પડ્યા હતા. ધોકા પાઈપ વડે હુમલા અને મારી નાખવાની ધમકી મામલે આરોપી રેહાન ઈકબાલભાઈ બેલીમ, સદામ ઉર્ફે ઈંડો શેખ, રઉફ ગુલામભાઈ બેલીમ, શાહનવાઝ મહમદહનીફ ખીલજી અને શાકીર રફીકભાઈ ખીલજી, મહમદ અખ્તર પંજા, અસલમ ઉર્ફે અસલો કાદરભાઈ શેખ અને સદામ હનીફ પંજા સામે ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદ બાદ સિટી એ-ડિવિઝન પોલીસે આરોપી રેહાન ઈકબાલભાઈ બેલીમ, સદામ ઉર્ફે ઈન્ડો અસગર શેખ, શાકિર રફીકભાઈ ખીલજી અને રઉફ ગુલામભાઈ બેલીમ, મહમદ અખ્તર પંજા,અસલમ ઉર્ફે અસલો કાદરભાઈ શેખ અને સદામ હનીફભાઈ પંજાને દબોચી લીધા છે. જ્યારે શાહનવાઝ મોહમદહનીફ ખીલજી નામના શખ્સની હાજરી બનાવ દરમિયાન અન્ય સ્થળે હોવાથી પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. બીજી બાજુ પોલીસ ઝપટે ચડેલા શખ્સો પાસેથી છરી, પાઈપ કબ્જે કરાયા છે.



# સાયલામાં જમીન વિવાદમાં ભાઈ વચ્ચે મારામારી, ત્રણ ગંભીર રીતે ઘાયલ

## વાડી વિસ્તારમાં ધોકાવાળી થતા કાકા-ભત્રીજા ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા

**અબતક, રાજકોટ**

સાયલા તાલુકાના કોટડા ગામે જમીન વિવાદમાં સગા ભાઈઓ સામસામે આવી જવાની ઘટના પ્રકાશમાં આવી છે. વાડી વિસ્તારમાં થયેલી આ મારામારીમાં કાકા-ભત્રીજા સહિત કુલ ત્રણ વ્યકિતઓને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ધજાળા પોલીસે આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, કોટડા ગામમાં રહેતા અને ખેતીકામ કરતા સુખાભાઈ વાલાભાઈ (ઉં.વ. ૫૨) અને અશ્વિનભાઈ ગઈકાલે સાંજે આશરે સાડા છ વાગ્યાના સુમારે ગામની સીમમાં આવેલી વાડીએ હતા. આ દરમિયાન જમીન બાબતે ચાલી રહેલા જૂના વિવાદને પગલે સુખાભાઈના ભાઈ નથુભાઈ વાલાભાઈ (ઉં.વ. ૫૫) અને ભત્રીજા વિજયભાઈ નથુભાઈ (ઉં.વ. ૩૦) સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ બોલાચાલીએ મામલો બિચક્યો હતો અને બંને પક્ષો દ્વારા સામસામે ધોકા વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હિંસક અથડામણમાં, સુખાભાઈ વાલાભાઈ,નથુભાઈ વાલાભાઈ, વિજયભાઈ નથુભાઈ આ ત્રણેયને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, બંને પક્ષો વચ્ચે છેલ્લા ઘણા સમયથી જમીન બાબતે ડખ્ખો ચાલતો હતો, જેનું પરિણામ ગઈકાલે અથડામણમાં આવ્યું હતું. પોલીસે હાલ આ અંગે વધુ તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરી છે.

# બાબરાના કરીયાણામાં મને હવે ગમતું નથી કહી યુવકનો આપઘાત

**અબતક રાજકોટ**

બાબરા તાલુકાના કરીયાણા ગામમાં જેમાં આર્થિક સંકડામણ અને વ્યવસાય પ્રત્યેના કંટાળાને કારણે યુવકે આપઘાત કરી લેવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. કાલીરાણા ગામના ૩૭ વર્ષીય યુવકે પોતાના ઘરે ઘઉંમાં નાખવાના ટીકડા (ઝેરી દવા) પી લેતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કરીયાણા ગામમાં રહેતા સંજયભાઈ જુગલભાઈ રાતડિયા (ઉં.વ. ૩૭) છેલ્લા ઘણા સમયથી માનસિક રીતે પરેશાન હતા. તેઓ હીરા ઘસવાનું કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા, પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી તેઓ અવારનવાર કહેતા હતા કે ''મને હવે ગમતું નથી, મારે જીવવું નથી.'' તેમને હીરા ઘસવાનું કામ ગમતું ન હોવા છતાં ઘરની જવાબદારીને કારણે તેઓ આ કામ કરી રહ્યા હતા. આર્થિક ભીંસ અને કામના ભારણથી કંટાળી ગઈકાલે જ્યારે સંજયભાઈ પોતાના ઘરે હતા, ત્યારે તેમણે ઘઉંમાં નાખવાની ઝેરી ટીકડીઓ ગટગટાવી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે. આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે હોસ્પિટલ પહોંચી મૃતદેહનો કબજો મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આત્મહત્યાનું કારણ કામ પ્રત્યેનો કંટાળો અને આર્થિક મુશ્કેલી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ૩૭ વર્ષીય યુવકના અકાળે અવસાનથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

(પહેલા પાનાનું ચાલું)

**કલ્પસર...**

બદલાય ગયા બાદ આ યોજનાના હજી ડીપીઆરના પણ ખોઈ જ ઠેકાણા નથી ૨૦૦૨માં ભાજપ સરકારે કલ્પસર યોજનાને સૈધ્ધાંતિક મંજુરી આપી હતી. આ યોજના પાછળ ૨૫ હજાર કરોડ ખર્ચનો અંદાજ હતો. જે હવે વિલંબના કારણે ૯૦ હજાર કરોડે પહોચે તેવી શકયતા છે. રાજય સરકાર દ્વારા વિધાનસભામાં પુછવામાં આવેલા સવાલમાં એવો જવાબ આપ્યો હતો કે રાજય અને કેન્દ્રની મંજુરી મળ્યા પછી આઠ વર્ષમાં આ પ્રોજેકટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. કલ્પસર યોજનાથી સૌરાષ્ટ્રના દરકે જિલ્લાને હાલ જે નર્મદાના નીર આપવામાં આવે છે. તેની પાછળ જે અબજો રૂપીયાનો ખર્ચ કરવામાં આવે છે. તેમાં મોટો ઘટાડો થઈ જશે. હાલ પમ્પીંગ દ્વારા નર્મદાના નીર પહોચાડવામાં આવી રહ્યા છે. જયારે કલ્પસર યોજનાથી ડાયરેકટ પાણી અપાશે જેથી વીજ ખર્ચમં મોટી બચત થશે.

સાથો સાથ પોર્ટ વિકસાવવાના સરકારના આયોજનને પણ આ યોજના થકી મહત્વપૂર્ણ બળ મળી શકે તેમ છે. સરદાર સરોવર માટે ખર્ચ ગુજરાત કરે છે. પરંતુ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિતના રાજયોને પાણી આપવું પડે છે. કલ્પસર યોજના જો સાકાર થાય તો ગુજરાતે પાણીનું એક પણ ટીપુ અન્ય રાજયોને આપવું નહી પડે બીજી તરફ પાણી શિફટીંગનો જે તોતીંગ ખર્ચ આવે છે તે પણ બચી જશે.

હોલેન્ડે દેશે ૧૯૬૦માં આવી એક યોજના અમલમાં મૂકી હતી. જેના પરિણામે આજે હોલેન્ડ કૃષિ ઉત્પાદન અને જમીન ફળદ્રુપતામાં દબદબો ધરાવે છે. કલ્પસર યોજના સાકાર થાય તો ભાવનગરના અમૂક વિસ્તારોમાં દરિયાના પાણીની ખારાશ અને ક્ષારના કારણે ફળદ્રુપતા ગુમાવી બંજર બની ગઈ છે તેની ફળદ્રુપતામાં પણ વધારો થઈ શકે છે. આ મહત્વકાંક્ષી યોજનાને પૂર્ણ કરવા માટે માત્રને માત્ર રાજકીય ઈચ્છા શકિતની આવશ્યકતા છે.

**ભારત કન્ટેનરમાં વામણું...**

વૈશ્વિક મહામારી કોરોના વખતે સર્જાયેલી શિપિંગ કન્ટેનરની ભારે અછતે ભારતને આ દિશામાં ગંભીરતાથી વિચારવા મજબૂર કર્યું હતું. કોવિડ-૧૯ દરમિયાન સપ્લાય ચેઈન ખોરવાઈ જતાં ભારતીય નિકાસકારોને કન્ટેનર માટે ભારે મુશ્કેલી અને ઊંચા ભાડાનો સામનો કરવો પડ્યો હતો. આ જ કારણે સરકારે અને ઉદ્યોગપતિઓએ મેક ઈન ઈન્ડિયા અંતર્ગત સ્વદેશી કન્ટેનરના નિર્માણ માટે પગલાં ભરવાની શરૂઆત કરી હતી. આજે પરિસ્થિતિ ઘણી બદલાઈ છે. ભારતીય કન્ટેનર ઉત્પાદકોએ ગુણવત્તા અને સમયસર ડિલિવરીના મામલે ચીનની બરાબરી કરવાનું શરૂ કરી દીધું છે. ટેકનિકલ ક્ષમતા કે કૌશલ્ય હવે કોઈ સમસ્યા નથી, પરંતુ સૌથી મોટો પ્રશ્ન ઉત્પાદનના 'સ્કેલ' અને 'કિંમત'નો છે. કેન્દ્ર સરકાર અને રેલવે મંત્રાલય દ્વારા પણ આ દિશામાં સકારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે. સરકારી કંપની 'કોનકોર' (કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) દ્વારા સ્વદેશી કંપનીઓને હજારો કન્ટેનર્સ બનાવવાના ઓર્ડર આપીને સ્થાનિક ઉદ્યોગને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત, ભેલ અને બ્રેઈથવેટ જેવી સરકારી કંપનીઓ તેમજ કેટલીક ખાનગી કંપનીઓએ પણ આ ક્ષેત્રે ઝંપલાવ્યું છે. જોકે, શરૂઆતી તબક્કામાં હોવાને કારણે ઉત્પાદનની ગતિ ધીમી છે અને ચીનની જેમ મોટા પાયે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવવામાં હજુ સમય લાગશે. ભારત માટે પોતાની કન્ટેનર મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રી વિકસાવવી એ માત્ર આર્થિક જ નહીં, પરંતુ વ્યૂહાત્મક રીતે પણ અત્યંત જરૂરી છે. જો ભારત ભવિષ્યમાં પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનવાનું અને નિકાસ બમણી કરવાનું લક્ષ્ય રાખતું હોય, તો સપ્લાય ચેઈનની સુરક્ષા માટે સ્વદેશી કન્ટેનર્સ અનિવાર્ય છે. ચીન પરની અતિશય નિર્ભરતા કોઈપણ ભૌગોલિક-રાજકીય તણાવ વખતે ભારતીય વ્યાપાર માટે જોખમી સાબિત થઈ શકે છે. આથી, ટૂંકા ગાળાના આર્થિક નુકસાનને વેઠીને પણ લાંબા ગાળાના ફાયદા માટે આ ઉદ્યોગને જીવંત રાખવો જરૂરી છે.

**હીરા...**

આવનારી વેડિંગ સિઝન અને તહેવારોને ધ્યાનમાં રાખીને જ્વેલર્સ દ્વારા પણ યુવાનોને આકર્ષવા માટે સોલિટેરમાં નવી અને આધુનિક ડિઝાઈન્સ માર્કેટમાં મૂકવામાં આવી રહી છે. ભાવમાં ૩૦%નો ઘટાડો યુવા ભારત માટે લક્ઝરીને પરવડે તેવી બનાવી રહ્યો છે, જેનાથી હીરા ઉદ્યોગને સ્થાનિક સ્તરે એક નવો બૂસ્ટ મળ્યો છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**વસ્તી ગણતરી...**

પાડવા પ્રતિબદ્ધ છે

ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસતી ગણતરી કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણે જણાવ્યું હતું કે, ભારતમાં પ્રથમ સમકાલીન વસતી ગણતરી વર્ષ ૧૮૮૧માં યોજાઈ હતી અને ત્યારબાદ વર્ષ ૨૦૧૧ સુધી પ્રતિ દસ વર્ષે વસતી ગણતરી અવિરત ચાલી આવી છે. તેમણે વસતી ગણતરીની વ્યૂહરચના, રોડમેપ, કામગીરીઓ અને ડિજિટલ પાસાઓ પર વિગતે ચર્ચા કરતા જણાવ્યું હતું કે, વસતી ગણતરીની સફળતા જિલ્લા કલેકટરો અને મ્યુનિસિપલ કમિશનરોના સક્રિય નેતૃત્વ, સમર્થન અને સતત નિરીક્ષણ પર નિર્ભર છે. તેથી, આ કાર્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા તેમણે સૌ અધિકારીઓને સૂચન કર્યું હતું.

મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે, આ વખતે રજિસ્ટ્રાર જનરલની કચેરી દ્વારા સમગ્ર દેશ માટે અનેક નવીન પહેલો કરવામાં આવી છે. ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કરીને વસતી ગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવશે, જે વાસ્તવિક સમયમાં પારદર્શિતા લાવશે અને ડેટાનું વિવિધ રીતે વિશ્લેષણ સરળ બનાવશે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રથમ વખત મકાન સૂચિકરણ તબક્કામાં પણ સ્વ-ગણતરીની ડિજીટલ સુવિધા રજૂ કરવામાં આવશે, જેમાં નાગરિકોની સક્રિય ભાગીદારી મેળવી તેમને આ કાર્યના મહત્વના ભાગીદાર બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

ગુજરાતના વસતી ગણતરી નિયામક સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે, વસતી ગણતરીની કામગીરીએ વિશ્વની સૌથી મોટી અને જટિલ વહીવટી કામગીરીઓમાંની એક કામગીરી છે, જે ભારતની સંસ્થાકીય મજબૂતી દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે, પ્રતિ દસ વર્ષે દેશની વસતીની આંકડાકીય માહિતીની ગણતરી હાથ ધરવામાં આવે છે. જેની વિગતો વિવિધ સંસાધનોની ફાળવણી, શહેરી આયોજન, કલ્યાણ યોજનાઓ અને લક્ષિત હસ્તક્ષેપો માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આગામી ૨૦૨૭ની વસતી ગણતરી વધુ વિશેષ એટલા માટે છે કે, તે ડેટા-આધારિત અને ટેક્નોલોજી-સુસજ્જિત શાસનના યુગમાં થઈ રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગના સચિવ આર્દ્રા અગ્રવાલે આ કાર્યક્રમની સજ્જતા અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

ઉપરાંત, આ બેઠકમાં ગુજરાતના વસતી ગણતરી નિયામકની કચેરી દ્વારા વિવિધ વહીવટી અને તકનીકી પાસાઓ પર વિગતવાર પ્રેસન્ટેશન સાથે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ફેઝ-૧ હેઠળ રાજ્યમાં મકાનો, રહેણાંક એકમો અને ઘરોની વિગતવાર યાદી તૈયાર કરવાની કામગીરીનું આયોજન, તાલીમ, કર્મચારીઓની નિમણૂક અને ડિજિટલ સ્વ-ગણતરી ની સુવિધા જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૨૭ની વસતી ગણતરી બે તબક્કામાં યોજાશે જેમાં પહેલા તબક્કામાં ઘર યાદી અને આવાસ ગણતરી થશે જ્યારે બીજા તબક્કામાં વસતી ગણતરી હાથ ધરવામાં આવશે. ગુજરાતમાંએચએલઓની કામગીરી આગામી એપ્રિલ-મે વર્ષ ૨૦૨૬ દરમિયાન શરૂ થશે, જેમાં નાગરિકોને ઓનલાઈન સ્વ-માહિતી ભરવાની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

**મેટ્રો રેલ...**

અંદાજે ૧.૬૦ લાખ લોકોને સરળ અવર-જવર માટે મળે છે.

હવે, કેન્દ્રીય કેબિનેટે ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના ૩.૩૩ કિલોમીટર લાંબા વિસ્તરણને જે મંજૂરી આપી છે. તેમાં ત્રણ એલિવેટેડ સ્ટેશનોનો સમાવેશ થશે અને અંદાજે ૧૦૬૭.૩૫ કરોડનો આ પ્રોજેક્ટ લગભગ ચાર વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**નકલી અધિકારીઓ...**

ભાજપના મોટા નેતાઓ સાથેના ફોટા સામે આવ્યા,જામનગર પોલીસને આરોપીને છોડી મુકવા ભલામણ કરતો નકલી સીએમઓ અધિકારી નિકુંજ પટેલ, નકલી ઊઉ અધિકારી ઓમવીરસિંહ, નકલી ગઈઅ અધિકારી ગુંજન કાંતિયા, માંડવી તાલુકમાં નકલી ડેપ્યુટી કલેક્ટર નેહા પટેલ, નકલી એફસીઆઈ અધિકારી પુણ્યદેવ રાય, વડોદરામાં ઠગે મહિલા સાથે દુષ્કર્મ આચરનાર નકલી સીએમઓ અધિકારી વિરાજ પટેલ સહીત કેટલાય ગઠિયાઓ મનફાવે તેમ કારનામાં અને કૌભાંડ કરી ગુજરાતની નિર્દોષ નાગરિકોની પરસેવાની કમાણીને બેફામપણે લુંટી રહ્યા છે.

ભાજપનાં ચૂંટાયેલા કાઉન્સિલર હિતેશ્વર મોરી નકલી સીબીઆઈ અધિકારી તરીકે પકડાયા. કિરણ પટેલ, સંજય શેરપુરિયા, ભરત છાબડા, સહીત નકલી ગઠિયાઓના ભાજપના નેતાઓ સાથે નજીકનો નાતો હોય તેવા ફોટાગ્રાફ સામે આવ્યા છે. જનતા જાણવા માંગે છે કે નકલીઓ સાથે ભાજપનો અસલી સંબંધ શું છે? પીએમ ઓફીસથી લઈ સીએમ ઓફીસ, આઈએએસથી લઈ આઈપીએસ, કલેકટરથી લઈ કેન્દ્રીય એજન્સીના અધિકારી, ગૃહમંત્રાલય હોય કે કસ્ટમ વિભાગ તમામ સરકારી કચેરીઓના બાબુઓનાં નામે લુંટનો કારોબાર કરનારાઓ નકલીઓ પર કયા અસલી ખેલાડીની રહેમ નજરની છે? તે ગુજરાત જાણવા માંગે છે.

**ભાવનગર-મુંબઈ વચ્ચે...**

નિર્ણય લેવામાં આવ્યો છે, જેના માટે આજથી ટિકિટનું બુકિંગ શરૂ કરવામાં આવ્યું છે. ભાવનગરથી નવી મુંબઈ સવારે ૮.૩૫ વાગે અને સાંજે ૨૦.૫૦ વાગે ઉપડશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આધુનિક પરિવહન સુવિધાઓ માટેની સરકારની પ્રતિબદ્ધતાના ભાગરૂપે આ સેવા શરૂ થવાથી ભાવનગરના વ્યાપાર-ઉદ્યોગને નવો વેગ મળશે અને મુંબઈ મારફતે દેશના અન્ય શહેરો સાથેનું જોડાણ પણ સરળ બનશે. આ મહત્વપૂર્ણ સિદ્ધિ બદલ નિમુબેન બાંભણીયાએ કેન્દ્રીય મંત્રી કે.આર. નાયડુ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી મુરલીધર માહોલનો આભાર વ્યકત કર્યો છે. મંત્રી નિમુબેન બાંભણીયાએ કેન્દ્રીય કેબિનેટ મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાનો વિશેષ સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો છે અને આ સુવિધા બદલ સમગ્ર ભાવેણાવાસીઓને અભિનંદન પાઠવ્યા છે.

# દુઃખદ અવસાન

## સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** રાજકોટના વાણંદ મુકતાબેન ભીખુભાઈ શીશાંગીયા (ઉ.વ.૯૫) તે સ્વ. ગીરીશભાઈ, સ્વ. રાજુભાઈ, ભરતભાઈ, રમાબેન, રંજનબેનના માતા, કેતન, હિરેન, ચિરાગ, કેવલ, નીશાબેન, હેતલબેન, કિંજલબેનના દાદીનું તા. ૨૩ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવારે સમય સાંજે ૪ થી ૬ દરમિયાન રાજનગર મેઈન રોડ, રેલનગર કાંતિવીર ચંદ્રશેખર આઝાદ ટાઉનશીપ રાજકોટ ખાતે રાખેલ છે. બન્ને પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી છારીયા ઉનેવાળ બ્રાહ્મણ સ્વ. પ્રફુલચંદ્ર વલ્લભજી જોશી (ઉ.વ.૮૩) તે અમિત જોશી, ભાવનાબેન ભટ્ટ, શિલ્પાબેન ભટ્ટ, નિશાબેન જોશીના પિતા, પ્રીતી જોશીના સસરા, વૃંદા જોશીના દાદા, યોગેશચંદ્ર જોશી, બીપીનચંદ્ર જોશી, રજનીકાંત જોશીના મોટાભાઈનું તા. ૨૪-૨ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ:** દલસુખરાય વ્રજલાલ રવાણી (ઉ. ૯૨) તે વિજયાબેનના પતિ, સ્વ. મનસુખભાઈ, દિનેશભાઈ, સ્વ. ગુણવંતભાઈના ભાઈ, નવિનભાઈ બાટવિયાના બનેવી, સ્વ. મયુર, હિના, ઉર્વશી, રૂપેશના પિતા, પરેશભાઈ મહેતા, સ્મિતાબેન વ્યાસનાં સસરા, ધ્રુવિનના નાના, રૂજુતાનાં દાદાનું તા. ૨૩/ ના રોજ અવસાન થયેલ છે. સદગતનુ ઉઠમણું તા. ૨૬ને ગુરૂવારના સવારે ૧૦ થી ૧૦:૩૦ અને પ્રાર્થનાસભા ૧૧ થી ૧૨ શેઠ ઉપાશ્રય ગિરિરાજ હોસ્પિટલ પાસે રાજકોટ રાખેલ છે.

**જેતપુર:** હર્ષદભાઈ ભીખાભાઈ જાની (ઉ.વ.૬૩) તે નરેન્દ્રભાઈ, હંસાબેન, જયેશકુમાર ત્રિવેદી (જામનગર), હીનાબેન, પ્રફુલકુમાર મહેતા (જુનાગઢ)ના મોટા ભાઈ, દર્શન, ધ્રુવિત, નંદીનીના દાદાનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન ગાયત્રી મંદિર, કોટડીયા વાડી પાસે, જેનપુર મુકામે રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** સ્વ.શાંતિલાલ શામજીભાઈ કણજારાના પુત્ર સ્વ. રમણીકલાલ શાંતિલાલ કણજારા ઉં.વ.૭૫) (સંજય જવેલર્સ વાળા) તે ધીરેનભાઈ તથા વનીતાબેન વિનોદભાઈ લૂંભાણી (સુરત)ના મોટાભાઈ, યોગેશભાઈ અને સંજયભાઈના પિતાશ્રીનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૬ને ગુરુવારના રોજ બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન નીલકંઠ મહાદેવ મંદિર જલારામ -૨, યુનિવર્સીટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. ધીરેનભાઈના મો.નં.૯૮૨૫૩ ૦૪૩૯૩ યોગેશભાઈના મો.નં.૯૨૭૫૦ ૯૪૮૨૫ અને સંજયભાઈના મો.નં.૯૭૧૨૭ ૨૨૯૯૪ છે.

**રાજકોટ:** ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ હડીયાણા ચોવીસી સ્વ. બીપીનચંદ્ર સૂર્યકાંતભાઈ વ્યાસ (સીબીઆઈ ફૌજી), ગં.સ્વ. જાનકીબેન બીપીનચંદ્ર વ્યાસના પુત્ર, નિશિષ બીપીનચંદ્ર વ્યાસના નાનાભાઈ હાર્દિકનું તા. ૨૨-૨ ના અવસાન થયેલ છે. જે સ્વ. અશોકભાઈ સૂર્યકાંતભાઈ વ્યાસ તથા વિજયભાઈ સૂર્યકાન્તભાઈ વ્યાસના ભત્રીજા, ભરતભાઈ પી. જોશી તથા સ્વ. પ્રકાશભાઈ પી. જોશીના ભાણેજ તેમનું બેસણું તા. ૨૬ ના રોજ સાંજે ૪.૩૦ થી ૬ ઈન્દ્રેશ્વર મહાદેવ, ૯, માસ્તર સોસાયટી, કસ્તુરબા સ્કુલ પાસે ૮૦ ફુટ રોડ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. નવીનચંદ્ર છગનલાલ ધ્રુવ (ઉ. વ.૮૫) તે મધુબેનના પતિ તથા નિકિતાબેન જયેશભાઈ જસાપરા (અમરાવતી), સંજયભાઈ, પરેશભાઈ, હિતેષભાઈના પિતાશ્રીનું તા.૨૫ રોજના અવસાન થયેલ છે. સદગતનુ બેસણું તા.૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ તેમના નિવાસ સ્થાને વ્રજ વલ્લભ એપાર્ટમેન્ટ, ૮- મનહરપ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે.મો. નં.મો.નં.૯૩૨૩૨ ૦૩૫૨૩ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કચ્છનો ખેડૂત પરિશ્રમ અને સંકલ્પનો પ્રતિક: મંત્રી ત્રિકમ છાંગા

## ગાંધીધામ ચેમ્બર, નગાવલાડીયા ગામ પંચાયત, નીલ એગ્રી ફાઉન્ડેશન અને ગુજરાત સરકારના સાહસ I-Hubના સયુંકત ઉપક્રમે ખેડૂત સશક્તિકરણ મેળાનો પ્રારંભ




**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, નગાવલાડિયા ગ્રામ પંચાયત, આઈ-હબ (ગુજરાત સરકારનું એન્ટરપ્રાઈઝ) તથા નીલ એગ્રી ફ્રેશ પ્રોડ્યુસ પ્રાઈવેટ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે ચેમ્બર ભવન ખાતે યોજાયેલ ખેડૂત સશક્તિકરણ મેળો ઉત્સાહભેર અને ઉર્જાસભર માહોલમાં સંપન્ન થયો હતો. દીપ પ્રાગટ્ય અને નાના છોડને જળસિંચન કરી કાર્યક્રમનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો તેમજ ઓર્ગેનિક ખેત પેદાશોના દસથી વધુ સ્ટોલોના વિધિવત ઉદઘાટનથી મેળાની શરૂઆત થઈ હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ પોતાના માર્ગદર્શક વક્તવ્યમાં જણાવ્યું હતું કે, વર્ષોથી ખેતી અને પશુપાલન માનવજીવનના પુરક રહ્યા છે, પરંતુ આજના બદલાતા સામાજિક અને આર્થિક પરિપ્રેક્ષ્યમાં શિક્ષણ એ પ્રગતિનો મૂળ પાયો છે. તેમણે ખેત પેદાશોમાં વેલ્યુ એડિશન, ઉત્પાદન સાથે ભાવનો અધિકાર અને નાના પાયેથી નવી શરૂઆત કરવાની પ્રેરણા આપી હતી. તેમણે ૨૦૦૫ માં તત્કાલીન ગુજરાતના સીએમ અને હાલમાં દેશના પીએમ નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા કૃષિ મહોત્સવની યાદ અપાવી, કચ્છના ૪૫ ડિગ્રી તાપમાન અને ઓછા વરસાદ વચ્ચે નર્મદા જળથી સર્જાવેલા પરિવર્તનને ઐતિહાસિક ગણાવ્યું હતું. કચ્છની તાસીરને સમજતા વૈજ્ઞાનિક અભિગમ અપનાવી કૃષિ, પશુપાલન અને ટેકનિકલ આધારિત ઉદ્યોગોમાં આગળ વધવાની જરૂરિયાત દર્શાવી હતી. તેમણે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કચ્છને બજેટમાં ત્રણ જેટલી કૃષિ, પોલીટેકનીક, આર્ટસ- કોમર્સ-સાયન્સ કોલેજો, સૈનિક સ્કૂલ, ધોળાવીરા અને મરીન ટુરિઝમ જેવા વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરી, કચ્છમાં ગાંડા બાવળ દૂર કરી વાંસ જેવી ખેતીને પ્રોત્સાહન આપવાની વાત પણ કરી હતી અને આયોજકોના પ્રયાસોને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રેરણાદાયક મેળાએ એક સંદેશ સ્પષ્ટ આપ્યો-કચ્છનો ખેડૂત હવે માત્ર અન્નદાતા નથી, પરંતુ આધુનિક યુગનો આત્મનિર્ભર ઉદ્યોગપતિ છે, અને વાડીથી વિશ્વ સુધીનો માર્ગ હવે વધુ સુગમ બનવા તરફ આગળ વધી રહ્યો છે. તેવું ગાંધીધામ ચેમ્બરના મ મંત્રી મહ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# બાબરા: જલારામ મંદિરથી તાપડીયા આશ્રમ સુધી શનિવારે શોભાયાત્રા

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

સનાતન હિન્દુ સંમેલન સમિતિ દ્વારા તા.૨૮/૦૨/૨૬ને શનિવારે બાબરા શહેર તથા તાલુકામાં ભવ્ય હિન્દુ શોભાયાત્રા અને વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમને સફળ બનાવવા આયોજકો દ્વારા તાપડીયા આશ્રમ ખાતે બેઠકનો દોર તેજ કરવામાં આવ્યો છે અને શહેરમાં ધાર્મિક ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. બપોરે ૨:૩૦ કલાકે જલારામ મંદિર ખાતેથી ભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન કરશે. શોભાયાત્રામાં હિન્દુ ધર્મના સાધુ-સંતો, મહંતો તેમજ મોટી સંખ્યામાં



શ્રદ્ધાળુઓ જોડાશે. ધ્વજ, ઢોલ-નગારા અને ભક્તિમય જયઘોષ સાથે યાત્રા શહેરના મુખ્ય માર્ગોથી પસાર થઈ આગળ વધશે.

શોભાયાત્રા તાપડીયા આશ્રમ ખાતે પહોંચી સમાપ્ત થશે.આશ્રમના મહંત ઘનશ્યામદાસ બાપુની પાવન ઉપસ્થિતિમાં સાંજે વિરાટ હિન્દુ સંમેલન યોજાશે. કાર્યક્રમમાં હિન્દુ ધર્મના આગેવાનો તથા વિવિધ સંગઠનોના હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજરી આપશે. આયોજનને સફળ બનાવવા માટે સમસ્ત હીન્દુ સમાજના લોકો દ્વારા તાપડીયા આશ્રમ ખાતે મિટિંગના દોરનો ધમધમાટ ચાલુ કરી દેવામાં આવ્યો છે. શોભાયાત્રા અને વિરાટ હિન્દુ સંમેલનને સફળ બનાવવા માટે વિવિધ હિન્દુ સંગઠનો જેહમત ઉઠાવી રહ્યા છે. સંમેલન પૂર્ણ થયા બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજકો દ્વારા સમસ્ત હિન્દુ સમાજને આ શોભાયાત્રા અને સંમેલનમાં મોટી સંખ્યામાં જોડાઈ ધર્મપ્રેમ, એકતા અને સંસ્કૃતિના સંદેશને મજબૂત બનાવવાનો હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના નેતૃત્વમાં

# ઉના: સાતમાં સમુહ લગ્નોત્સવમાં ૪૦ યુગલો લગ્નગ્રંથીએ જોડાયા





**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ઊના શહેરમા દેલવાડા રોડ ઉપર આવેલા શાહ એચ. ડી. જ સ્કૂલના મેદાનમાં ઊના, ગીર ગઢડા તાલુકા સમસ્ત કોળી સમાજ, નવયુવક એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ ઊના અને નવયુવક મંડળ દ્વારા ઊનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ સાતમો સમૂહ લગ્ન ઉત્સવ યોજાયો હતો. જેમાં બન્ને તાલુકામાંથી સમાજના ૪૦ યુવકો અને યુવતીઓએ શાસ્ત્રોક વિધિથી લગ્ન ગ્રંથીએ જોડાઈ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ સમારોહમાં જુનાગઢ ગીર સોમનાથ જિલ્લાના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, માજી સાંસદ દિનુભાઈ સોલંકી, જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પરમાર, માનસિંગભાઈ પરમાર, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન ડાયાભાઈ જાલોંધરા, ઊના નગર પાલિકા પ્રમુખ પરેશ ભાઈ બાંભણિયા, નગર સેવક વિજય ભાઈ રાઠોડ, અલ્પેશ ભાઈ બાંભણિયા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતના આગેવાનો ઊના શહેરના અગ્રણી વેપારીઓ, તબીબો, સહિત મોટી સંખ્યામાં આગેવાનો એ હાજરી આપી હતી. અને લગ્ન ગ્રંથીએ જોડાયેલ ૪૦ નવદંપતીઓ ને આશીર્વાદ આપી સુખી લગ્ન જીવન ની શુભ કામનાઓ આપી હતી. અને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ના આ કાર્ય બદલ અભિનદન આપેલ હતા. આ પ્રસંગે યોજાયેલ સમૂહ ભોજન સમારોહમાં મોટી સંખ્યામાં લોકોએ ભોજન લીધું હતું. અંતે આયોજકો અને દાતાઓ તરફથી આવેલ ભેટો કન્યાને આપી વિદાય આપી હતી.

# ઈડર: મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેને મરણોત્તર ભારત રત્ન આપવાની માંગ

## સાબરકાંઠા માળી સમાજે અધિક કલેક્ટરને આવેદનપત્ર આપ્યું



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

હિંમતનગરમાં સાબરકાંઠા માળી સમાજે અધિક કલેક્ટર કે.એ.વાઘેલાને આવેદનપત્ર દ્વારા મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેને મરણોત્તર ભારત રત્ન આપવાની માંગ કરવામાં આવી છે.

આ આવેદનપત્રમાં જણાવાયું છે કે મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેએ પોતાનું સમગ્ર જીવન પછાત, દબાયેલા અને વંચિત વર્ગને ન્યાય અપાવવા તથા તેમની પ્રગતિ માટે સમર્પિત કર્યું હતું. બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરે જ્યોતિરાવ ફૂલેને પોતાના ગુરુ માન્યા હતા.

માતા સાવિત્રીબાઈ ફૂલેને મહિલાઓ દ્વારા 'વિદ્યાની દેવી' તરીકે નવાજવામાં આવ્યા છે. જ્યોતિરાવ ફૂલેએ તેમને શિક્ષિત કર્યા જેના પરિણામે સાવિત્રીબાઈ ફૂલે અખંડ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા બન્યા તેમણે મહિલાઓને ભણાવવા માટે પ્રથમ મહિલા શાળા ખોલી અને બાદમાં આવી ૧૭ શાળાઓ શરૂ કરી તેઓ એક કવિયત્રી પણ હતા અને તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કાવ્ય ફૂલે' પ્રકાશિત થયો હતો.

આ આવેદનપત્ર સુપરત કરતી વખતે સતિષ રામી, હરેશ રામી, મનોજ રામી, નટુ રામી સહિત સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જૂનાગઢમાં નેત્રમ શાખાએ રૂ.૬,૧૪,૦૦૦નો ખોવાયેલો મુદ્દામાલ માલિકોને પરત અપાવ્યો

## ખોવાયેલ મતા પરત મેળવનાર અરજદારોએ પોલીસનો આભાર માન્યો



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ૭ અરજદારોના અલગ-અલગ વિસ્તરોમાં ખોવાયેલ કેમેરા, મોબાઈલ તથા અન્ય કિંમતી સામાન મળી કુલ રૂ. ૬,૧૪,૦૦૦ નો મુદ્દામાલ શોધી, મૂળ માલીકને તાત્કાલીક પરત અપાવી સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી પોલીસ પ્રજાનો મિત્ર છે એ સૂત્રને સાર્થક કરવામાં આવેલ છે.

પી.એસ.આઈ પ્રતિક મશરૂના સીધા સુપરવિઝનમાં નેત્રમ શાખાના પી.એસ.આઈ. એચ.પી.મકવાણા તથા તેમની ટીમ દ્વારા જૂનાગઢ નેત્રમ શાખા દ્વારા વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી કેમેરા મારફતે ૨૪ સ ૭ મોનીટરીંગ કરવામાં આવે છે અને શહેરમાં કોઈપણ બનાવ બને કે તુરંત જ ડીટેક્ટ કરવા તથા ટ્રાફીક મેનેજમેન્ટ પણ કરવામાં આવે છે.

જૂનાગઢ નેત્રમ શાખા.એ જુનાગઢમાં ૭ અરજદારોના ખોવાયેલ કિંમતી કેમેરા, મોબાઈલ ફોન નંગ-૩ તથા અન્ય કિંમતી સામાન મળી કુલ કિંમત રૂ. ૬,૧૪,૦૦૦ નો મુદ્દામાલ સીસીટીવી કેમેરા મારફતે શોધી કાઢી, તેના મૂળ માલીકને પરત કર્યા હતા. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા દ્વારા સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા ટીમને અભિનંદન આપેલ હતા.

જુનાગઢ નેત્રમ શાખામાં સુપરવીઝન અધિકારી પી.એસ.આઈ. પ્રતિક મશરૂ, પી.એસ.આઈ. એચ.પી.મકવાણા, ટેકનીકલ ઓપરેટર પ્રતિકભાઈ કરંગીયા, પાર્થભાઈ ચૌહાણ, એ.એસ.આઈ. વર્ષાબેન વઘાસીયા, હેડ કોન્સ. અશોકભાઈ વઘેરા, રામશીભાઈ ડોડિયા, વિક્રમભાઈ જીલડીયા, પો.કો. રાહુલભાઈ મેઘનાથી, લાખાભાઈ ટીંબા, સુખદેવભાઈ કામળીયા, વિજયભાઈ છૈયા, નરેન્દ્રભાઈ દયાતર, અંજનાબેન ચવાણ, ખુશ્બુબેન બાબરીયા, રૂપલબેન છૈયા, શિલ્પાબેન કટારીયા, દક્ષાબેન પરમાર, પ્રજ્ઞાબેન જોરા, મિતલબેન ડાંગર, જાનવીબેન પટોળીયા, એન્જીનીયર રિયાઝભાઈ અંસારી સારી કામગીરીમાં કરી રહ્યાં છે.

# ગાંધીધામને સ્વચ્છ-સુઘડ બનાવવા કોર્પોરેશન સાથે સામાજીક સંસ્થાઓએ મિલાવ્યા હાથ

## ગાંધીધામમાં કોર્પોરેશન દ્વારા વિશેષ સફાઈ અભીયાનનો પ્રારંભ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા કમિશ્નર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે ૨૨-૨ના રોજ વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે વિશેષ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત શહેરના મહત્વપૂર્ણ વિસ્તારોમાં આવેલ મુખ્ય રોડ,તળાવ તેમજ રેલ્વે સ્ટેશન ખાતે વ્યાપક સ્વચ્છતા કામગીરી કરવામાં આવી. ટાગોર રોડ ઉપર ચાલી રહેલ દબાણ ઝુંબેશ અંતર્ગત ગતરોજ દબાણો દૂર કરી વિશેષ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશમાં ગાંધીધામ તથા આદિપુરની વિવિધ એનજીઓ, નાગરિક જૂથો, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓએ ઉત્સાહપૂર્વક સહભાગિતા નોંધાવી હતી. આ અભિયાનમાં જાયન્ટ ગ્રુપ ઓફ ઈક્કો સહેલી, ઈન્ઝોટીક ગ્રુપ, ડબલ્યુઈઓ કેર ફાઉન્ડેશન, ડો. સી.જી. હાઈસ્કૂલના એનસીસી કેડેટ્સ, ગાંધીધામ તાલુકા વ્યાયામ શિક્ષક સંઘ, અરાવલી એડવેન્ચર એકેડમી ઓફ ઈન્ડિયા, ગાંધીધામ સિટીઝન કાઉન્સિલ તથા કલીન પ્લાસ્ટિક ફ્રી ગાંધીધામ જેવી સંસ્થાઓ જોડાઈ હતી. આ ઉપરાંત આદિપુર વિસ્તારમાં શિણાય ડેમ ખાતે મહાનગરપાલિકા અને સંત નીરનકારી મિશનના સહયોગથી સંસ્થાના ૧૫૦ જેટલા સભ્યોથી સઘન સફાઈ ઝુંબેશ કરવામાં આવી

# દ્વારકા ગોમતી ઘાટ વિસ્તારમાં આખલાનો આંતક

## શ્રદ્ધાળુઓના જીવ અદ્ધરતાલ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત હોય તેમ વિવિધ વિસ્તારોમાં આખલાઓ બાખડતા જોવા મળે છે. તાજેતરમાં ફૂલડોલ ઉત્સવ ખૂબ નજીક છે ત્યારે અને યાત્રાળુઓનો અવિરત પ્રવાહ દ્વારકા તરફ ફંટાઈ રહયો છે ત્યારે દ્વારકાધીશ મંદિર નજીક ગોમતી ઘાટ વિસ્તારમાં ફરી એકવાર આખલાઓનો આતંક જોવા મળ્યો હોય તેમ સાંકડી ગલીમાં ધીંગાણું મચાવતા આખલાને કારણે ભીડભાડવાળા વિસ્તારમાં યાત્રાળુઓના જીવ અદ્ધરતાલ થઈ ગયા હતા.



અચાનક મચેલા આખલાઓના સમરાંગણમાં આશરે સાત જેટલા યાત્રાળુઓ માંડ માંડ બચ્યા હતા અને યાત્રીકોમાં દોડધામ મચી ગઈ હતી અને સદનસીબે જાનહાનિ ટળી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. નગરપાલીકા દ્વારા આખલાઓને પકડવા થોડા સમય પહેલા પ્રાઈવેટ કોન્ટ્રાકટ આપેલ છે પરન્તુ હજુ સુધી અસરકારક કામગીરી દેખાતી ન હોય ઠેર ઠેર આખલાઓનો ત્રાસ યથાવત જોવા મળી રહયો છે.

# વેરાવળના ભીડિયા બાણગંગામાં અટલ ગાર્ડનનું સાંસદ રાજેશ ચુડાસમાના હસ્તે લોકાર્પણ

## હુડકો સોસાયટીમાં ૨.૧ કરોડના ખર્ચે તૈયાર થનાર શેલ્ટર હોમનું થયું ખાત મુહુર્ત



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથના વેરાવળના ભીડિયા બાણગંગા ખાતે અટલ ગાર્ડનનું લોકાર્પણ અને હુડકો સોસાયટીમાં તૈયાર થનાર શેલ્ટર હોમનું સાંસદ રાજેશ ચુડાસમાના હસ્તે મુહુર્ત કરવામાં આવ્યું હતુ.

સાંસદ રાજેશભાઈ ચુડાસમા તથા વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ પલ્લવીબહેન જાની, અગ્રણી સંજયભાઈ પરમાર, માનસિંહભાઈ પરમાર અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકાર્પણ અને ખાતમૂહુર્તના કાર્યક્રમ સંપન્ન થયા હતાં.

સાંસદ એ જણાવ્યું હતુ કે, 'સ્વાભિમાન પર્વ' પછી સોમનાથમાં વિકાસની ગતિ વધી છે. આજે શેલ્ટર હોમનું ખાતમૂહુર્ત તથા ગાર્ડનનું લોકાર્પણ કરાયું છે. ભવિષ્યમાં સોમનાથની સાથે-સાથે વેરાવળનો પણ વિકાસ થાય તે દિશામાં નગરપાલિકા દ્વારા કામ કરવામાં આવી રહ્યું છે.

છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચે એવો સરકારનો અભિગમ છે. જે લોકો આવાસ વિહોણા છે એવા ભિક્ષુકો, શ્રમજીવી વર્ગ માટે ૭૫ બેડનું શેલ્ટર હોમ તૈયાર થશે અને સ્થાનિકો સાથે પ્રવાસીઓને પણ ગાર્ડનની સુવિધાનો લાભ મળશે આમ જણાવી સાંસદએ કેન્દ્ર અને રાજ્ય સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

દિનદયાલ અંત્યોદય યોજના-નેશનલ અર્બન લાઈવલીહૂડ મિશનના શેલ્ટર ફોર અર્બન હોમલેસ અંતર્ગતની ગ્રાન્ટ હેઠળ બોય્ઝ હોસ્ટેલની સામે હૂડકો સોસાયટી ખાતે અંદાજીત રૂ.૨.૧ કરોડના ખર્ચે તૈયાર થનારા શેલ્ટર હોમમાં સ્ટોર, રસોડું, ડાઈનિંગ હોલ, પુરૂષ-સ્ત્રીઓ માટે રૂમ-હોલ, ઓફિસ, ઈલેક્ટ્રિક રૂમ, લોકર રૂમ, બાળકો માટેનો રૂમ સહિત ૭૫ બેડની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. જ્યારે અમૃત ૨.૦ વર્ષ ૨૦૨૪-૨૫ હેઠળ બાણગંગાની સામે ગાર્ડન અને કે.કે.મોરી હાઈસ્કૂલ પાસે એમ અંદાજીત રૂ. ૧.૬૨ કરોડના ખર્ચે બન્ને ગાર્ડનનું નિર્માણ કરાયું છે. જેમાંથી સાંસદના હસ્તે ભીડિયા બાણગંગા ખાતે અટલ ગાર્ડનનું લોકાર્પણ અને નામાભિધાન કરવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમાં ચીફ ઓફિસર દેવીબહેન ચાવડા, શૈલેષભાઈ મેસવાણિયા, જયેશભાઈ પંડ્યા તથા ચંદ્રિકાબહેન સિકોતરીયા સહિત નગરપાલિકાના નગરસેવકો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઈડર: અંદ્રોખા કોલેજ ખાતે તાલુકા પરિચય બેઠક યોજાઈ



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

ઈડરના અંદ્રોખા કોલેજ ખાતે અશોકભાઈ જોશી (પ્રભારી વિજયનગર મંડળ )ના અધ્યક્ષ સ્થાને તાલુકા પરિચય બેઠક યોજાઈ તેમાં ઉપસ્થિત અશ્વિનભાઈ કોટવાળ (પૂર્વ ધારાસભ્ય ખેડબ્રહ્મા), આર.જે. પાંડોર (પ્રમુખ આદિજાતિ મોરચા સા.કાં), ડો.પરેશકુમાર આર. પટેલ( પ્રમુખ ભારતીય જનતા પાર્ટી વિજયનગર), મયુરભાઈ શાહ (મંત્રી ભાજપા સાબરકાંઠા) નટવરસિંહ ભાટી (સિનિયર આગેવાન), ધીરજભાઈ પટેલ (પૂર્વ જિલ્લા પ્રમુખ સા.કાં.), પ્રદ્યુમનસિંહ ભાટી, કિરીટભાઈ સડાત, સંગ્રામભાઈ મકવાણા (તાલુકા સદસ્ય), તેજાભાઈ પટેલ તેમજ આ વિસ્તારના તાલુકા/જિલ્લા પંચાયતના સદસ્યો, હોદ્દેદારો, શક્તિકેન્દ્ર સંયોજકો, બુથ પ્રમુખો તેમજ પાર્ટીના પાયાના કાર્યકર્તા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સોમનાથ અને જુનાગઢ જિલ્લાના સરકારી વકીલો માટે યોજાઈ તાલીમ શિબિર

## પોલીસ તપાસમાં વકીલોના યોગ્ય સંકલનથી ગુનેગારોને અવશ્ય સજા થઈ શકે

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાના સરકારી વકીલ અને ન્યાય ક્ષેત્ર સાથે સંકળાયેલ અધિકારીઓની તાલીમ શિબિર સોમનાથ ખાતે સફળતાપુર્વક સંપન્ન થઈ હતી. સોમનાથના સાગરદર્શન હોલ ખાતે યોજાયેલ તાલીમ શિબિરના અધ્યક્ષ પદે ગીર સોમનાથ જિલ્લા પ્રિન્સિપલ ડીસ્ટ્રીક જજ વિક્રમસિંહ બી. ગોહિલ ગીર સોમનાથ પ્રિન્સિપલ ફેમિલી કોર્ટ જજ તરૂણ આહુજા. જે.એન. પટેલ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ વિનોદ જોશી. સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ ઉના કે.આર. પરમાર, નીરવ પુરોહિત ડીજીપી જુનાગઢ કેતનસિંહ વાળા ડીજીપી ગીર સોમનાથ સી.સી .ખટાણા નાયબ પોલીસ અધ્યક્ષ સોમનાથ સુરક્ષા સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, સિનિયર એડવોકેટ દીપેન્દ્ર યાદવ, ચિરાગ કક્કડ, ડોક્ટરો પોલીસના અધિકારીઓ અને સબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સરકારી વકીલ કેતનસિંહ વાળાનું સ્વાગત અને તાલીમ ઈન્ચાર્જ મિતેષ પટેલે પ્રાસંગિક માર્ગદર્શન ડીજીપી



જુનાગઢ નીરવ પુરોહિતે સંબોધનમાં જણાવ્યું કે પોલીસ તપાસમાં પૂરતા કોલમો પુરતાં દસ્તાવેજો સાથે હોવા જોઈએ જેથી ગુન્હો સાબિતીનો દર ઊંચો જાય અને ન્યાયની અનુભૂતિ થાય કાયદાનો હેતુ સામાન્ય વ્યક્તિ સુધી પહોંચે અને યોગ્ય રીતે કામગીરી કરાય તો ક્રાઈમ રેટ કંટ્રોલ થઈ શકે જે માટે ઓળખ પરેડ. પી.એમ નોટ પોલીસ ઈન્વેસ્ટ્રીગેશન પંચપસંદગી. ઓડિયો - વીડિયો રેકોર્ડિંગ સહિતની તમામ બાબતોનું સંકલન હોવું જોઈએ.

પીટીએસ જૂનાગઢના દિપેન્દ્ર યાદવે ડીડી અને ઓળખ પરેડ વિશે તો ચિરાગ કક્કડે સુપ્રીમ કોર્ટ સંબંધિત માર્ગદર્શન જેમાં રજીસ્ટર એફ.આઈ.આર ગીર ગઢડા પી.આઈ.વાઘેલાએ પોલીસ તપાસ ડોક્ટર માકડીયા તાલાળા હોસ્પિટલે પી.એમ. નોટ અને એપીપી કોડીનાર એસ.બી.મલીકે એમ.એલ.સી સંબંધિત માર્ગદર્શન આપ્યું

# બ્રુકસની કેપ્ટન ઈનિંગથી ઈંગ્લેન્ડનો સેમિફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ

## પાકિસ્તાનનો ૧૬૪ રનનો સ્કોર ઈંગ્લેન્ડે આઠ વિકેટે વટાવ્યો: સાહિબજાદા ફરહાનની ફિફ્ટી એળે ગઈ



**અબતક, રાજકોટ**

કેપ્ટન હેરી બ્રુકે શાનદાર સદી ફટકારતાં ઈંગ્લેન્ડે આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની સુપર-૮ની મેચમાં પાકિસ્તાનને બે વિકેટથી પછડાટ આપી હતી. આ સાથે ઈંગ્લેન્ડે આ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. અહીં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાને તેની ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૬૪ રનનો પડકારજનક સ્કોર રજૂ કર્યો હતો જેની સામે ઈંગ્લેન્ડે ૧૯.૧ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૧૬૬ રન કરી દીધા હતા. હેરી બ્રુકે સામે છેડે વિકેટો પડતી રહી હોવા છતાં શાનદાર બેટિંગ કરીને ૫૧ બોલમાં ચાર સિક્સર અને દસ ચોગ્ગા સાથે ૧૦૦ રન ફટકાર્યા હતા. ટીમને જીતવા માટે દસ રનની જરૂર હતી ત્યારે બ્રુક આઉટ થઈ ગયો હતો. અંતિમ ઓવર્સમાં થોડી રસાકસી રહી હતી પરંતુ તેમ છતાં ઈંગ્લેન્ડે સફળતા હાંસલ કરી લીધી હતી. પાકિસ્તાન માટે શાહિન આફ્રિદીએ ચાર વિકેટ લીધી હતી તો ઉસ્માન તારીક અને મોહમ્મદ નવાઝે બે બે વિકેટ લીધી હતી.મેચ જીતવા માટે ૧૬૫ રનના ટારગેટ સામે રમતાં ઈંગ્લેન્ડે ઈનિંગ્સના પહેલા જ બોલે સ્ટાર બેટર ફિલ સોલ્ટની વિકેટ ગુમાવી દીધી હતી. શાહિન આફ્રિદીએ તેને આઉટ કર્યો હતો. થોડી જ વારમાં જોઝ બટલર પણ આઉટ થઈ ગયો હતો. અગાઉ પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતાં શરૂઆતમાં જ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે સાહિબજાદા ફરહાને એક છેડો સાચવી રાખીને મક્કમ બેટિંગ કરી હતી. સઈમ ઐયૂબ અને કેપ્ટન સલમાન આગા સસ્તામાં આઉટ થઈ ગયા હતા. ત્યાર બાદ બાબર આઝમ, ફખર ઝમાન અને શાદાબ ખાને ઉપયોગી યોગદાન આપીને ટીમને નોંધપાત્ર સ્કોર સુધી પહોંચાડી હતી. બાબરે ૨૪ બોલમાં અને ફખર ઝમાને ૧૬ બોલમાં ૨૫-૨૫ રન ફટકાર્યા હતા. શાદાબ ખાને માત્ર ૧૧ જ બોલ રમીને ૨૩ રન ફટકાર્યા હતા. જોકે ટીમની બેટિંગનું આકર્ષણ સાહિબજાદા ફરહાન રહ્યો હતો. તેણે ૪૫ બોલમાં સાત ચોગ્ગા અને બે સિક્સર સાથે ૬૩ રન ફટકાર્યા હતા. તેના સિવાય બાકીના બેટર ખાસ કાંઈ કરી શક્યા ન હતા. ઈંગ્લેન્ડ માટે લિયમ ડાઉસને ૨૪ રનમાં ત્રણ વિકેટ લીધી હતી તો જોફ્રા આર્ચર અને જેમી ઓવર્ટને બે બે વિકેટ લીધી હતી.

### પાકિસ્તાન માટે સેમિફાઈનલમાં પહોંચવું મુશ્કેલ

પાકિસ્તાન માટે ટી૨૦ વર્લ્ડકપના સુપર-૮માં સેમિ ફાઈનલની રાહ હવે અત્યંત કઠિન બની ગઈ છે. ઈંગ્લેન્ડ સામેની મહત્વની મેચમાં પરાજય બાદ પાકિસ્તાની ટીમ હવે ચમત્કાર અને નેટ રન રેટના ભરોસે આવી ગઈ છે. પ્રથમ મેચ વરસાદમાં ધોવાયા બાદ આ હારથી પાકિસ્તાનના સમીકરણો જટિલ બન્યા છે. જો પાકિસ્તાનને સેમિ ફાઈનલમાં પહોંચવું હોય તો ન્યૂઝીલેન્ડની બે મેચમાં હાર થવી જરૂરી છે. જો ન્યુઝીલેન્ડ એક પણ મેચ જીતશે તો તેમના ૩ પોઈન્ટ થઈ જશે. આવી સ્થિતિમાં પાકિસ્તાને પોતાની છેલ્લી મેચ જીતવી જ પડશે જેથી બંનેના પોઈન્ટ સરખા થાય અને મામલો રન રેટ પર આવે.પાકિસ્તાને પોતાની છેલ્લી મેચ શ્રીલંકા સામે રમવાની છે. આ મેચ માત્ર જીતવી પૂરતી નથી, પરંતુ મોટા અંતરથી જીતવી પડશે. જો પાકિસ્તાન પ્રથમ બેટિંગ કરે તો તેમણે ૮૦ થી ૧૦૦ રન જેવા મોટા માર્જિનથી જીત મેળવવી પડશે. જો શ્રીલંકા લક્ષ્યાંક આપે તો પાકિસ્તાને તે ટાર્ગેટ ૧૦ થી ૧૨ ઓવરમાં જ પૂર્ણ કરવો પડશે, જેથી તેમનો નેટ રન રેટ ન્યુઝીલેન્ડ કરતા સારો થઈ શકે.



### શાહીનની બોલીંગ અને ખેલદિલીથી ક્રિકેટરો આફરિન!

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચેની સુપર-૮ મેચમાં પાકિસ્તાની ઝડપી બોલર શાહીન શાહ આફ્રિદીએ શાનદાર પ્રદર્શન કરીને ચાર વિકેટ ઝડપી હતી અને ખેલદિલીનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. હેરી બ્રુકસે ૧૦૦ રન બનાવ્યા બાદ શાહીન આફ્રિદીએ તેને ક્લીન બોલ્ડ કર્યો. બાદમાં જયારે બ્રુકસ પેવેલિયન ફરતો હતો ત્યારે આફ્રિદી બ્રુકસ પાસે ગયો અને હેન્ડશેક કર્યો અને તેની ઈનિંગની પ્રશંસા કરી. આ દ્રશ્યો જોઈને ક્રિકેટરો શાહીન પર આફ્રિન થઈ ગયા છે.

---

રૂપિયાને દોડતો કરી દેવા સરકાર સજ્જ

# ભાડાપટ્ટે અને સંપત્તિનું વેચાણ કરી લાખો કરોડો રૂપિયા સરકાર વિકાસના કામે લગાડશે

## નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન અંતર્ગત આગામી ૫ વર્ષમાં રૂ. ૧૬.૭ લાખ કરોડ એકત્ર કરવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય



**અબતક, રાજકોટ**

ભારત સરકાર દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવા અને આર્થિક ગતિ વધારવા માટે એક ક્રાંતિકારી યોજના સાથે તૈયાર છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા જાહેર કરવામાં આવેલ નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન (NMP) ૨.૦ અંતર્ગત સરકાર પોતાની બિન-વપરાશી કે ઓછી આવક આપતી મિલકતોને ભાડાપટ્ટે આપીને અથવા હિસ્સો વેચીને લાખો કરોડો રૂપિયા એકત્ર કરશે. આ ભંડોળનો ઉપયોગ દેશના ખૂણેખૂણે નવા રસ્તા, રેલ્વે અને ઉર્જા પ્રોજેક્ટ્સ સ્થાપીને 'રૂપિયાને દોડતો' કરવા માટે કરવામાં આવશે.

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ NMP 2.0 એ વિશ્વનો સૌથી મોટો એસેટ રિસાયકલિંગ પ્રોગ્રામ માનવામાં આવે છે. આ યોજના હેઠળ આગામી ૫ વર્ષમાં (૨૦૨૯-૩૦ સુધી) રૂ. ૧૬.૭ લાખ કરોડ એકત્ર કરવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય છે.

સરકાર પોતાની માલિકીની મિલકતો જેવી કે હાઈવે, રેલ્વે લાઈનો, પાવર ગ્રીડ અને એરપોર્ટને ખાનગી કંપનીઓને લાંબા ગાળાના ભાડાપટ્ટે (લીઝ) આપશે. આ પ્રક્રિયામાં મિલકતની માલિકી સરકાર પાસે જ રહેશે, પરંતુ તેના સંચાલન દ્વારા સરકારને મોટી રોકડ રકમ મળશે.

સરકાર રેલ્વે, પાવર, પેટ્રોલિયમ અને એવિએશન સેકટરમાં પોતાની સરકારી કંપનીઓના (CPSE) IPO લાવીને આશરે રૂ. ૧.૭૮ લાખ કરોડ ઉભા કરવાની તૈયારીમાં છે. આનાથી સામાન્ય જનતાને પણ સરકારી કંપનીઓમાં ભાગીદાર બનવાની તક મળશે.આ સમગ્ર યોજનાનું સુકાન કેબિનેટ સેક્રેટરીના હાથમાં રહેશે. સચિવોનું એક વિશેષ જૂથ દરેક સેકટરની પ્રગતિ પર નજર રાખશે જેથી ભંડોળનો ઉપયોગ સીધો જ વિકાસના કામોમાં થઈ શકે.

### મહત્વના પ્રોજેક્ટ પર થસે કામગીરી

દિલ્હીની ઐતિહાસિક હોટલ અશોક અને હોટલ સમ્રાટનું રૂ. ૧,૨૦૦ કરોડના ખર્ચે PPP મોડલ પર રિડેવલપમેન્ટ કરાશે.

કેદારનાથ અને હેમકુંડ સાહિબ જેવા ધાર્મિક સ્થળોએ ૬ નવા રોપવે પ્રોજેક્ટ્સ દ્વારા રૂ. ૧૦,૦૦૦ કરોડ ઉભા કરાશે.

દેશમાં ૧૫ મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક્સ વિકસાવવામાં આવશે.

### ક્યા સેક્ટરમાંથી કેટલી આવકની અપેક્ષા?

“ હાઈવે અને રોપવે: રૂ. ૪.૪૨ લાખ કરોડ (દિલ્હી-કટરા અને અમૃતસર-જામનગર જેવા મોટા હાઈવે સામેલ).

“ પાવર અને ઉર્જા: રૂ. ૨.૭૬ લાખ કરોડ (NHPC અને SJVN ના હાઈડ્રો પ્રોજેક્ટ્સ).

“ બંદરો (પોર્ટ): રૂ. ૨.૬૩ લાખ કરોડ.

“ રેલ્વે: રૂ. ૨.૬૨ લાખ કરોડ.

“ કોલસો અને ખાણકામ: રૂ. ૩.૧૬ લાખ કરોડ.

---

મેરે અંગને મેં તુમ્હારા ક્યાં કામ હૈ

# “ડાયરેક્ટ ટુ હોમ” વિદેશમાં આંટા મારતા ટીવી ચેનલોની નુકસાની રૂ. ૧૦,૦૦૦ કરોડને પાર

## ડીટીએચ પાઈરેસીનો આતંકથી સ્મગલિંગ થતા સેટ-ટોપ બોક્સ રોકવા બ્રોડકાસ્ટર્સે સરકાર પાસે માગી 'ટેકનિકલ સુરક્ષા'

**અબતક રાજકોટ**

ભારતીય મનોરંજન જગતનું સુપરહિટ ગીત 'મેરે અંગને મેં તુમ્હારા ક્યા કામ હૈ' અત્યારે ભારતીય બ્રોડકાસ્ટર્સ પાઈરેસી કરનારા તત્વોને કહી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ભારતની સીમાઓ ઓળંગીને વિદેશી આંગણે ગેરકાયદેસર રીતે પહોંચતા ડીટીએચ સિગ્નલોએ દેશના મીડિયા ઉદ્યોગની ઊંઘ હરામ કરી દીધી છે. કાયદેસરના સેટ-ટોપ બોક્સ જે ભારતીય ઘરો માટે છે, તે હવે સ્મગલિંગ થઈને પડોશી દેશો અને ગલ્ફમાં ધૂમ મચાવી રહ્યા છે, જેના કારણે ભારતીય બ્રોડકાસ્ટર્સને વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ભારતીય બ્રોડકાસ્ટિંગ ઉદ્યોગે સરકારને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, ભારતના સસ્તા અને ગુણવત્તાયુકત ડીટીએચ પેકેજીસનો દુરુપયોગ થઈ રહ્યો છે. ભારતમાં એક્ટિવેટ થયેલા સેટ-ટોપ બોક્સ ગેરકાયદેસર રીતે વિદેશ મોકલવામાં આવે છે. ત્યાં આ બોક્સ દ્વારા ભારતીય ચેનલોના ફીડને લોકલ કેબલ નેટવર્ક અથવા ઈન્ટરનેટ દ્વારા વેચવામાં આવે છે. વર્ષ ૨૦૨૪ માં અંદાજે ૯ કરોડ લોકોએ ચોરીછૂપીથી આ કન્ટેન્ટ જોયું છે, જેનાથી અંદાજે રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુ નું નુકસાન થયું છે. આ સિલસિલો ચાલુ રહ્યો તો ૨૦૨૯ સુધીમાં આ નુકસાન બમણું થઈને રૂ. ૨૦,૦૦૦ કરોડ સુધી પહોંચી શકે છે.બ્રોડકાસ્ટર્સે હવે 'ફોરેન્સિક વોટરમાર્કિંગ' જેવી આધુનિક ટેકનોલોજીને ફરજિયાત બનાવવાની માગ કરી છે. સામાન્ય રીતે ચેનલ પર આવતા આંકડા (ફિંગરપ્રિન્ટ) પાઈરેટ્સ છુપાવી દેતા હોય છે, પરંતુ ફોરેન્સિક વોટરમાર્કિંગ એવી ટેકનોલોજી છે જે વીડિયોમાં અદ્રશ્ય રીતે છુપાયેલી હોય છે. તેનાથી એ તરત ખબર પડી જાય છે કે કયા ચોક્કસ સેટ-ટોપ બોક્સમાંથી સિગ્નલની ચોરી થઈ રહી છે.

કાયદાકીય નિષ્ણાતોના મતે, હવે સમય આવી ગયો છે કે દરેક સેટ-ટોપ બોક્સનું જીઓ-ટેગિંગ કરવામાં આવે. એટલે કે જો બોક્સ ભારતના લોકેશનની બહાર જાય, તો તે આપમેળે બંધ થઈ જવું જોઈએ. આ ઉપરાંત, મોબાઈલની જેમ સેટ-ટોપ બોક્સમાં પણ સિમ-કાર્ડ આધારિત વેરિફિકેશન અથવા ક્યુઆર કોડ સ્કેનિંગ જેવી વ્યવસ્થા હોવી જોઈએ જેથી તેના લોકેશન પર નજર રાખી શકાય.

# પીએમ મોદી ઈઝરાયેલની મુલાકાતે : સુરક્ષા , વેપાર , સંરક્ષણ અને ટેક્નોલોજી ક્ષેત્રના કરાર થશે

## સંરક્ષણ ઉપરાંત ખેતી, પાણી વ્યવસ્થાપન અને વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવશે

**અબતક,રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસ માટે ઈઝરાયેલના પ્રવાસે જઈ રહ્યા છે. આ મુલાકાતનો મુખ્ય હેતુ ભારત અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો અને સુરક્ષા તેમજ વેપાર જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવાનો છે. પીએમ મોદી ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહુ સાથે મુલાકાત કરશે અને ત્યાંની સંસદ 'નેસેટ'ને સંબોધિત કરશે. બંને દેશો વચ્ચે એક નવા સુરક્ષા કરાર પર હસ્તાક્ષર થઈ શકે છે. આ વર્ષના અંત સુધીમાં મુક્ત વ્યાપાર કરાર કરવાની દિશામાં પણ વાત આગળ વધશે. સંરક્ષણ ઉપરાંત ટેકનોલોજી, ખેતી, પાણી વ્યવસ્થાપન અને વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર



મૂકવામાં આવશે. પીએમ મોદી હોલોકોસ્ટ મેમોરિયલ (યહૂદી નરસંહાર સ્મારક) ની પણ મુલાકાત લેશે. ભારત અને ઈઝરાયેલ હવે માત્ર મિત્ર દેશો જ નહીં, પરંતુ 'વ્યૂહાત્મક ભાગીદારો' તરીકે ઉભરી રહ્યા છે. ટેકનોલોજી અને હથિયારો માટે ઈઝરાયેલ ભારતનો ભરોસાપાત્ર સાથી છે, અને આ મુલાકાત તે ભરોસાને કાયદેસરના કરારોમાં ફેરવવાની મોટી તક છે. જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે, ત્યારે ભારતનું ઈઝરાયેલ સાથે ઉભા રહેવું એ ભારતની મજબૂત વિદેશ નીતિ દર્શાવે છે. સુરક્ષા કરારથી ભારતની સરહદો વધુ સુરક્ષિત બનશે અને વ્યાપાર કરારથી બંને દેશોમાં નવી આર્થિક તકો ઊભી થશે. ઈઝરાયેલ પાસે અત્યાધુનિક ખેતી અને સંરક્ષણ ટેકનોલોજી છે, જેનો લાભ સીધો ભારતના વિકાસમાં મળી શકે તેમ છે.

---

# કસ્ટોડિયલ ટોર્ચર કેસમાં ભૂતપૂર્વ ડીજીપી ખંડવાવાલાને ૫૦ વર્ષે મુક્તિ મળી

## ૧૯૭૬ માં પોરબંદર પાલિકા પ્રમુખના હત્યા કેસમાં આરોપીને કસ્ટડી દરમિયાન માર મારવા મામલે ગુનો નોંધાયો'તો

**અબતક, રાજકોટ**

રાજ્યના પૂર્વ ડીજીપી એસ એસ ખંડવાવાલાને કસ્ટોડિયલ ટોર્ચર કેસમાંથી ૫૦ વર્ષે મુક્તિ મળી છે. તેઓ ૨૩ વર્ષ સુધી આ ગુનામાં દોષિત રહ્યા હતા. જો કે સજા સસ્પેન્ડ થઈ હોવાથી તેમને ૨૦૦૯માં રાજ્ય પોલીસ વિભાગમાં ઉચ્ચ પદ પર બઢતી મળી હતી અને ત્રણ મહિનાના સેવા વિસ્તરણ પછી તેઓ વય નિવૃત્ત થયા હતા.

સમગ્ર મામલાની વિગતો પર નજર કરવામાં આવે તો પોરબંદર મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ ધનજી કોટિયાવાલાની હત્યા બાદ પોલીસે ઓક્ટોબર ૧૯૭૬માં જૂનાગઢ જિલ્લાના સુત્રેજ ગામના મેરાગ હાજાની ધરપકડ કરી હતી. નવેમ્બર ૧૯૭૬માં, હાજાએ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સમક્ષ અપહરણ, પોરબંદર પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર અટકાયત અને કસ્ટોડિયલ ટોર્ચર કરાતા તેમના પગમાં ફ્રેક્ચર થયું હોવાનો આરોપ લગાવીને ફોજદારી ફરિયાદ દાખલ કરાવી હતી. મેજિસ્ટ્રેટ તપાસ બાદ ૧૯૮૨ માં ૧૯૭૩ બેચના આઈપીએસ અધિકારી ખાંડવાવાલા, જે જૂનાગઢના તત્કાલીન એએસપી હતા તેમની અને તેમના ત્રણ ગૌણ અધિકારીઓ સામે ટ્રાયલ શરૂ થઈ હતી. ૨૧ વર્ષ પછી ૨૦૦૩ માં, જૂનાગઢ સેશન્સ કોર્ટે ખાંડવાવાલાને પાંચ વર્ષની કેદ અને અન્ય બેને એક વર્ષની જેલની સજા ફટકારી હતી. ત્યાં સુધીમાં એક અધિકારીનું મૃત્યુ થયુંહોય તેમની સામેનો ટ્રાયલ બંધ થઈ ગયો હતો. હાઈકોર્ટમાં ખંડવાવાલા અને તેમના બે ગૌણ અધિકારીઓએ એડવોકેટ નંદિશ ઠાકર દ્વારા તેમની સજાને પડકારી હતી જયારે ફરિયાદી હાજાએ સજા વધારવા માટે રિવિઝન અરજી પણ દાખલ કરી હતી, પરંતુ રાજ્ય સરકારની અપીલને ધ્યાનમાં રાખીને તેમની અરજીનો નિકાલ કરવામાં આવ્યો હતો. અપીલોની પેન્ડિંગ દરમિયાન, ખાંડવાવાલાના બે અન્ય ગૌણ અધિકારીઓનું પણ અવસાન થયું હતું.

અપીલની સુનાવણી બાદ, જસ્ટિસ ગીતા ગોપીએ ભૂતપૂર્વ ડીજીપીને નિર્દોષ જાહેર કર્યા અને તેમની સજા વધારવાની અપીલ ફગાવી દીધી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, પોલીસ કસ્ટોડિયલ ત્રાસનો કેસ સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયો છે. પોલીસ કસ્ટડીમાં મારપીટને કારણે થયેલી ઈજાઓ સાબિત થતી નથી. કસ્ટડીની તારીખ પણ સાબિત થતી નથી.

હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, ટ્રાયલ કોર્ટના વિદ્વાન ન્યાયાધીશ આ કેસમાં આર્મ્સ એક્ટ, ક્રિમિનલ મેન્યુઅલ અને સીઆરપીસીની કલમો અનુસાર પુરાવાઓનું વિશ્લેષણ કરવામાં નિષ્ફળ ગયા હતા. આમ, ચુકાદો ભૂલભરેલો બને છે અને યોગ્યતાઓ પર નિષ્ફળ જાય છે અને તેને રદ કરવો જરૂરી છે. દોષિત ઠેરવવાનો કોઈ કેસ ન હોવાથી, સજા વધારવાની અરજી માટે કોઈ આધાર રહેશે નહીં. હાઈકોર્ટે ખંડવાવાલાને સુધારણા અરજી દાખલ કરીને હાજા પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા વસૂલવાની પણ મંજૂરી આપી હતી.

# નાગરિકતાનો આધાર “આધાર કાર્ડ” નથી

## ચૂંટણી પંચે નક્કી કરેલા ૧૧ દસ્તાવેજો ઉપરાંત, ધોરણ ૧૦નું એડમિટ કાર્ડ અને માર્કશીટ પણ નામ નોંધાવવા માટે માન્ય ગણાશે





**અબતક, રાજકોટ**

ભારતીય લોકશાહીમાં 'મત આપવાનો અધિકાર' એ સૌથી પવિત્ર અધિકાર છે, પરંતુ આ અધિકાર કોને મળવો જોઈએ તે નક્કી કરવું એક મોટી કાયદાકીય પ્રક્રિયા છે. તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાં નામ નોંધાવવા બાબતે ચાલી રહેલા વિવાદ પર સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ સ્પષ્ટતા કરી છે. ઘણીવાર સામાન્ય માનસમાં એવી ગેરસમજ હોય છે કે જેની પાસે 'આધાર કાર્ડ' છે તે ભારતનો 'નાગરિક' છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે આધાર કાર્ડનો ઉપયોગ માત્ર ઓળખ તરીકે જ કરી શકાશે, તેનાથી કોઈ વ્યક્તિ ભારતનો નાગરિક છે તેવું સાબિત થતું નથી. પશ્ચિમ બંગાળમાં ૫૦ લાખ મતદારોના દસ્તાવેજોની ચકાસણી કરવાની છે.ચૂંટણી પંચ ૨૮ ફેબ્રુઆરીએ ફાઈનલ લિસ્ટ જાહેર કરશે, પણ બાકી રહી ગયેલા લોકો માટે પછીથી 'પૂરક યાદી' બહાર પાડવામાં આવશે. કામ ઘણું મોટું હોવાથી સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટને મંજૂરી આપી છે કે તેઓ પડોશી રાજ્યો (ઝારખંડ અને ઓડિશા) માંથી પણ અનુભવી જ્યુડિશિયલ ઓફિસરોની મદદ લઈ શકે. ચૂંટણી પંચે નક્કી કરેલા ૧૧ દસ્તાવેજો ઉપરાંત, ધોરણ ૧૦નું એડમિટ કાર્ડ અને માર્કશીટ પણ નામ નોંધાવવા માટે માન્ય ગણાશે. એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે નકલી આધાર કાર્ડ દ્વારા ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. કોર્ટે કહ્યું કે આ ગંભીર તપાસનો વિષય છે, જે સરકાર અને સોલિસિટર જનરલે જોવો જોઈએ. આ કામગીરી કરી રહેલા ન્યાયાધીશોને બોમ્બ બ્લાસ્ટની ધમકી મળી હતી, જોકે તપાસમાં તે માત્ર અફવા સાબિત થઈ છે.

# વિરપુર: સોશિયલ મીડિયામાં બાળક ચોરની અફવા ફેલાવનાર બેલડી ઝડપાઈ

**અબતક રાજકોટ**

વિરપુરમાં સોશિયલ મીડિયા પર બાળકો ઉઠાવતી ટોળકી સક્રિય હોવાની અને ૩ થી ૪ બાળકોને ઉપાડી ગયાની ખોટી અફવા ફેલાવતા , વીરપુરમાં ગાયત્રી નગર રેલ્વે સ્ટેશન રોડ પર રહેતો રમેશ સવજીભાઈ વઘાસીયા અને જલારામ મંદિર ની પાછળ રહેતો ધ્રુવલ દિલીપભાઈ સાદરાણી નામના શખ્સોને વિરપુર પીઆઈ એસ.જી રાઠોડ તથા સ્ટાફના હેડ કોન્સ્ટેબલ જીજ્ઞેશભાઈ ભીખાભાઈ ચૌહાણ, વિજયભાઈ ગોહેલ, કૌશિકભાઈ ચાચાપારા અને નિશાનભાઈ પરમાર સહિતના સ્ટાફે ઝડપી લીધા છે.

# ગુલાબ કુંવરબા આયુર્વેદ કોલેજને ૫ વર્ષથી તાળાં:વિદ્યાર્થીઓને ખાનગી કોલેજમાં પ્રવેશની ફરજ!!!

## વ્યાજબી ફીમાં આયુર્વેદકના સ્નાતક અને અનુસ્નાતકના અભ્યાસક્રમોની તક છીનવાઈ હોવાનો આરોપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશી

**અબતક, જામનગર**

ગુજરાતમાં ૧૯૪૬થી કાર્યરત જામનગરની ગુલાબ કુંવરબા આયુર્વેદ કોલેજ છેલ્લા પાંચવર્ષથી બંધ કરી દેવાના કારણે સ્થાનિક વિદ્યાર્થીઓ કે જેઓ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ કરવા ઈચ્છતાં હતા તેઓએ નછૂટકે સ્વનિર્ભર કોલેજમાં જવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે.

રાજ્યમાં આઝાદી પહેલા જામનગરમાં ગુલાબ કુંવર બા આયુર્વેદ કોલેજ ચલાવવામાં આવતી હતી. સરકારી કોલેજ હોવાના કારણે દરવર્ષે ૬૦ વિદ્યાર્થીઓ મેરિટના આધારે પ્રવેશ મેળવીને ડોક્ટર બનતાં હતા. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૨૧મી નવેમ્બર ૨૦૨૦ના રોજ પરિપત્ર કરીને આ કોલેજને રાષ્ટ્રીય દરજ્જો આપવાનો નિર્ણય કર્યો હતો. જેના અનુસંધાનમાં તમામ મિલકતો રૂપાંતર કરવામાં આવી પણ પાંચ વર્ષ પછી પણ ૬૦ વર્ષ જૂની કોલેજ ફરીવાર શરૂ કરવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. હાલમાં આ કોલેજને રાષ્ટ્રીય દરજ્જો મળ્યા બાદ સ્થાનિક વિદ્યાર્થીઓને સીધા પ્રવેશનો લાભ મળતો હતો તે હવે મળી શકતો નથી. આ મુદ્દે કોંગ્રેસના પ્રવકતા ડો. મનીષ દોશીએ એવો આક્ષેપ કર્યો છે કે, સરકારે પાંચ વર્ષ પછી પણ જૂની ઐતિહાસિક કોલેજ કે જેમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના કોર્સ ચલાવવામાં આવતાં હતા તે ફરીવાર શરૂ થાય તે માટે કોઇ પ્રયાસ કરવામાં આવ્યા નથી.ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૧ની કલમ ચાર અન્વયે હેડક્વાર્ટર સ્થળ નક્કી કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૧ની કલમ ૮(૨) મુજબ ગુજરાત સરકાર કક્ષાએથી સ્નાતક (યુજી) કોન્સ્ટીટ્યુટ કોલેજનો નિર્ણય કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૧ની કલમ ૩૬(૨) મુજબ ગુજરાત સરકારની કક્ષાએથી અનુસ્નાતક (પીજી) કોલેજ અથવા પીજી સેન્ટરનો નિર્ણય કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. એટલે કે કાયદો અમલ આવ્યાના પાંચ-પાંચ વર્ષ વિતી ગયા છતાં રાજ્ય સરકાર આર્યુવેદ કોલેજ સ્નાતક-અનુસ્નાતક અને હેડક્વાર્ટર અંગે નિર્ણય કરતી નથી અથવા તો જાણી જોઈને વ્યાજબી ફીમા આર્યુવેદા શિક્ષણથી ગુજરાતના વિદ્યાર્થીઓને વંચિત રાખવાનું પાપ કરી રહી છે.

### સરકારી-ગ્રાન્ટેડ કોલેજોના અભાવે ખાનગી આર્યુવેદ કોલેજોમાં ૩.૮૦ લાખ થી ૯ લાખ રૂપીયા ભરી પ્રવેશ મેળવવો પડે છે

ગુજરાતમાં છેલ્લા દશ વર્ષથી આર્યુવેદા કાઉન્સીલ દ્વારા ગુજરાતની કોલેજોને મંજુરીમાં અતિવિલંબ કરીને પ્રવેશ પ્રક્રિયાને ખોરંભે પાડી રહી છે. સરકારી-ગ્રાન્ટેડ કોલેજોને તાળા મારીને ખાનગી આર્યુવેદ કોલેજોને ૩.૮૦ લાખ થી ૯ લાખ જેટલી માતબર ફી ઉઘરાવવાના લૂંટના લાયસન્સ ભાજપ સરકારે આપી દીધા છે જે ઘણી જ ગંભીર બાબત છે.

### કોલેજને ૨૦૨૦માં રાષ્ટ્રીય દરજ્જો મળ્યા બાદ સ્થાનિક વિદ્યાર્થીઓને સીધા પ્રવેશનો લાભ મળતો હતો તે હવે મળી શકતો નથી

# દ્વારકા પદયાત્રીકોની સેવામાં હાલારની ધરતી પર ઠેર- ઠેર સેવા કેમ્પોની સરવાણી





## ૬૦ થી ૭૦ જેટલા નાનામોટા કેમ્પ ધમધમાટ :જય દ્વારકાધીશ ગ્રુપ દ્વારા સતત ૫ માં વર્ષે કેમ્પનું આયોજન, કાઠિયાવાડી ભોજન અને ફૂટની સેવા

હાલારના વિશ્વ વિખ્યાત તીર્થસ્થળ દ્વારકાના આંગણે ફુલફોલ ઉત્સવ ઉજવવા માટે સંખ્યાબંધ ભક્તો પગપાળા દર્શને જઈ રહ્યા છે. જેની સેવામા દર વર્ષની પરંપરા અનુસાર ઠેર ઠેર સેવા કેમ્પો ધમધમી રહ્યા છે. જામનગર લાલપુર બાયપાસ થી કર્મચારી નગર પાસે જય દ્વારકાધીશ ગ્રુપ દ્વારા સેવાની સુવાસ પ્રસરવામાં આવે છે.

દ્વારકાધીશ મંદિર ખાતે હોળીના તહેવાર દરમિયાન ફૂલડોલ ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. જેના પરિણામે સમગ્ર રાજ્યમાંથી બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દ્વારકા ખાતે પગપાળા પધારિ રહ્યા છે. ત્યારે યાત્રીઓની સેવા માટે વિવિધ સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. જામનગરના ખાવડી નજીક રિલાયન્સ પરિવાર અને બાયપાસ ચોકડી ખાતે જિલ્લા જેલ પરિવાર દ્વારા ઉપરાંત સ્વામિનારાયણ મંદિર ખાતે કેમ્પ, વસઈ ખાતે સેવા કેમ્પ સહિત ધ્રોલ, જોડિયાથી લઈ જામનગર અને દ્વારકાના માર્ગો અંદાજિત ૬૦ થી ૭૦ જેટલા નાનામોટા કેમ્પ ધમધમે છે.

જામનગરના જય દ્વારકાધીશ ગ્રુપ દ્વારા પણ કેમ્પ શરૂ કરાયો છે. જેમાં ઉનાળાની બદલતી ઋતુ અને યાત્રિકોને થાક ન લાગે તથા ઘર જેવું જ જમવાનું મળી રહે તે માટે થઈ ઘણા કેમ્પમાં કાઠીયાવાડી ભોજન પીરસવામાં આવે છે. સાથે ફ્રૂટ પણ આપવામાં આવે છે. મહિલાઓ દરરોજ રોટલા અને રોટલી બનાવી સ્વયંસેવકો અહીં સવાર સાંજ સેવા કરવા માટે આવે છે. મોટા કેમ્પમાં અંદાજે રોજના ૨ થી ૩ હજારથી વધુ લોકો સવાર સાંજ પ્રસાદીનો લાભ લે છે.

# ધ્રોલ: પોલીસ દ્વારા દ્વારકાના પદયાત્રી માટે 'સુરક્ષા કવચ' રેડિયમ જેકેટ પહેરાવી માનવતા મહેકાવી

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**



ધ્રોલ પોલીસની સરાહનીય કામગીરીઃ દ્વારકા જતા પદયાત્રીઓની સુરક્ષા માટે રેડિયમ જેકેટનું વિતરણ કરી અકસ્માત નિવારવાનો અનોખો પ્રયાસ હોળી-ધૂળેટીના પર્વ નિમિત્તે હાલમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પગપાળા ચાલીને દ્વારકાધીશના દર્શનાર્થે જઈ રહ્યા છે, ત્યારે હાઈવે પર પદયાત્રીઓની સુરક્ષાને ધ્યાને રાખીને ધ્રોલ પોલીસ દ્વારા એક પ્રશંસનીય અને માનવીય અભિગમ અપનાવવામાં આવ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે હાઈવે પર અંધારું હોવાને કારણે વાહનચાલકોને પદયાત્રીઓ નજરે પડતા નથી, જેના લીધે અકસ્માત થવાની પૂરેપૂરી શક્યતા રહેલી હોય છે. આ જોખમને ઘટાડવા અને શ્રદ્ધાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ધ્રોલ પોલીસના કર્મચારીઓ દ્વારા માર્ગ પરથી પસાર થતા પદયાત્રીઓને રેડિયમ કોટ એટલે કે સેફ્ટી જેકેટ પહેરાવવામાં આવ્યા હતા. આ જેકેટ પર વાહનનો પ્રકાશ પડતા જ તે દૂરથી ચમકે છે, જેનાથી વાહનચાલકને પદયાત્રીની હાજરીનો તુરંત ખ્યાલ આવી જાય છે. જેકેટની સાથે પદયાત્રીઓ પાસે રહેલી લાકડીઓ અને સામાન પર પણ રેડિયમ પટ્ટીઓ લગાવવામાં આવી હતી, જેથી અકસ્માત નિવારી શકાય.

# દીકરીઓના સશક્તિકરણ માટે 'બાલિકા પંચાયત'નો હુંકાર:માસ્ટર ટ્રેનર્સ માટે તાલીમ યોજાઈ

## દીકરીઓમાં નેતૃત્વના ગુણો વિકસાવવા કલેક્ટર કેતન ઠક્કરનું પ્રેરક માર્ગદર્શન; 'બેટી બચાવો બેટી પઢાવો' અંતર્ગત નવતર પહેલ



જામનગર જિલ્લામાં દીકરીઓના સર્વાંગી વિકાસ, નેતૃત્વ ક્ષમતા અને સામાજિક જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના હેઠળ 'બાલિકા પંચાયત'ના અસરકારક અમલીકરણ માટે જિલ્લા કક્ષાના માસ્ટર ટ્રેનર્સની તાલીમ શિબિર જામનગરની માનસિક આરોગ્ય હોસ્પિટલના ઓડિટોરિયમ ખાતે સંપન્ન થઈ હતી.

આ તાલીમ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે ઉપસ્થિત રહીને માસ્ટર ટ્રેનર્સને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, બાલિકા પંચાયત એ માત્ર એક યોજના નથી, પરંતુ દીકરીઓને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરી તેમનામાં આત્મવિશ્વાસ અને નેતૃત્વના ગુણો સિંચવાનું એક સશક્ત માધ્યમ છે. કલેક્ટરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ તાલીમનો લાભ છેવાડાના ગામડાની દીકરીઓ સુધી પહોંચવો જોઈએ જેથી સામાજિક સમાનતાનું લક્ષ્ય હાંસલ કરી શકાય.

કાર્યક્રમના સમાપન પ્રસંગે ડેપ્યુટી મેયરશ્રીએ વિશેષ હાજરી આપી હતી. તેમણે મહિલા અને બાળ અધિકારી કચેરીની આ કામગીરીને બિરદાવતા કહ્યું હતું કે, દીકરી સશક્ત હશે તો જ ઉજ્જ્વળ સમાજનું નિર્માણ થશે. આ તાલીમ મેળવેલા માસ્ટર ટ્રેનર્સ હવે ગ્રામ્ય સ્તરે જઈને બાલિકા પંચાયતના સભ્યોને કન્યા કેળવણી, જાતિ પ્રમાણમાં સુધારો અને આત્મરક્ષણ જેવા વિષયો પર સજ્જ કરશે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# રિલાયન્સ રીફાઈનરીમાં આતંકી હુમલો: ચાર આતંકવાદીઓ ઠાર,બે કમાન્ડો શહીદ





## જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલ જાહેર કરી ,એનએસજી દ્વારા પ્રથમ વખત રાષ્ટ્રીય કક્ષાની ટેરરિઝમ એક્સઈઝ યોજવામાં આવી

**અબતક, સાગર સંઘાણી જામનગર**

રિલાયન્સ રિફાઈનરી ખાતે સોમવારે સાંજે ૭:૪૦ કલાકે આતંકી હુમલો થયા અંગેની જાણ રિલાયન્સ રિફાઈનરી દ્વારા જામનગર જિલ્લા કંટ્રોલરૂમ ખાતે કરવામાં આવી હતી. અને યુદ્ધના ધોરણે સમગ્ર જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગોની ટીમ રિલાયન્સ આરવી ગેટ નજીક ઘટના સ્થળે પહોંચી હતી અને તાત્કાલિક રાહત-બચાવ કામગીરી હાથ ધરી હતી.ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ, ફાયર, આરોગ્ય વિભાગની ટીમો, પોલીસ તંત્ર, કવીક રિસ્પોન્સ ટીમ સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો દોડતી થઈ હતી. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સુરક્ષા દળો, ચેતક કમાન્ડો, સીઆઈએસએફ, ક્વિક રિસ્પોન્સ ટીમ જામનગર, જિલ્લા વહીવટી તંત્ર અને વિશેષ કાઉન્ટર ટેરરિઝમ ટીમો દ્વારા સંકલિત કામગીરી કરવામાં આવી હતી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. શંકાસ્પદ તત્વોની ઓળખ અને તપાસ કરવામાં આવી હતી.અંતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર ઘટના રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલ જાહેર કરવામાં આવતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. ઉલ્લેખનીય છે કે એનએસજી દ્વારા પ્રથમ વખત જામનગરમાં આ પ્રકારે રાષ્ટ્રીય કક્ષાની ટેરરિઝમ એક્સઈઝ યોજવામાં આવી હતી. રિલાયન્સ રિફાઈનરીમાં ૪ આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. હુમલામાં ૧૦ પૈકી ૯ હોસ્ટેજિસને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા, એકનું મૃત્યુ નીપજ્યું હતું. આ ઓપરેશન દરમિયાન ચારેય આતંકવાદીઓના મોત નિપજ્યા હતા અને ૨ કમાન્ડો શહીદ થયા હતા. સાંજે ૭:૪૦ વાગ્યે શરૂ થયેલ આ મોકડ્રીલ રાત્રે ૩:૧૯ કલાકે પૂર્ણ થઈ હતી. આ મોકડ્રીલનો મુખ્ય હેતુ આપત્તિ સમયે વિવિધ વિભાગો વચ્ચે સંકલન, ત્વરિત પ્રતિસાદ અને અસરકારક બચાવ કામગીરીનું મૂલ્યાંકન કરવાનો હતો. સમગ્ર વિસ્તાર સંપૂર્ણ સુરક્ષિત જાહેર કરવામાં આવ્યો હતો. જિલ્લા વહીવટી તંત્ર જામનગર દ્વારા કલેક્ટર કેતન ઠક્કરના માર્ગદર્શનથી તમામ કામગીરી ત્વરિત યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી હતી.

# જિલ્લા અદાલતના કર્મચારીઓ માટે મેડિકલ કેમ્પનો ૧૪૦થી વધુ લોકોએ લીધો લાભ

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને જી.જી. હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે આરોગ્યની તપાસ કરાઈ; પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજના માર્ગદર્શન હેઠળ વિશેષ આયોજન



ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કોર્ટના કર્મચારીઓ માટે એક વિશેષ મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ શ્રી એન. આર. જોષીના માર્ગદર્શન હેઠળ શહેરના ધનવંતરી ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ કેમ્પમાં જિલ્લા અદાલત અને તેની તાબાની વિવિધ કોર્ટના ૧૪૦ થી વધુ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની તબિયતનું પરીક્ષણ કરાવ્યું હતું.

આ આરોગ્ય કેમ્પમાં ગુરુ ગોબિંદસિંગ (જી.જી.) સરકારી હોસ્પિટલના સહયોગથી નિષ્ણાત તબીબોની ટીમે સેવાઓ આપી હતી. કેમ્પ દરમિયાન કર્મચારીઓના બ્લડપ્રેશર, સુગર લેવલ તેમજ અન્ય પ્રાથમિક સ્વાસ્થ્ય સંબંધી પરીક્ષણો કરવામાં આવ્યા હતા. આ સેવાકીય કાર્યમાં જી.જી. હોસ્પિટલના ૩ નિષ્ણાત મેડિકલ ઓફિસર અને નર્સિંગ સ્ટાફ સહિત કુલ ૯ સભ્યોની ટીમે ખડેપગે રહી કર્મચારીઓને તબીબી માર્ગદર્શન અને તપાસની સેવાઓ પૂરી પાડી હતી.

# વેસ્ટ ટુ એનર્જી મામલે કોંગ્રેસ દ્વારા વિરોધ: કાર્યકરોની અટકાયત કરાઇ



વેસ્ટ ટુ એનર્જીને લઈ જામનગર શહેરની વોર્ડ નંબર ૨, ૩ અને ૪ ના ઘણા વિસ્તારના લોકો તોબા પોકારી ગયા છે. કર્કશ અવાર અને તીવ્ર દુર્ગંધને લઈ અનેક વખત રજૂઆત કરવા છતાં વેસ્ટ ટુ ઈનર્જી કંપની દ્વારા જનતાની સમસ્યા હલ કરાઈ નથી. જન આરોગ્યને તકલીફ થઈ રહી હોય કોઈ નિવારણ નથી આવતા આજે લોકોના ટેકામાં કોંગ્રેસ આવી હતી. કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા સાંઈ બાબા મંદિર ઈચ્છેશ્વર મહાદેવ મંદિર ગાંધીનગર વોડ ૨ માં દેખાવો કરવામાં આવ્યા હતા. આ દરમ્યાન પોલીસ દ્વારા કોંગી કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

## મસ્તી કી પાઠશાળાની દીકરીઓ દ્વારા

# દ્વારકા: કવિતાનું સરનામું કૃષ્ણ નામનું અદ્દભૂત કૃતિ રજૂ કરાય

**અબતક, મહેન્દ્ર કક્કડ દ્વારકા**



ગુજરાત સાહિત્ય અકાદમી , ગાંધીનગર અને સંકલ્પ એજ્યુ. એન્ડ ચેરી.ટ્રસ્ટ,દ્વારકાના સયુંકત ઉપક્રમે કૃષ્ણ નગરી દ્વારકામાં ''કવિતાનું સરનામું કૃષ્ણ'' કવિ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમ ની શરૂઆતમાં મસ્તીકી પાઠશાળાની દીકરીઓ દ્વારા પરફોર્મન્સ કરવામાં આવ્યું અને સ્લમ વિસ્તારમાં રહીને હાલ ધોરણ ૯ માં અભ્યાસ કરતી દીકરી પાયલ દ્વારા પોતાની આગવી શૈલીમાં પોતાના જીવનની યાત્રા વિશે કહેવામાં આવ્યું હતું,જે હાજર રહેલા દરેકના હૃદય સુધી પોહચી ગયું હતુ આ કવિ સમેલનમાં કવિ ભરત ભટ્ટ - પવન, નિનાદ અધ્યારૂ , કેતન કારિયા અને દ્વારકાના યુવા કવિ જય દાવડા એ પોતાની કવિતાથી હાજર રહેલા બધા સાહિત્ય રસિકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમમા માધવ સ્વામિ, સ્વામિનારાયણ મંદિર દ્વારકા, મામલતદાર, શૈલેષભાઈ ઘઘડા, હોટેલ વિટઝ, મુકેશભાઈ ઘઘડા હોટેલ દર્શન, જસમીનભાઈ પટેલ, અમેઝિંગ ફન વર્લ્ડ, જેન્તીભાઈ પાબારી, એલઆર ગૃપ, કૃપેશભાઈ ઉપાધ્યાય, કિશોરભાઈ ઉપાધ્યાય, અભયભાઈ વાયડા, હિરેનભાઈ શિવગંગા ચેરી.ટ્રસ્ટ, ગિરધરભાઈ જોશી, ધનાભા જડીયા તેમજ અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંકલ્પ એજ્યુ.એન્ડ ચેરી.ટ્રસ્ટની તમામ ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી


બિલ ચૂકવી દો નહિ તો વીજળી ગુલ

# રૂ.૬૫૨ કરોડનું બાકી વીજ લ્હેણું વસુલવા ૨૭૦૦ ટીમો મેદાનમાં

## બાકી વીજબિલ ધરાવતા જોડાણો કાપી નાખવા સપાટો: જામનગર ૮૮ કરોડ સાથે પ્રથમ ક્રમે, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં પણ વસૂલાતનો આદેશ

**અબતક, રાજકોટ**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છના ૧૨ સર્કલમાં બાકી પડતી કરોડોની રકમ વસૂલવા માટે આજથી એક દિવસીય મેગા ડ્રાઈવનો પ્રારંભ કરવામાં આવ્યો છે. લાંબા સમયથી બાકી રહેલા અંદાજે ૬૫૨ કરોડના વીજબિલની વસૂલાત માટે તંત્ર દ્વારા ૨૭૦૦ જેટલી ચેકિંગ ટીમોને મેદાનમાં ઉતારવામાં આવી છે. જે ગ્રાહકો બિલ ભરપાઈ નહીં કરે તેમના વીજ જોડાણો સ્થળ પર જ કાપી નાખવાની કડક સૂચના આપવામાં આવી છે.




જામનગર સર્કલ વસૂલાતમાં સૌથી મોખરે

આંકડાકીય વિગતો મુજબ, સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌથી વધુ વસૂલાત જામનગર સર્કલમાં બાકી છે, જ્યાં ગ્રાહકો પાસે રૂ૮૮.૭૧ કરોડ લેવાના નીકળે છે. બીજા ક્રમે સુરેન્દ્રનગર અને રાજકોટ સિટી સર્કલ છે, જ્યાં અંદાજે રૂ૭૫ કરોડથી વધુની વસૂલાત પેન્ડિંગ છે. આ વસૂલાતમાં રહેણાંક, વાણિજ્યિક, ઔદ્યોગિક અને સરકારી-બિનસરકારી સંસ્થાઓના બાકી બિલનો સમાવેશ થાય છે.

ના સૂત્રોના જણાવ્યા અનુસાર, મંગળવારથી જ આ આયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું. રહેણાંક વિસ્તારોમાં આશરે રૂ૧૧,૭૪૩ લાખ અને મોટા ઉદ્યોગો તેમજ કોમર્શિયલ એકમો પાસે ૨૩,૦૪૧ લાખ જેવી મોટી રકમ બાકી છે. આજની આ ઝુંબેશ બાદ પણ જો રકમ વસૂલ નહીં થાય, તો આગામી દિવસોમાં વધુ આકરી ડ્રાઈવ હાથ ધરવામાં આવશે. વીજ કંપનીની આ કાર્યવાહીથી બાકીદારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો.

### સુરેન્દ્રનગર-રાજકોટમાં સંયુક્ત વીજચોરી અભિયાન રૂ. ૨.૨૮ કરોડની ચોરી ઝડપાઈ

સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં (પીજીવીસીએલ) તથા પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત રીતે વીજચોરી વિરોધી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પીજીવીસીએલના મેનેજિંગ ડાયરેક્ટરના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ અને રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના સહયોગથી લાંબા સમયથી વીજ ચેકિંગને વિરોધ કરતા ગામોમાં સઘન ચકાસણી કરવામાં આવી હતી.સુદામડા, સાયલા, જાની વડલા, નાની મેલડી, થાન, આંકડિયા અને મોટા માત્રા સહિતના ગામોમાં વિશેષ ટીમો દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. આ અભિયાનમાં પીજીવીસીએલની ૧૬૪ ટુકડીઓ સાથે ૩૨૧ સ્થાનિક પોલીસ જવાનો, ૩૫ જીયુવીએનએલ પોલીસ તથા ૪૨ એસ.આર.પી. જવાનો જોડાયા હતા. બંને જિલ્લા પોલીસ અધિક્ષકોએ સ્થળ પર હાજર રહી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. અભિયાન દરમ્યાન કુલ ૧૧૪૭ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવી હતી. તેમાં ૩૨૭ જોડાણોમાં ગેરરીતિ મળી આવતા કુલ રૂ. ૨ કરોડ ૨૮ લાખની વીજચોરી પકડી પાડવામાં આવી હતી. ઉપરાંત ૨૪.૬૬ કિલોમીટર લાંબા ગેરકાયદે કેબલ અને એક પ્રાઈવેટ ટ્રાન્સફોર્મર કબજે કરવામાં આવ્યા હતા.

| સર્કલ મુજબ બાકી વસૂલાત | |
|---|---|
| જામનગર | રૂ.૮૮.૭૧ કરોડ |
| સુરેન્દ્રનગર | રૂ.૭૫.૮૨ કરોડ |
| રાજકોટ (સિટી) | રૂ.૭૪.૯૪ કરોડ |
| ભાવનગર | રૂ.૪૬.૫૫ કરોડ |
| મોરબી | રૂ.૫૩.૭૧ કરોડ |
| જૂનાગઢ | રૂ.૩૪.૯૮ કરોડ |

# માર્ગ અકસ્માતો નિવારવા આજથી ૧૫ દિવસ ટ્રાફિક ડ્રાઈવ: ડીજીપીનો આદેશ

## વધતા જતા માર્ગ અકસ્માતોને રોકવા પોલીસ વડાનું સ્તુત્ય પગલું દૈનિક કામગીરીનો રિપોર્ટ વડી કચેરીએ રજુ કરવા પડશે

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ચિંતાજનક હદે વધી રહ્યું છે દરમિયાન રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવે રાજ્યભરમાં આજથી એક પખવાડીયા સુધી ખાસ ટ્રાફીક ડ્રાઈવ ચલાવવા આદેશ આપ્યા છે. દરેક જિલ્લા અને મહાનગરોમાં કરવામાં આવેલી કામગીરીનો દૈનિક રિપોર્ટ આપવા પણ સુચના આપવામાં આવી છે.

ગુજરાતમાં વધતા જતા માર્ગ અકસ્માતોને અંકુશમાં લેવા માટે રાજ્યના ડીજીપી કેએલએનરાવ દ્વારા આજથી ૧૫ દિવસ સુધી ટ્રાફિક પોલીસની ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. તમામ જિલ્લા પોલીસ વડા અને પોલીસ કમિશનરોને સુચના આપી ટ્રાફિક પોલીસની ડ્રાઈવ દરમિયાન ડ્રન્ક એન્ડ ડ્રાઈવ, ઓવર પેસેન્જર, રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ, નંબર પ્લેટ વગરના વાહનો, કાળા કાચ, હેલ્મેટનો અભાવ, ગેરકાયદેસર એલઈડી લાઈટ,અનધિકૃત પાર્કિંગ સહિતના ટ્રાફિક ભંગ સામે કાર્યવાહી કરાશે ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે આકરા પગલાં લેવામાં આવનાર છે.હેલ્મેટ અને વાહનના કાગળો તૈયાર રાખજો, ૧૫ દિવસ સુધી ટ્રાફિક ડ્રાઈવ ચાલશે.

વધુ વિગત મુજબ રાજ્યમાં આગામી ૧૫ દિવસ સુધી ટ્રાફિક પોલીસની ઝુંબેશ હાથ ધરાશે. જે અંતર્ગત રાજ્યના પોલીસ વડા કે એલએન રાવ દ્વારા ટ્રાફિક ઝૂંબેશ ચલાવવા માટે તમામ પોલીસ કમિશનર અને એસપીને સૂચના આપવામાં આવી છે. કામગીરીનો દૈનિક રીપોર્ટ વડી કચેરીને મોકલવાનો આદેશ કરાયો છે. વધતા જતા માર્ગ અકસ્માતોને અંકુશમાં લેવા માટે નિર્ણય લેવાયો છે. ટ્રાફિક પોલીસની ડ્રાઈવ દરમિયાન ડ્રન્ક એન્ડ ડ્રાઈવ, ઓવર પેસેન્જર, રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ, નંબર પ્લેટ વગરના વાહનો, કાળા કાચ, હેલ્મેટનો અભાવ, ગેરકાયદેસર એલઈડી લાઈટ,અનધિકૃત પાર્કિંગ સહિતના ટ્રાફિક ભંગ સામે કાર્યવાહી કરાશે. રાજ્યભરમાં આજથી ૧૫ દિવસ સુધી ટ્રાફિક પોલીસની વિશેષ ઝૂંબેશ રાજ્યભરમાં વધતા માર્ગ અકસ્માતોને ધ્યાનમાં રાખીને આજથી ૧૫ દિવસ સુધી ટ્રાફિક પોલીસ દ્વારા વિશેષ



ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. રાજ્યના પોલીસ કમિશનર તેમજ જિલ્લા પોલીસ વડાઓને કડક સૂચના આપવામાં આવી છે કે કામગીરીનો દૈનિક રિપોર્ટ વડી કચેરીને મોકલવામાં આવે. આ અભિયાન દરમિયાન ડ્રન્ક એન્ડ ડ્રાઈવ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ અને કાળા કાચ જેવા ગુનાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ ગેરકાયદે પાર્કિંગ, ગેરકાયદે એલઈડી લાઈટ લગાવનાર અને નંબર પ્લેટ વગરના વાહનો સામે પણ દંડાત્મક પગલાં લેવામાં આવશે. ટ્રાફિક નિયમોનું કડક પાલન થાય અને અકસ્માતોમાં ઘટાડો થાય તે માટે આ ઝૂંબેશ અમલમાં મુકાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સફેદ એલઈડી લાઈટના કારણે વાહન ચાલકો રાત્રે દરમિયાન અંજાઈ જતા હોવાના કારણે જીવલેણ માર્ગ અકસ્માતો સર્જાય છે. જેને ધ્યાનમાં રાખી આરટીઓ દ્વારા છેલ્લા ઘણા દિવસોથી અનઅધિકૃત વ્હાઈટ એલઈડી લાઈટ હટાવવા માટે ખાસ ઝુંબેશ સ્વરૂપ કરવામાં આવી છે. બીજી તરફ આજથી રાજ્ય વર્મા પોલીસ વડાના આદેશ બાદ પોલીસ દ્વારા ખાસ ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરી દેવામાં આવી છે માર્ગ અકસ્માતોને ઘટાડવા પર વાર મુકવામાં આવી રહ્યો છે.

આજથી ફરી પોલીસ દ્વારા હેલ્મેટ પહેર્યા વિનાના વાહન ચાલકોને રોકી તેઓની પાસેથી દંડ વસૂલ કરવાની કામગીરી પણ જોરશોરથી શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત લાઈસન્સ વિના વાહન ચલાવતા ટીનેજરો સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવનાર છે. સરકારી કચેરીઓ શાળા કોલેજોમાં ફરીથી ટ્રાફિક ગાયબ અંતરગત હેલ્મેટ ઝુંબેશ પણ શરૂ કરવામાં આવે તેવી શક્યતા નકારી શકાતી નથી. એક પખવાડિયા સુધી ચાલનારી આ ડ્રાઈવ અંતર્ગત દરેક જિલ્લા અને શહેરના થયેલી કામગીરીનો રિપોર્ટ જિલ્લા પોલીસ વડાને આપવાનો રહેશે.

# વસ્તી ગણતરીની કામગીરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા અધિકારીઓને તાકીદ



## એપ્રિલ-મે માં પ્રથમ તબકકામાં ઘર યાદી અને આવાસ ગણતરી કરાશે

**અબતક, રાજકોટ**

ભારત સરકારના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરની કચેરી દ્વારા આયોજિત વસતી ગણતરી-૨૦૨૭ના પ્રથમ તબક્કાની તૈયારીઓ અંતર્ગત ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર્સની વિશેષ બેઠક મુખ્ય સચિવ એમ.કે.દાસના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે યોજાઈ હતી.

મુખ્ય સચિવ એમ.કે.દાસે જણાવ્યું હતું કે, વસતી ગણતરી-૨૦૨૭ ચોકસાઈ, પારદર્શિતા અને ડિજીટલ ગવર્નન્સમાં બેન્ચમાર્ક સ્થાપિત કરશે. ભારતની વસતી ગણતરી દેશનો સૌથી મોટો અને મહત્વનો વહીવટી કાર્યક્રમ છે. વર્ષ ૨૦૨૭ની વસતી ગણતરી અત્યંત મહત્વની છે કારણકે દરેક નીતિ નિર્ણય માટે આ આંકડા આપણા રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે જરૂરી બનશે. રાજ્યના શહેરી વિસ્તારોમાં વસતી ઝડપથી વધી રહી હોવાના કારણે આગામી વિકાસલક્ષી કાર્યોમાં આ વસતીના આંકડા પાયારૂપ સાબિત થશે. અગાઉ આ પ્રક્રિયામાં ૩ થી ૪ વર્ષ લાગતા હતા એવી ગણતરીમાં ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ થવાથી આ પ્રક્રિયાને વેગ મળશે.

એમ.કે.દાસે ઉમેર્યું કે, વસતી ગણતરી-૨૦૨૭ એ માત્ર વૈધાનિક પ્રક્રિયા નથી પરંતુ એવો પાયો છે જેના પર રાષ્ટ્રના ભવિષ્યનું આયોજન, જનહિતલક્ષી યોજનાઓના લક્ષ્યાંક અને વિકાસલક્ષી વ્યૂહરચનાઓ નિર્ભર રહેશે. જેમાં રાજ્યના દરેક જિલ્લા તેમજ શહેરી કક્ષાએ જવાબદારી સાથે ઝીણવટભર્યું આયોજન હોવું આવશ્યક છે. રાજ્ય સરકાર સર્વોચ્ચ વહીવટી સજ્જતા સાથે વસતી ગણતરી-૨૦૨૭ સુપેરે પાર

(અનુ. આઠમા પાને)

# ગિફ્ટ સિટીથી શાહપુર સુધી મેટ્રો રેલ કોરિડોર વિસ્તરણને મંજૂરી

## ૩.૩૩ કિલોમીટર લાંબા વિસ્તરણ સાથે ત્રણ એલિવેટેડ સ્ટેશનો શરૂ થશે: ચાર વર્ષમાં આ રૂટ પૂર્ણ કરવાનું આયોજન

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નવી દિલ્હીમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ગિફ્ટ સિટીની કનેક્ટિવીટી વધુ સુગમ બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરીને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના હાલના નોર્થ-સાઉથ કોરિડોરના વિસ્તરણને મંજૂરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી સ્થપાયેલા અને વિશ્વભરમાં ફિનટેક હબ તરીકે ખ્યાતિ મેળવી રહેલા ગિફ્ટ સિટીમાં મલ્ટિનેશનલ ફિનટેક કંપનીઓ સહિત ગિફ્ટ સિટીમાં કાર્યરત એકમો, શૈક્ષણિક સંસ્થાઓ અને વ્યાપારી કેન્દ્રો તથા અમદાવાદ અને ગિફ્ટ સિટી વચ્ચે દૈનિક મુસાફરી કરતા નાગરિકોને આ કનેક્ટિવિટીનો લાભ આપવા માટે વડાપ્રધાન અને કેન્દ્રીય કેબિનેટનો આભાર માન્યો છે.

વર્તમાન સ્થિતિએ ગુજરાત મેટ્રોના ૬૮.૨૮-કિમી અમદાવાદ મેટ્રો ફેઝ- એપીએમસીથી મોટેરા સ્ટેડિયમ (નોર્થ-સાઉથ કોરિડોર) અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ (ઈસ્ટ-વેસ્ટ કોરિડોર) અને ફેઝ-II (મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર અને જીએનએલયુથી ગિફ્ટ સિટી), કુલ ૫૩ સ્ટેશનો સાથે સપ્ટેમ્બર-૨૦૨૨ (ફેઝ-I) અને જાન્યુઆરી-૨૦૨૬ (ફેઝ-II) થી સફળતાપૂર્વક કાર્યરત કરવામાં આવ્યા છે. તેનો લાભ દરરોજ

(અનુ. આઠમા પાને)

# નકલીની બોલબાલા: ત્રણ વર્ષમાં ૪૨ નકલી અધિકારીઓ ઝડપાયા

## નકલી મોડલથી ગુજરાતનું વહીવટી તંત્ર બન્યું લકવાગ્રસ્ત: કોંગ્રેસ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં એક બાદ એક નકલી અધિકારીઓ અને નકલીઓનો કારોબાર ભાજપ શાસનમાં ધમધોકાર ચાલી રહ્યો છે. નકલીઓ દ્વારા નાગરિકોને લુંટવાના બેફામ કારનામાંઓને રોકવામાં નાકામ ભાજપ શાસકો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નકલી અધિકારી બની ગઠીયાઓ પ્રજાને સરેઆમ લુંટી રહ્યાં છે. રાજ્યમાં જાણે કાયદો વ્યવસ્થા કે પોલીસતંત્રની જરાય ડર જ ન હોય તેમ સરકારી કામો કરી આપવા, પ્રમોશન આપવા અને અપાવવા, ટેન્ડર આપવવા, આરોપીઓને છોડી મુકવા સહીતની નીતનવી મોડેસ ઓપરેન્ડીઓ થકી ગુજરાતીઓને છેતરતી 'ઠગ કંપની' બેફામ બની છે. જાણે નકલીઓનું તંત્ર અસલી કરતા વધુ અસરકારક હોય અને 'નકલી મોડેલ'એ તંત્રને લકવાગ્રસ્ત કર્યું હોય એમ બનાવટી અધિકારીઓ છાકટા બની નાગરિકોને લુંટી રહ્યાં. નકલી કસ્ટમ અધિકારી, ડેપ્યુટી કલેક્ટર,આઈપીએસ, સીબીઆઈ અધિકારી,સીઆઈડી અધિકારી, કેન્દ્રીય એજન્સી અધિકારી, ગૃહમંત્રાલયનો અધિકારી, શાળામાં લોકો ભોગ બન્યા છે. ગુજરાતમાં સતત ડિજીટલ અરેસ્ટની ઘટનાઓ વધી રહી છે બીજી બાજુ નકલી ગઠીયાઓ બેફામ બન્યા છે, પ્રજાને તો જાણે 'સુડી વચ્ચે સોપારી' જેવો ઘાટ છે. ગુજરાતમાં કરોડોના કૌભાંડના અસલી ખેલાડી કોણ ? સંડોવાયેલા સાચા ખેલાડીઓ બેનકાબ ક્યારે થશે.

છેલ્લા ત્રણ વર્ષમાં ૪૨થી વધુ નકલી અધિકારીઓ પકડાયા. સુરતના વરાછા પાસેથી નકલી કસ્ટમ અધિકારી હિમાંશુ રાય, અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના સાઠંબાના ઈન્દ્રમમાંથી પ્રકાશ નાઈ નામનો નકલી ડે.કલેકટર, સુરેન્દ્રનગર પાલિકાનો ભાજપનો કોર્પોરેટર નકલી સીબીઆઈ અધિકારી હિતેશ્વરસિંહ મોરી, ભાજપના નેતાઓ સાથેના ફોટા બતાવી લુટ ચલાવતો નકલી કેન્દ્રીય એજન્સી અધિકારી ભરત છાબડા, સુરતના કામરેજથી નકલી આઈપીએસ પ્રદીપ પટેલ, સુરતમાં મહિલાઓને પજવણી કરતો નકલી સીઆઈડી અધિકારી તરુણ ભટ્ટ, યુનીવર્સીટી રોડથી નકલી ગૃહમંત્રાલયનો અધિકારી સૌરીશ ઘોષ, કરાઈમાં ટ્રેનીગ લેતો નકલી પીએસઆઈ મયુર તડવી, ભાજપના મોટા નેતાઓ સાથેના ફોટા બતાવતો નકલી પીએમઓ અધિકારી કિરણ પટેલ, સંજય શેરપુરિયા, નકલી સીએમઓ અધિકારી લવકુશ દ્વિવેદી જેના

(અનુ. આઠમા પાને)

# ભાવનગર-મુંબઈ વચ્ચે ૨૯મી માર્ચથી દૈનિક બે ફ્લાઈટ ઉડશે: આજથી બુકીંગ

## કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાના પ્રયાસોને સફળતા સાંપડી: સવારે અને સાંજે ફ્લાઈટ ઉડાન ભરશે

**અબતક, રાજકોટ**

ઔદ્યોગિક દ્રષ્ટિએ મહત્વનું એવા ભાવનગર ખાતેથી મુંબઈની ડાયરેક્ટ ફ્લાઈટ તકનીકી કારણોસર છેલ્લા ઘણા સમયથી બંધ હતી. સ્થાનિક લોકોની માંગણી અને લાગણીને ધ્યાને લઈને કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા એ કેન્દ્રીય ઉડ્ડયનમંત્રીને કરેલી રજૂઆતને સફળતા મળી છે. આગામી તા.૨૯ માર્ચથી ભાવનગરથી મુંબઈની ડાયરેક્ટ ફ્લાઈટ પુનઃશરૂ થશે. જેનું આજથી બુકીંગ શરૂ થયું છે. જેનો નાગરિકોને લાભ લેવા મંત્રીએ અપીલ કરી છે.

ભાવનગર શહેરમાં ઉડાન યોજનાનો સમયગાળો પૂર્ણ થતાં બંધ થયેલી હવાઈ સેવાઓ ફરી શરૂ થવા જઈ રહી છે, જે અંતર્ગત ભાવનગરને મુંબઈ સાથેની સીધી એર કનેક્ટિવિટી પુનઃપ્રાપ્ત થશે. ભાવનગરને સુચારૂ હવાઈ સુવિધા મળે તે માટે ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ સઘન પ્રયાસો કર્યા હતા. જેના પરિણામે આ સફળતા મળી છે.

મંત્રીએ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે.આર. નાયડુને રૂબરૂ રજૂઆત કરી હતી. કેન્દ્રીય રાજ્ય મંત્રી, નાગરિક ઉડ્ડયન મંત્રી મુરલીધર મોહોલ સાથે તથા વિવિધ એર લાઈન્સ સાથે તબક્કાવાર બેઠકો યોજી હતી.

કેન્દ્ર સરકારના સકારાત્મક વલણ અને દિશા-નિર્દેશોને પગલે ઈન્ડિગો એર લાઈન્સ દ્વારા ૨૯ માર્ચથી ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે દૈનિક બે ફ્લાઈટ શરૂ કરવાનો

(અનુ. આઠમા પાને)




માહિતી/૨૦૨૫-૨૬/૧૭૫૫


# દેશના આર્થિક વૃદ્ધિ દર કરતા ગુજરાતનો વિકાસ ૧ ટકા જેટલો વધુ!

## છેલ્લા ૧૩ વર્ષમાં ગુજરાતે સરેરાશ ૮.૩ ટકાના વાસ્તવિક આર્થિક વૃદ્ધિ દર હાંસલ કર્યો છે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે તેની નાણાકીય શિસ્ત, લાંબાગાળાનું આયોજન અને જનહિતલક્ષી અભિગમ દ્વારા દેશના સૌથી વિકસિત રાજ્ય તરીકેનું પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે. રાજ્યના સર્વાંગી વિકાસ અને કલ્યાણકારી યોજનાઓને વેગ આપવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સતત કાર્યરત છે.

નાણા વિભાગ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ નોંધપાત્ર રીતે વધુ રહ્યો છે. દેશનો આર્થિક વૃદ્ધિદર સરેરાશ ૬.૫ ટકાથી વધુ છે, જેની સામે ગુજરાતનો આર્થિક વૃદ્ધિ દર ૭.૪ ટકા નોંધાયો છે. આટલું જ નહીં, વર્ષ ૨૦૧૨-૧૩ થી ૨૦૨૪-૨૫ સુધીના ૧૩ વર્ષના લાંબાગાળામાં ગુજરાતે સરેરાશ ૮.૩ ટકાનો વાસ્તવિક આર્થિક વૃદ્ધિ દર હાંસલ કર્યો છે.

આ ઉપરાંત નાણા મંત્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં રાજ્ય સરકારે નાણાકીય વ્યવસ્થાપનમાં પણ મજબૂત શિસ્ત જાળવી છે. નાણાકીય જવાબદારી અને અંદાજપત્ર વ્યવસ્થાપન અધિનિયમ મુજબ રાજ્યના કુલ એકંદર ઘરગથ્થું ઉત્પાદનના સાપેક્ષમાં જાહેર દેવાનું પ્રમાણ ૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવાનું હોય છે.

આ મર્યાદાની સામે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૬-૨૭માં જાહેર દેવાનું પ્રમાણ માત્ર ૧૪.૬૫ ટકા જેટલું નીચું રાખવાનું આયોજન કરીને ઉત્કૃષ્ટ નાણાકીય વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજ્ય સરકારનું દેવું એ રાજ્યના વિકાસકાર્યો અને મૂડી ખર્ચ માટેનું એક મહત્વપૂર્ણ સંસાધન છે, જેનો ઉપયોગ જનહિતના કામો માટે કરવામાં આવે છે.

ગુજરાત સરકારના બજેટમાં સિંહફાળો વિકાસલક્ષી કાર્યો પાછળ ખર્ચવામાં આવે છે. નાણા મંત્રીશ્રીએ રજૂ કરેલા વર્ષ ૨૦૨૬-૨૭ના કુલ રૂ. ૪ લાખ કરોડથી વધુના બજેટમાંથી રૂ.૨.૬૨ લાખ કરોડથી વધુ એટલે કે, લગભગ ૬૫ ટકાથી વધુ બજેટ વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવવામાં આવ્યું છે, જેથી રાજ્યના નાગરિકોની જનસુખાકારીમાં વધારો કરી શકાય. ગુજરાત સરકારે છેલ્લા પાંચ વર્ષમાં વિકાસલક્ષી ખર્ચનું પ્રમાણ સતત જાળવી રાખીને જનતાના કલ્યાણને પ્રાધાન્ય આપ્યું છે.

રાજ્યમાં કુદરતી આફતોના સમયે નાગરિકોની સુરક્ષા માટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ ભંડોળ હેઠળ કુલ રૂ.૮,૧૫૧ કરોડથી વધુની સહાય મળી છે. જેમાં, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ હેઠળ રૂ.૫,૮૫૨.૮ કરોડ, સ્ટેટ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ હેઠળ રૂ.૧,૧૪૧.૪૦ કરોડ, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ હેઠળ રૂ. ૧,૦૭૬.૨૩ કરોડ અને નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન ફંડ હેઠળ રૂ.૮૦.૮૮ કરોડની સહાય રાજ્ય સરકારને મળી છે.

ગુજરાત તેની મર્યાદિત દેવાકીય જવાબદારીઓ, ઊંચા વૃદ્ધિ દર અને મોટા પાયે થતા વિકાસલક્ષી ખર્ચને કારણે આજે રાષ્ટ્રનું ગ્રોથ એન્જિન બન્યું છે.